# હિંદુસ્તાનનું ર

## સંખ્યાબંધ નકશાઓ વ
## રૂપરેખાઓ અને પ્રશ્ન

રચી પ્રસિદ્ધ કર્તા

**મોહનલાલ લક્ષ્મીદાર**

બી, એ; એર

પ્રોફેસર—બરોડા કૉલેજ

અને

**ચીમનલાલ જીભાઈ પ**

હેડમાસ્તર—એ. વી.

મહેલાવ—વડોદરે.

સંવત ૧૯૮૬. સને ૧૯૩૦.

# હિંદુસ્તાનનું સામ્રાજ્ય.

સંખ્યાબંધ નકશાઓ અને ક્રિયાત્મક
રૂપરેખાઓ અને પ્રશ્નો સહિત.

ગ્રંથ પ્રસિદ્ધકર્તા,
મોહનલાલ લક્ષ્મીદાસ શાહ.
બી, એ, એમ. એસસી.
પ્રોફેસર—બરોડા કૉલેજ-વડોદરા.
અને
ચીમનલાલ જીભાઇ પરિખ.
હેડમાસ્તર—એ. વી. સ્કુલ.
મહેલાવ—વડોદરા.



સને ૧૯૩૦.
સંવત ૧૯૮૬.
આવૃત્તિ ૧ લી.


કિંમત ૦—૪—૬

શાન્તિવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં ઈશ્વરલાલ કેશવલાલ અને
માણેકલાલ માધવજીએ છાપી. ઢીકવા ચોકી—અમદાવાદ.

# પ્રસ્તાવના.

ભૂગોળનો વિષય વ્યાપારિક તેમજ કેળવણીની દૃષ્ટિએ સામાન્ય જનતાને જાણવો આવશ્યક છે. હાલમાં યુનિવર્સિટિએ નવા કાનુનો પ્રમાણે તે વિષયની મહત્ત્વા સમજી વિદ્યાર્થીઓના અભ્યાસ ક્રમ માટે આ વિષયને બીજા વિષયો સાથે મહત્વનું સ્થાન આપેલું છે.

ભૂગોળનો વિષય વિદ્યાર્થીઓને ગોખાવવાનો હોઇ શકેજ નહિ. તેથી જો તેને નકશા સાથે શીખવવામાં આવે તો તેમને ગોખવાની જરૂર રહે નહિ, અને સંગીન જ્ઞાન થાય. એકજ નકશામાં બધી બાબતો હોવાથી નાના વિદ્યાર્થીઓને તે સમજવામાં ગુંચવાડો થાય તેથી આ પુસ્તકમાં વિષયવાર નકશાઓ ખાસ તૈયાર કરી આપવામાં આવ્યા છે, જેથી આ વિષય વધુ રસ વાળો થાય અને સંગીન જ્ઞાન થાય.

આ પ્રમાણે શીખવવાને ક્રિયાત્મક પદ્ધતિની ખાસ જરૂર છે. અને તેને માટે મેસર્સ મેકમીલન, મી. બી. સી. વૉલીસ, વગેરેઓએ આવાં પુસ્તકો અંગ્રેજીમાં બહાર પાડેલાં છે, તે ધોરણે ગુજરાતીમાં પણ શીખવવાને માટે ક્રિયાત્મક ભૂગોળ માગાની સીરીઝ મી. ચીમનલાલ જીભાઇ પરિખ તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલી છે, જેમાંનાં ઘણાં ખરાં પુસ્તકો મુંબઇ ઇલાકામાં, પશ્ચિમ હિંદ એજન્સીમાં અને વડોદરા રાજ્યની સેકન્ડરી સ્કૂલોમાં ચલાવવાને મંજુર થએલાં છે, પરંતુ વિદ્યાર્થીઓને બબે ચોપડીઓ લેવાનો ખર્ચ ભારે ન પડે તે સારૂ આ પુસ્તકમાં " ક્રિયાત્મક ભૂગોળ " ઉમેરી એકજ પુસ્તક જુજ કિંમતમાં વિદ્યાર્થી વર્ગના હિતને માટે તૈયાર કરવામાં આવ્યું છે. આ પુસ્તકની પદ્ધતિ બાળકના માનસને અનુસરીને છે. આ પદ્ધતિદ્વારા બાળકોને

વિવિધ પ્રકારની માહિતી આપી શકાશે, તેમજ ભૂગોળનું જ્ઞાન પણ સંગીન રીતે ફેલાવી શકાશે.

આ પુસ્તક શાળાઓના અભ્યાસ ક્રમને અનુસરીને તૈયાર કરવામાં આવ્યું છે. વળી તેમાં દેશની સ્વાભાવિક રચના, હવા, વરસાદ, પેદાશ, ઉદ્યોગ, વ્યાપાર, વસ્તી વગેરેની માહિતી, કેટલીક વનસ્પતિ અને ખનીજની વિશેષ હકીકત અને ઉપયોગ તથા બીજી કેટલીક જાણવા જેવી હકીકત આપવામાં આવી છે. વળી કૃતિના પ્રશ્નો ઉપરાંત પુસ્તકના છેવટના ભાગમાં ગઇ સાલના ટ્રેનિંગ કોલેજ અને વર્નાક્યુલર ફાઇનલની પરિક્ષામાં આવેલા પ્રશ્નો તથા મુંબાઇ યુનિવર્સિટિની મેટ્રિક્યુલેશન પરિક્ષાના પ્રશ્નો દાખલ કરવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓને ચાલુ જમાનાના પ્રશ્નોની પદ્ધતિ અને જવાબ આપવાની રીતની સમજ પડે. આધુનિક જમાનાને લગતા વિમાન વ્યવહાર વગેરે મહત્વની બાબતો આ પુસ્તકમાં સચિત્ર આપવામાં આવી છે. આવું સરળ ક્રિયાત્મક પદ્ધતિએ યુક્ત ગુજરાતી ભાષામાં અત્યાર સુધીમાં કોઇ પુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મુકવામાં આવ્યું હોય તો તે આજ છે.

આ પુસ્તકમાં આપેલા નદીઓની લંબાઇના, પર્વતોની ઉંચાઇના અને શહેરોની વસ્તીના આંકડાઓ ગોખાવવાના નથી પણ એક બીજાની સરખામણી કરવા માટે છે.

આ નવીન પદ્ધતિવાળા પુસ્તકથી વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને આ વિષય વધુ રસવાળો થઇ પડશે અને તેઓ વધુ સંગીન જ્ઞાન મેળવશે તો અમારો શ્રમ ફળીભૂત થયો માનીશું. આ પુસ્તકને અંગે વિષયમાં રસ લેનાર શિક્ષકો તથા સદ્‌ગૃહસ્થો તરફથી સુચનાઓ સાભાર સ્વિકારવામાં આવશે.

**વડોદરા.**

**એમ. એલ શાહ.**

તા. ૧–૪–૧૯૩૦

# અનુક્રમણિકા.

## હિંદુસ્તાનનું સામ્રાજ્ય ભા. ૨ જો.

### વિશેષ હકીકત.

## નકશાઓ.

તે ઉપરાંત હિંદુસ્તાનની રૂપરેષાના ૧૩ નકશા અને ૧ માર્ગોનો તથા ૧ દક્ષિણ હિંદુસ્તાનનો મળી ૧૫ રૂપ રેષાના નકશાઓ છે.

# હિંદુસ્તાનનું સામ્રાજ્ય.

## ( Indian Empire )

**હિંદુસ્તાન**—આપણે મુંબાઇ ઇલાકાની હકીકત શીખી ગયા. એવા ઘણા ઇલાકા અને પ્રાંતો મળીને દેશ થાય. મુંબાઇ ઇલાકો જે દેશમાં આવ્યો છે તે દેશને હિંદુસ્તાન કહે છે. તેમાં મુંબાઇ ઇલાકા જેવા બીજા ઇલાકા, પ્રાંતો, મોટાં દેશી રાજ્યો અને એજન્સીઓ આવેલી છે. આ બધાના ઉપરી ગવરનર જનરલ છે, તેમને વાઇસરૉય એટલે શેનશાહના પ્રતિનિધિ પણ કહે છે. ઇંગ્લાંડના રાજા તે આપણા શેનશાહ છે, ઇલાકાના અને પ્રાંતોના ગવરનરો વાઇસરૉયના તાબામાં છે.

મુસલમાનો આવ્યા તે વખતે આ દેશમાં હિંદુઓ વસતા હતા તેથી તેને **હિંદુસ્તાન** કહે છે. વળી ભરત રાજાના નામ ઉપરથી તેને **ભારતવર્ષ** કે **ભરતખંડ** અને આર્ય લોકો તેમાં વસતા હતા તે ઉપરથી તેને **આર્યાવર્ત** કહે છે. આ દેશની ત્રણ બાજુ પાણી હોવાથી તેને દ્વીપકલ્પ કહે છે. આ દેશની રચના એવી ચમત્કારિક છે કે તેમાં સૃષ્ટિની સર્વ શોભા, દેખાવ અને ઘણું કરીને સર્વ પ્રકારની વનસ્પતિ તથા હવા માલમ પડે છે.

[ દુનિયામાં અને એશિઆ ખંડમાં હિંદુસ્તાનની જગ્યા-હિંદુસ્તાન ઉત્તર અક્ષાંસ ૮ થી ૨૯ અને પૂર્વ રેખાંસ ૬૭ થી ૯૭ વચ્ચે આવેલો છે. તે **એશિઆ** ખંડ[૧]ની દક્ષિણે જે ત્રણ દ્વીપકલ્પો આવેલા છે તેમાંનો વચલો દ્વીપકલ્પ હિંદુસ્તાન છે. તે એશિઆખંડની છેક દક્ષિણ સુધી આવેલો છે. ]

---

૧ ખંડ—ઘણા દેશો મળી થએલા જમીનના મોટા ભાગને ખંડ કહે છે.

**ટીપ**—ઝીણા અક્ષરો તથા કૌંસમાં આપેલી હકીકત જરૂર હોય તોજ વિદ્યાર્થીઓને વંચાવવી.

# સીમા, આકાર, ક્ષેત્રફળ, વસ્તી, ભૂપૃષ્ટ અને કુદરતી વિભાગ.

**સીમા**—આ દેશની ઉત્તરે હિંદુકુશ, કારાકોરમ અને હિમાલય પર્વતો આવેલા છે. તેઓ પરદેશી રાજાઓની સ્વારીઓથી આ દેશનું રક્ષણ કરે છે. પૂર્વે ચીન, હિંદીચીન અને બંગાળાનો ઉપસાગર છે. દક્ષિણે હિંદી મહાસાગર અને પશ્ચિમે અરબી સમુદ્ર તથા સુલેમાન અને હાલા પર્વત આવેલા છે. અને તેની પેલી બાજુ ઇરાન તથા અફઘાનિસ્તાન આવેલા છે.

[ આ ખંડના ઉત્તરના અડધા ભાગમાં ઘણા ઉંચા દુર્ઘટ પર્વતો આવેલા છે અને દક્ષિણના અડધા ભાગમાં સમુદ્ર આવેલો છે તેથી કોઈપણ પરદેશી રાજાથી એકદમ ચઢી અવાય તેમ નથી. ]

**આકાર અને ક્ષેત્રફળ**—આ દેશનો આકાર ત્રિકોણ છે. તેનું દક્ષિણ બિંદુ તે તેનું શિખર છે અને હિમાલય પર્વત તેનો પાયો છે. તેની ઉત્તર દક્ષિણ લંબાઇ ૨૦૦૦ માઇલ છે અને પશ્ચિમથી પૂર્વ સુધીની પહોળાઇ ૨૫૦૦ માઇલ છે. આ દેશનું ક્ષેત્ર ફળ **અઢાર લાખ** ચોરસ માઇલ છે. એટલે મુંબાઇ ઇલાકાના કરતાં લગભગ નવ ઘણો મોટો છે.

[ તેમાં લગભગ દસ લાખ ચોરસ માઇલ ઇંગ્રેજ સરકારને તાબે છે. અને બાકીનામાં દેશી રાજ્યો અને સ્વતંત્ર રાજ્યો છે. ]

**વસ્તી**—આ દેશની વસ્તી ૩૨ કરોડ માણસની છે. જે પૃથ્વીની આખી વસ્તીનો પાંચમો ભાગ છે, અને મુંબાઇ ઇલાકા કરતાં લગભગ બાર ઘણી વધારે છે.

[ આ દેશની દર ચોરસ માઇલે સરેરાશ વસ્તી ૧૭૦ માણસની ગણાય. આ વસ્તીનાં છ કરોડ માણસ દેશી રાજ્યોમાં છે અને બાકીની ખાલસા મુલકમાં છે. વસ્તી પૈકી ૨૨ કરોડ હિંદુ, સાત કરોડ મુસલમાન, અને બાકીની ૪૫ લાખ ખ્રિસ્તિ, એક લાખ પારસી, અને પચીસ હજાર યાહુદી વગેરે છે. ]


સીમા, ભૂપૃષ્ઠ, કુદરતી
વિભાગ, કિનારો—
અખાત, સમુદ્ર, ભૂશિરો અને
સામુદ્રધુની
તિબેટ
હિમાલયનો ઉચ્ચપ્રદેશ
સિંધુ ગંગાનું મેદાન
મધ્ય અને
દક્ષિણનો
ઉચ્ચ
પ્રદેશ
ચીન
હિંદી
ચીન
બંગાળાનો
ઉપસાગર
અરબી સમુદ્ર
હિંદી
મહાસાગર
ઉંચાઈનું માપ
સમુદ્રની સપાટી
થી ૧૦૦૦ ફુટ
૧૦૦૦ થી ૬૦૦૦
૬૦૦૦ ઉપર
અંગ્રેજી માઈલોનું માપ
૦ ૧૦૦ ૨૦૦ ૩૦૦ ૪૦૦
કન્યાકુમારી
ભૂશિર
C.J.P.

# ભૂ પૃષ્ટ.

હિંદુસ્તાનની ભૂ રચના તપાસીએ તો આપણને માલમ પડશે કે તેનો ઉત્તરનો ભાગ એક પહાડી પ્રદેશ છે. તેને હિમાલય પર્વતનો ઉચ્ચ પ્રદેશ કહે છે. તે કાશ્મીરથી આસામ સુધી લગભગ ૧૯૦૦ માઇલ લાંબો અને ૨૦૦ માઇલ પહોળો, અને વધારેમાં વધારે લગભગ ૨૦૦૦૦ ફુટ જેટલો ઉંચો પહાડી પ્રદેશ છે. તેમાં આવેલા પર્વતો કિલ્લાની માફક હિંદુસ્તાનનું રક્ષણ કરે છે. આ પર્વતો ઓળંગી શકાય તેવા નથી તેથી જવા આવવા માટે તેમાં ખીણો છે તેમાં ખૈબરઘાટ અને બોલનઘાટ મુખ્ય છે, વળી આ પ્રદેશમાં સિંધુ, ગંગા, જમના અને બ્રહ્મપુત્રા વગેરે મોટી નદીઓનાં મૂળ આવેલાં છે. (૨) આ પહાડી પ્રદેશની દક્ષિણે સિંધુગંગાનો સપાટ પ્રદેશ છે જે લગભગ બે હજાર માઇલનું ફળદ્રુપ સપાટ મેદાન છે. આ મેદાનમાં સિંધુ અને ગંગા નદીઓ વહે છે તે ઉપરથી તેનુ નામ પડેલું છે. તે દરિઆની સપાટીથી ૯૦૦ ફુટની અંદરની ઉંચાઇએ છે, આ મેદાન હિમાલયમાંથી મોટી નદીઓએ ખેંચી આણેલા કાંપનું બનેલું છે અને તેમાં ઉત્તમ પાક થાય છે. ગંગા નદીના પ્રદેશમાં અનાજ ઉપરાંત શેરડી, અફીણ, ગળી, ચહા અને તેના મુખ આગળના ત્રિકોણ પ્રદેશમાં સણ પુષ્કળ થાય છે. આ ભાગ ફળદ્રુપ હોવાને લીધે તેમાં ઘીચ વસ્તી છે, તથા તેમાં મોટાં મોટાં શહેરો આવેલાં છે. સિંધુ અને ગંગાનાં મેદાનો વચ્ચે અરવલ્લી પર્વતનો ઉચ્ચ પ્રદેશ દિલ્હી સુધી આવી બન્ને મેદાનો વચ્ચે જળક્ષેપક પ્રદેશ બનેલો છે. આ મેદાનની દક્ષિણે **દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ** અને કિનારાનાં મેદાનો આવેલાં છે. (૩) દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ વિંધ્યાચળ પર્વત અને પશ્ચિમ ઘાટ તથા પૂર્વ ઘાટના પર્વતોના ત્રિકોણનો ઉચ્ચ પ્રદેશ છે. નિલગિરિ તે ત્રિકોણનું માથુ છે. વિંધ્યાચળ પાયો છે અને પશ્ચિમ અને પૂર્વ ઘાટ તેની બાજુઓ છે.

[ વિંધ્યાચળથી નિલગિરિની લંબાઈ લગભગ ૮૦૦ માઈલ છે. વિંધ્યાચળની સરાસરી ઉંચાઇ ૨૫૦૦ ફુટ તથા પશ્ચિમઘાટની સરાસરી ઉંચાઇ ૩૫૦૦ ફુટ તથા પૂર્વઘાટની સરાસરી ઉંચાઈ ૨૦૦૦ ફુટ છે. આ ત્રણે પર્વતોની વચ્ચે દક્ષિણના ઉચ્ચ પ્રદેશનું મેદાન છે. તેની સરાસરી ઉંચાઈ ૨૦૦૦ થી ૩૦૦૦ ફુટ છે. આ પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો છે. તેથી ત્યાંની નદીઓ પૂર્વ તરફ વહે છે. પશ્ચિમઘાટમાં થળઘાટ અને બોરઘાટની ખીણો આવેલી છે, પશ્ચિમઘાટના નિલગિરિથી કેપકેમોરીન સુધીના ભાગને અનમલાઈ અને કારડામમ પર્વતો કહે છે. ]

(૪) **કિનારાનાં મેદાનો**માં એક પશ્ચિમે સહ્યાદ્રિ અને દરિયા કિનારાની વચ્ચે લગભગ ૩૦ થી ૪૦ માઇલ પહોળું તથા બીજું પૂર્વે દરિઆ કિનારા અને પૂર્વઘાટની વચ્ચે લગભગ ૧૨૫ થી ૧૫૦ માઇલ પહોળુ એમ બે મેદાનો આવેલાં છે. એટલે ત્યાંની લાંબી નદીઓ પૂર્વ તરફ વહે છે. આ મેદાનોના કિનારાનો દરિયો ઘણો છાછરો છે. અને કિનારાનાં મેદાન દરિયાથી લગભગ ૬૦૦ ફુટની અંદરની ઉંચાઇએ છે. તે ઘાટોમાંથી ખેંચી આણેલી માટી અને કાંપનાં બનેલાં છે.

[ હિંદુસ્તાનના **જંગલના પ્રદેશો**-હિમાલય, આસામ અને બ્રહ્મદેશનાં જંગલો, તેરાઈ, સુંદરવન, અને મધ્ય હિંદુસ્તાનના ઉચ્ચ પ્રદેશનાં તથા પશ્ચિમઘાટનાં જંગલો છે. ]

ઉપર જણાવેલી ભૂ રચના ઉપરથી હિંદુસ્તાનના **કુદરતી ચાર વિભાગ** પડેલા છે. (૧) હિમાલય પર્વતનો પહાડી પ્રદેશ (૨) સિંધુગંગાનું મેદાન (૩) મધ્ય અને દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ (૪) કિનારાનાં મેદાન.

હિંદુસ્તાનના સામ્રાજ્યમાં **હિંદુસ્તાન, બલુચિસ્તાન** અને **બ્રહ્મદેશનો** સમાવેશ કરવામાં આવ્યો છે. **સિલોન** એ હિંદુસ્તાનનોજ ભાગ ગણાય છે.

## કિનારો–સમુદ્ર, અખાતો, ભૂશિરો, સામુદ્રધુની, બંદરો અને દ્વીપો.

**કિનારો**—કોઇપણ દેશ દરિયા કિનારે હોય તો તેથી દેશને ઘણોજ લાભ છે. કિનારાથી બીજા દેશ સાથે સહેલાઇથી સંબંધ થાય છે, અને મુસાફરી કરવામાં તથા માલ બીજા દેશમાંથી લાવવા તથા ત્યાં મોકલવામાં સસ્તુ અને સવડતા ભરેલું થઇ પડે છે. અને વેપારને ઘણો લાભ થાય છે. તેમજ દેશનું રક્ષણ થાય છે, અને હવાપાણીમાં પણ ઘણો લાભ થાય છે. ઉત્તમ કિનારો એટલે તેમાં પુષ્કળ ખાંચાખુંચી અને ઘણા અખાત ઉપસાગરો હોય અને સારાં બંદરો તથા નજીકમાં દ્વીપો હોય તો તેથી દેશને ઘણોજ લાભ થાય છે. હિંદુસ્તાનનો દરિયા કિનારો લગભગ ૪૦૦૦ માઇલ લાંબો છે પણ તે ઘણોખરો સીધો અને ખાંચાખુંચી વગરનો છે. કિનારે આવેલી જમીન ૬૦૦ ફુટ અંદરની ઉંચાઇવાળી સપાટ અને રેતાળ છે, અને ત્યાંનો દરિયો છાછરો છે. વળી તેના કિનારે ઘણા દ્વીપો ઘણાં સારાં બંદરો અને મોટાં શહેરો આવેલાં નથી તેથી વેપારને જોઇએ તેટલો સારો ફાયદો થતો નથી. ફક્ત કરાંચી, મુંબાઈ અને કલકત્તા ખરાં સારાં બંદરો છે. મદ્રાસમાં સારૂ બારૂં નથી. બ્રહ્મદેશનો કિનરો ખાંચાખુંચોવાળો છે પણ સ્ટીમરોને માટે નકામો છે. પશ્ચિમ કિનારાના દક્ષિણના અડધા ભાગને **મલબાર કિનારો** અને પૂર્વના દક્ષિણ ભાગને **કોરોમાંડળ કિનારો** કહે છે. કોરોમાંડળ કિનારાની ઉત્તરે **ઉત્તર સરકાર** અને તે પછી **આસામના કિનારા** આવેલા છે.

**સમુદ્ર, અખાત, ઉપસાગર**—હિંદુસ્તાનની દક્ષિણે **હિંદી મહાસાગર** આવેલો છે. અને તેનો જે ભાગ પશ્ચિમ કિનારે આવેલો છે તેને **અરબી સમુદ્ર** અને જે ભાગ પૂર્વમાં આવેલો છે તેને **બંગાળાનો ઉપસાગર** કહે છે. અરબી સમુદ્રમાં **કચ્છ** અને

**ખંભાતના અખાત**, દક્ષિણે **મનારનો અખાત**, અને બ્રહ્મદેશના દક્ષિણ કિનારે **માર્તાબાનનો અખાત** આવેલા છે.

ભૂશિરો-સિંધની પશ્ચિમે **મોંઝ** ભૂશિર હિંદુસ્તાનનું છેક પશ્ચિમ બિંદુ, કાઠીઆવાડની પશ્ચિમે જગત પોઇંટ અને દક્ષિણે **કેપકોમોરીન ( કન્યા કુમારી** ભૂશિર ) છેક દક્ષિણ બિંદુ છે. તે સિવાય ઓરિસાના કિનારા ઉપર **પાલમાયરા** ભૂશિર અને બ્રહ્મદેશને કિનારે **કેપનિગ્રેસ** આવેલી છે.

**સામુદ્રધુની**—પાકની સામુદ્રધુની મનારના અખાત અને બંગાળાના ઉપસાગરને જોડે છે.

**રામનો સેતુ**-(Adam's Bridge) રામેશ્વર અને મનારના બેટો વચ્ચે રામનો સેતુ છે, તે પરવાળાંની ટેકરીઓ અને રેતીનો બનેલો છે.

## કૃતિ.

૧ હિંદુસ્તાનના સામ્રાજ્યની પશ્ચિમે, ઉત્તરે અને પૂર્વે જે દેશો આવેલા છે તેમનાં નામ નકશામાં લખો.

૨ હિંદુસ્તાનની જે દીશામાં દરિઓ આવ્યો હોય ત્યાં તેનું તથા અખાતો અને ઉપસાગરનાં નામ લખો અને તેમાં ભુરો રંગ પુરો.

૩ હિંદુસ્તાનનું ક્ષેત્રફળ કેટલું છે તે અને તેની વધારેમાં વધારે લંબાઈ અને પહોળાઈ કેટલી છે તે નકશાની બાજુએ લખો.


૪ હિંદુસ્તાનના કુદરતી વિભાગ પાડી તેમાં તેમનાં નામ લખો.

૫ મલબાર કિનારો અને કોરોમાંડલ કિનારાનાં નામ લખો.

૬ બ્રહ્મ દેશના કિનારા ઉપર જે અખાત. ભૂશિર અને બંદર આવ્યાં હોય તેનાં અને હિંદુસ્તાનના દક્ષિણ અને પશ્ચિમ કિનારે જે સામુદ્રધુનીઓ અને ભુશિરો આવ્યાં હોય તેમનાં નામ લખો.

૭ ગંગાના પ્રદેશ અને સિંધુના પ્રદેશ વચ્ચે કયો પર્વત આવી તેમને જુદા પાડે છે અને જળ ક્ષેપક પ્રદેશ બનાવે છે તે જણાવો.

૮ દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઢાળ કઈ દિશાનો છે તે તથા તેમાં વહેતી નદીઓ કઇ દિશામાં વહે છે અને કયા અખાતમાં પડે છે તે જણાવો.


હિંદુસ્તાનનું સામ્રાજ્ય.
અંગ્રેજી માઈલોનું માપ.

**દ્વીપો**—હિંદુસ્તાનની દક્ષિણે **સિલોન** બેટ છે. તેને **સિંહલદ્વીપ** કે **લંકા** પણ કહે છે. ત્યાંના વતનીઓ સિંહાલી કહેવાય છે તે ઉપરથી તેને સિંહલદ્વીપ કહે છે. તેઓ તામીલ ભાષા બોલે છે અને બૌદ્ધધર્મ પાળે છે. તેમાં ઇંગ્રેજ સરકાર તરફથી સ્વતંત્ર ગવરનર રહે છે. તેનું મુખ્ય શહેર **કોલંબો છે.** તે બંદર છે. ત્યાંની પેદાશ ચોખા, નાળિએર, ચા, રબર, અને તેજાનો છે. ત્યાં પ્લંબેગો અને હીરાની ખાણો છે. હિંદુસ્તાન અને સિલોનની વચ્ચે **રામેશ્વર અને મનાર** બેટ છે. હિંદી મહાસાગરમાં મલબાર કિનારાની પશ્ચિમે **લક્ષદ્વીપ** અને **માલદ્વીપ** બેટો છે. લક્ષદ્વીપ મદ્રાસના ગવરનરને તાબે છે. માલદ્વીપમાં મુસલમાન રાજા છે અને તે સિલોનના ગવરનરને તાબે છે. લક્ષદ્વીપ એટલે લાખ ટાપુ અને માલદ્વીપ એટલે હજાર ટાપુ એવો અર્થ થાય છે. લક્ષદ્વીપ પરવાળાના ટાપુઓનો *સમુહ છે. આ બંન્ને બેટોની મુખ્ય પેદાશ અને નિકાસ નાળિએર છે. કોરોમાંડળ કિનારાની પૂર્વે બંગાળાના ઉપસાગરમાં **આંડામાન** અને **નિંકોબાર** બેટો છે. દેશનીકાલની સજાવાળા કેદિઓને આન્ડામાન મોકલવામાં આવે છે. ટીનાસરીમને કિનારે બ્રહ્મદેશને લગતા **મરગુઇદ્વીપોનો** સમુહ છે.

**બંદરો** અને તેની આસ પાસની દ્રવ્ય ભૂમિ[1]-પશ્ચિમ કિનારે **કરાંચી** અને **મુંબાઇ** છે. **કરાંચી** એ ઇંગ્લાંડથી હિંદુસ્તાનમાં પાસેમાં પાસેનું બંદર અને સિંધુ નદીનું ×બારૂં છે. આ બંદરેથી

---

* સમુદ્રમાં પરવાળાનાં ઝીણાં જીવડાં થાય છે, તે પોતાને રહેવા સારૂ મધપુડા જેવાં ઘર બાંધે છે તે વધીને મોટા ડુંગર અને બેટ થઈ જાય છે. પછી તેના ઉપર પક્ષીઓ અને માણસો આવીને વસે છે, તે પરવાળાના ટાપુ કહેવાય છે

૧ જે ભાગમાંથી માલ બંદરે આવે છે તે ભાગને તેની દ્રવ્ય ભૂમિ કહે છે.

× બારૂં એટલે જે બંદરમાં ચોમાસામાં વહાણો અને સ્ટીમરો સહી સલામત રહી શકે અને કિનારા સુધી આવી શકે તેવી સગવડતાને બારૂ કહે છે.




મુખ્યત્વે કરીને ઘઉં, રૂ, અને ઉન પરદેશ જાય છે. તે સિવાય તેલીબીયાં અને ચામડાં પણ જાય છે. (૧) ઘઉંનો ઘણો જથ્થો પંજાબમાંથી, ઉન પંજાબ અને કાશ્મીરમાંથી અને ઉંચા પ્રકારનું રૂ સિંધમાંથી આવે છે. **મુંબાઈ** એ હિંદુસ્તાનમાં પહેલા નંબરનું અને દુનિયામાંના ઉત્તમ બંદરોમાંનું એક બંદર અને બારૂં છે. હિંદુસ્તાનનો ઘણો ખરો માલ આ બંદરેથી પરદેશ જાય છે. અને આવે છે. આ બંદરેથી તેને લગતા (૨) વરાડ, મધ્ય પ્રાંતો અને ધારવાડમાં પુષ્કળ રૂ થાય છે તે રૂ તથા તે સિવાય ઘઉં, તેલીબીયાં, તમાકુ, કોફી અને ચામડાં વિગેરે પરદેશ જાય છે. આ બંદરનો પરદેશ સાથે લગભગ ત્રણ અબજ રૂપીઆ જેટલો વેપાર ચાલે છે. પૂર્વ કિનારે **મદ્રાસ** બંદર છે તે કુદરતી બંદર અને બારૂ નથી.

પણ કૃત્રિમ બારૂ કરવામાં આવ્યું છે. આ બંદરેથી મુખ્યત્વે તમાકુ, ગળી, ચામડાં અને તેલી બીયાં તેમજ રૂ, ચડે છે. ગંગાનદીના મુખ આગળ **કલકત્તા** બંદર છે. ગંગાનદીના ડેલ્ટામાં થતું શણ અને તેના બનાવેલા કોથળા આ બંદરેથી ચઢી આખી દુનિયાને પુરા પાડે છે. આ શહેરમાં શણની મીલો ઘણી છે. તે સિવાય (૩) સં. પ્રાંતો, બિહાર, બંગાળા અને આસામમાંથી અફીણ, ગળી, ચા, તેમજ ચોખા અને ચામડાં, આ બંદરેથી પરદેશ જાય છે. બીજું બંદર **ચિતાગાંગ** છે ત્યાંથી આસામનો ચા, ઇમારતી લાકડાં, અને ચોખા પરદેશ જાય છે **રંગુન** એ (૪) બ્રહ્મદેશનું મુખ્ય શહેર અને બંદર છે. ત્યાંથી પુષ્કળ ચોખા, પેટ્રોલીઅમ ( ઘાસ્તેલ ) અને કલઇ, રબર, સાગ અને ચા, પરદેશ જાય છે. આ બંદરોએથી દેશની નિકાસ અને આયાત થયા કરે છે. તે સિવાય બીજાં નાનાં બંદરો પશ્ચિમ કિનારે **રત્નાગિરિ, ગોવા, કારવાર** વિગેરે છે તેમાં વહાણો અને હોડીઓ ફરે છે તેમાં નાળિએર, મીઠુ, સુકાં માંછલાં, તેજાના અને કાથી ભરાય છે.

સિલોનમાં મુખ્ય બંદર **કોલંબો** છે. તે સ્ટીમરોને કોલસા લેવાનુ સ્થળ છે. ત્યાંની નીકાસ, રબર, કોપરેલ, તેજાના અને ચા છે.


## કૃતિ.

૧ હિંદુસ્તાનના દ્વીપોનાં નામ સાથેના નકશામાં લખો.

૨ સીલોન બેટ કોના તાબામાં છે તથા ત્યાંની પેદાશ કઇ છે તે લખો અને ત્યાંના લોકોનું વર્ણન કરો.

૩ પરવાળાના ટાપુઓ એટલે શું તે સમજાવો. હિંદુસ્તાનમાં એવા ટાપુઓ કયા છે અને તેની પદાશ શું છે તે જણાવો.

૪ સાથેના નકશામાં કરાંચી, મુંબાઈ, કલકત્તા, મદ્રાસ અને રંગુન બંદરોનાં નામ જેતે સ્થળે લખો અને તેમની દ્રવ્ય ભૂમના ભાગ જુદા પાડીને બતાવો.


હિંદુસ્તાનનું સામ્રાજ્ય.

૫ આ દ્રવ્ય ભૂમિના ભાગોમાં સામાન્ય રીતે કયા કયા દેશોનો સમાવેશ થાય છે તે જણાવો.

૬ ઉપરનાં પાંચે બંદરોએ કયા કયા ભાગમાંથી મુખ્યત્વે કરીને કયો માલ પરદેશ ચડાવવા સારૂ આવે છે તે જણાવો.

૭ કયા કયા બંદરેથી કયો કયો માલ કયા દેશમાં જાય છે તથા કયા દેશમાંથી કયો માલ ત્યાં આવે છે તે તે બંદરો આગળ લખીને જણાવો.

૮ બીજાં બંદરો કયાં કયાં છે અને ત્યાં મુખ્ય વેપાર શાનો ચાલે છે તે તે બંદરોનાં નામ યોગ્ય સ્થળે લખીને ત્યાં જણાવો.


૯ મુંબાઇ, કલકત્તા અને રંગુનની મુખ્ય નિકાશની ચીજો જણાવો અને તે ચીજોના પ્રકારમાં જે ફેર માલમ પડે છે તેનાં કારણો આપો.

## પર્વતો, નદીઓ, ધોધ, નહેરો અને સરોવરો.

### પર્વતો—

**હિમાલય**–હિંદુસ્તાનની ઉત્તરે **હિમાલય પર્વત** આવેલો છે. હિમાલય એટલે બરફનું સ્થાન. આ પર્વતની ટોચ ઉપર નિરંતર બરફ રહે છે તેથી તેને હિમાલય કહે છે. આ બરફ તેના ઢાળ અને ખીણોમાં ધીમે ધીમે નીચે ધસે છે તેને **હીમનદી*** કહે છે. દુનિયામાં તે ઉંચામાં ઉંચો પર્વત છે. અને તેમાં દુનિયામાં ઉંચામાં ઉંચાં શિખરો આવેલાં છે. આ પર્વતની સરાસરી ઉંચાઇ લગભગ ૨૦૦૦૦ ફુટ છે. અને તેની લંબાઇ લગભગ ૧૫૦૦ માઇલ છે અને પહોળાઇ ૨૦૦ થી ૨૫૦ ફુટ છે. તેનું ઉંચામાં ઉંચુ શિખર

* હીમ નદી એટલે બરફની નદી પર્વતની શિખર ઉપરનું બરફ પર્વતના ઢાળ અને ખીણોમાં થઇને ધીમે ધીમે નીચે ધસે છે તેને હીમ નદી કહે છે. તેની ગતિ ઘણીજ ધીમી એટલે એક દિવસમાં એકથી બે ફુટ જેટલી હોય છે.


દ્વીપો, બંદરો, પર્વતો
નદીઓ અને સરોવરો

**માઉન્ટ એવરેસ્ટ** અથવા **ગૌરીશંકર** ×( ૨૯૦૦૦ ફુટ ઉંચું ) છે. જે દુનિયામાં સૌથી ઉંચુ છે. તે સિવાય બીજાં શિખરો **નંદાદેવી** ( ૨૬૬૦૦ ), **કાંચન ગંગા** ( ૨૮૦૦૦ ), **ધવળગિરિ** ૨૬૮૦૦), અને **નાંગ પર્વત** ( ૨૬૦૦૦ ) છે. આ પર્વત ઉપર સર્વ પ્રકારની હવા તથા વનસ્પતિ માલમ પડે છે. તે એક દુનિયામાં મોટામાં મોટો જળક્ષેપક* પ્રદેશ છે. ( નદીઓની હકીકત જુઓ ) તેના ઉપર **કૈલાસ, માનસરોવર, ગંગોત્રી, બદરીનાથ** અને **કેદારનાથ** પવિત્ર સ્થાનો છે. તેમાં મુખ્ય હવા ખાવાનાં ઠેકાણાં મસુરી, સિમલા, નૈનીતાલ, દહેરાદુન અને દાર્જલીંગ છે, આ પર્વતમાં ઘણી મોટી નદીઓ નીકળે છે. એના કેટલાક નીચેના ભાગમાં મોટાં જંગલો છે તેને તેરાઇ કહે છે. ત્યાંનાં હવા પાણી સારાં નથી તેમજ તેમાં ફાડી ખાનારાં પશુ રહે છે.

**કારાકોરમ** અને **હિંદુકુશ** આબે ફાંટા હિમાલયની પશ્ચિમેથી નીકળી કાશ્મીરની સરહદે આવેલા છે. કારાકોરમનું મુખ્ય શિખર ગાંડવિન ઑસ્ટિન ( ૨૮૨૦૦ ) છે. **સુલેમાન પર્વત** હિંદુસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે આવેલો છે. તેમાં ખૈબર ઘાટ અને બોલન ઘાટની ખીણો આવેલી છે. તેનું મુખ્ય શિખર **તખ્તે સુલેમાન** ( ૧૧૩૦૦ ) છે, **હાલા અથવા કિરથાર** સિંધ અને બલુચિસ્તાનની વચ્ચે છે.

**અરવલી** રજપુતાનામાં ઉત્તર દક્ષિણ ગુજરાતની ઉત્તર સરહદથી દિલ્હી સુધી આવેલો છે તેનું ઉંચુ શિખર **આબુ** (૫૬૦૦)

---

× પર્વતોનાં નામ સાથે જે આંકડા આપ્યા છે તે તેની તેટલા ફુટની ઉંચાઈના છે. તે એક બીજા સાથે સરખામણી કરવા સારૂ છે. ગોખવાના નથી.

* **ટીપઃ**—જળક્ષેપક પ્રદેશ એટલે બે બાજુના ઢાળ વાળો જમીનનો ઉંચો પ્રદેશ કે જેની એક બાજુના ઢાળ તરફની નદીઓ તે દિશામાં વહે છે અને બીજી બાજુના ઢાળ તરફની નદીઓ તે બીજી દિશામાં વહે છે.

છે. તે હુવાખાવાનું સ્થળ અને શ્રાવકોનું જાત્રાનું સ્થાન છે. તેના ઉપર જૈનોનાં સુંદર દેલવાડાનાં દેવાલયો છે. **વિંધ્યાચળ** ૭૦૦ માઇલ લાંબો નર્મદા નદીની સરહદે ઉત્તરમાં આવેલો છે. આ પર્વતથી હિંદુસ્તાનના ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણ એવા બે ભાગ પડે છે. **સાતપુડા** વિંધ્યાચળની સમાંતર નર્મદાની દક્ષિણે આવેલો છે. તેના પૂર્વભાગને **મહાદેવ** અથવા **પચમંડીની ટેકરીઓ** કહે છે.

**દક્ષિણના પર્વતો—સહ્યાદ્રિ** અથવા **પશ્ચિમ ઘાટ** તાપી નદીની દક્ષિણેથી શરૂ થઇ પશ્ચિમ કિનારાની સમાંતર કિનારાથી આશરે ૩૦-૪૦ માઇલને અંતરે છેક કન્યાકુમારી ભૂશિર સુધી આવેલો છે. તે વધારેમાં વધારે ૨૦ માઇલ પહોળો છે. દક્ષિણની ઘણી ખરી મોટી નદીઓ આ પર્વતમાંથી નીકળેલા છે. આ પર્વત નૈરૂત્યના મોસમી પવનને આગળ જતો અટકાવે છે અને તેની પશ્ચિમે વરસાદ પુષ્કળ પડે છે. તેમાં ઉંચાં શિખર કળસુબાઇ (૫૪૦૦), મહાબળેશ્વર (૪૮૦૦), માથેરાન અને લોનાવલા હવા ખાવાના સ્થળ છે. મહાબળેશ્વરમાં ઉનાળામાં મુંબાઇના ગવર્નર સાહેબ હવાખાવા સારૂ જાય છે. **પૂર્વઘાટ**—પૂર્વ કિનારે કિનારાને સમાંતર કિનારાથી ૧૨૫-૧૫૦ માઇલને અંતરે આવેલો છે. તે પશ્ચિમ ઘાટ કરતાં ટુંકો અને નીચો છે. અને પશ્ચિમ ઘાટમાંથી નીકળેલી નદીઓ તેમાં ખીણો પાડીને વહે છે. **નિલગિરિ** પશ્ચિમ ઘાટ અને પૂર્વઘાટ દક્ષિણે જ્યાં મળે છે ત્યાં તેમની વચ્ચે આ પર્વત આવેલો છે. તેનાં ઉંચાં શિખર **દોડાબેટા** (૮૭૬૦) અને **ઉટાકામંડ** (૭૦૦૦) છે. ઉટાકામંડ પણ હુવાખાવાનું સ્થળ છે અને ત્યાં મદ્રાસના ગવર્નર સાહેબ ઉનાળામાં રહે છે. પૂર્વમાં **પતકાઇ** પર્વત અને તેની શાખાઓ **ખાસી, ગારો** અને નાગાની ટેકરીઓ છે. બ્રહ્મદેશમાં **આરાકાન યોમા** અને **પેગુયોમા** ઉત્તર દક્ષિણ આવેલા છે.

**ખીણો અથવા ઘાટ**—હિંદુસ્તાનના પશ્ચિમ અને ઉત્તરના દેશોમાં જવાને પર્વતની અંદર ખીણો પડી તેમાં રસ્તા પડેલા છે તેને

ઘાટ કહે છે. આવા ઘાટ વાયવ્ય સરહદ ઉપર અફઘાનિસ્તાનમાં જવાનો **ખૈબરઘાટ** ( ૩૩ માઇલ લાંબો છે ), બલુચિસ્તાનમાં જવાનો **બોલનઘાટ**, ઉત્તરે કાશ્મીરમાંથી ચીનાઇ તાર્તરીમાં જવાનો **કારાકોરમઘાટ** અને સિક્કીમથી તિબેટમાં જવાનો **જેલાપલાઘાટ** આવેલા છે.

## નદીઓ—

હિંદુસ્તાનમાં ઘણી નદીઓ છે. તેમાં સિંધુગંગાના પ્રદેશમાં ઘણી મોટી નદીઓ આવેલી છે. તે સિંધુના પ્રદેશનો ઢાળ દક્ષિણ તરફનો છે તેથી ત્યાંની નદીઓ દક્ષિણ તરફ વહે છે. ગંગાના પ્રદેશનો ઢાળ પૂર્વ તરફનો છે તેથી ત્યાંની નદીઓ પૂર્વ તરફ વહે છે. મધ્ય હિંદુસ્તાન અને ગુજરાતનો ઢાળ પશ્ચિમ તરફનો છે અને તેથી ત્યાં આવેલી નદીઓ પશ્ચિમ તરફ વહી ખંભાતના અખાતને મળે છે. દક્ષિણના ઉચ્ચ પ્રદેશનો ઢાળ પૂર્વતરફનો છે તેથી સહ્યાદ્રિની પૂર્વમાંથી નીકળેલી નદીઓ ઘણી લાંબી છે અને તે પૂર્વ તરફ વહે છે. સહ્યાદ્રિની પશ્ચિમેથી નીકળતી નદીઓ ઘણી નાની છે, કારણ દરીઆ કિનારો પાસે આવેલો છે. સિંધુગંગાના પ્રદેશમાંની મોટી નદીઓ **સિંધુ, ગંગા, જમના** અને **બ્રહ્મપુત્રા**નાં મૂળ હિમાલય પર્વતમાં આવેલાં છે. તે હિમાલયનું સઘળું પાણી અને કાંપ ખેંચી લાવે છે ઉનાળામાં પણ બરફના પાણીથી તે ઉભરાય છે. તેમાં સિંધુ અને બ્રહ્મપુત્રા હિમાલય પર્વતની ઉત્તરે કૈલાસ પર્વતની પાસેથી નીકળી એક પશ્ચિમ તરફ અને બીજી પૂર્વ તરફ વહી પછી દક્ષિણ તરફ વહે છે. ખરી રીતે આ નદીઓ ઉત્તર તરફ તિબેટમાં વહેવી જોઇએ પરંતુ તિબેટ એક ઉચ્ચ પ્રદેશ છે અને તેની અને હિમાલયની વચ્ચે ઉંડી ખીણ પડેલી છે તેથી તેમાં આ નદીઓ વહે છે, અને તિબેટના ઉચ્ચ પ્રદેશના દક્ષિણ ઢાળનું અને હિમાલયની ઉત્તરનું સઘળું પાણી આ બે નદીઓમાં થઇને હિંદુસ્તાનમાં આવે છે અને તે પ્રદેશોમાં ખેતીને ઘણું લાભદાયક થઇ પડે છે.

**સિંધુનદી**—(૧૮૦૦)× હિમાલયની ઉત્તરે આવેલા કૈલાસ પર્વતમાંથી નીકળી પશ્ચિમે ૮૦૦ માઇલવહી દક્ષિણ તરફ વળી કાશ્મીર, પંજાબ અને સિંધમાં થઇ અરબી સમુદ્રને મળે છે. તેને જેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલજ એ પાંચ નદીઓ મળે છે, તે ઉપરથી પંજાબ ( પાંચ નદીનો પ્રદેશ ) નામ પડેલું છે. પંજાબ અને સિંધમાં આ નદીઓમાંથી નહેરો કહાડી તેના પાણીથી ખેતી કરે છે. આ નદીમાં ચોમાસામાં હિમાલય પર્વત ઉપરનો બરફ ઓગળી તેના પાણીનું પુર આવે છે, તેથી ખેતી સારી થાય છે. સિંધમાં આ નદીનું પાત્ર વારંવાર બદલાય છે તેથી તેના ઉપર ઘણાં મોટાં શહેરો આવેલાં નથી. આ નદીના મુખ આગળ ત્રિકોણ પ્રદેશ (ડેલ્ટા)* બનેલો છે તેમાં ડાંગર થાય છે. આ નદીમાં ૯૦૦ માઇલ સુધી વહાણો ફરે છે.

**ગંગાનદી**—( ૧૫૬૦ ) †( તેનું બીજું નામ ભાગીરથી છે ) ગંગાનદી હિમાલયના ગંગોત્રી ડુંગરમાંથી નીકળી, સંયુક્ત પ્રાંતોમાં પૂર્વ તરફ વહી બંગાળામાં થઇ બંગાળાના ઉપસાગરને મળે છે. આ નદીને કલકત્તા આગળ હુગલી કહે છે. તેના મુખથી ૧૨૦૦ માઇલ સુધી તેમાં વહાણો ફરી શકે છે, આ નદીને હિંદુ લોકો પવિત્ર માને છે, અને આ નદી ઉપર મોટાં પવિત્ર શહેરો આવેલાં છે. આ નદીમાંથી અસંખ્ય નહેરો કરી તે વાટે તેનું પાણી સંયુક્ત પ્રાંતોમાં ખેતીના ઉપયોગમાં લે છે. વળી આ નહેરોમાં વહાણો

---

× આ આંકડા નદીની લંબાઇના છે. તે ગોખવાના નથી પણ એક બીજાની સરખામણી કરવા માટે છે.

* ડેલ્ટા △ નદીના મુખ આગળ તેના ફાંટા પડી ત્રિકોણ પ્રદેશ બને છે. તે તેણે ઘસડી આણેલા કાંપ અને કાદવનો બનેલો હોવાથી ફળદ્રુપ હોય છે. તેને ત્રિકોણ પ્રદેશ અથવા ડેલ્ટા કહે છે. ત્રિકોણને ગ્રીક ભાષામાં ડેલ્ટા કહે છે.

† ભગીરથ રાજાએ તેને સ્વર્ગમાંથી પૃથ્વીપર આણી તેથી તેનું નામ ભાગીરથી પડયું.

ચાલે છે. આ નદીના મુખ આગળ ૨૦૦ માઇલ પહોળો ત્રિકોણુ પ્રદેશ ( ડેલ્ટા ) બનેલો છે. તેના જંગલોમાં સુંદરી નામનાં ઝાડો ઉગે છે તેથી તેને **સુંદરવન** કહે છે. ગંગાનદીને ઉત્તરમાં ( ડાબી બાજુએ રામ ગંગા, ગોમતી, ઘોગરા, ગંડકી અને કુશી નદીઓ મળે છે. અને જમણી બાજુથી જમના અને સોણ મળે છે. **ચંબલ** અને **બટવા** વિંધ્યાચળમાથી નીકળી માળવાના ઉચ્ચ પ્રદેશમાંથી થઇ વહે છે તે જમનાને મળે છે. ગંગા અને તેને મળનારી નદીઓ હિમાલયમાંથી કાંપ અને ચગુ ખેંચીલાવી આ મેદાનમાં પાથરે છે ને તેથી તે ઘણું ફળદ્રુપ છે. આ નદી પવિત્ર ગણાય છે.

**જમના**—(૮૬૦) હિમાલયમાંથી નીકળી ગંગા નદીને અલ્હાબાદ ( પ્રયાગ ) આગળ મળે છે. જમણી બાજુએથી ચંબલ અને બટવા નદીઓ વિંધ્યાચળમાંથી નીકળી માળવાના ઉચ્ચ પ્રદેશમાં વહી તેને મળે છે. આ નદી પવિત્ર ગણાય છે અને તેના ઉપર દિલ્હી, મથુરાં, આગ્રા, અને અલ્હાબાદ મોટાં શહેરો આવેલાં છે. આ નદીમાંથી મોટી નહેરો કહાડેલી છે.

**બ્રહ્મપુત્રા** ( ૧૮૦૦ ) હિમાલયની ઉત્તરે માન સરોવર પાસેથી નીકળી પૂર્વ તરફ લગભગ ૯૦૦ માઇલ સુધી વહીગારો પર્વત આગળથી દક્ષિણ તરફ વળી આસામમાં વહી તેના બે ફાંટા થઇ એક ગંગા નદીને મળે છે તેને પદ્મા કહે છે. અને બીજો ફાંટો સુરમાને મળે છે તેને મેઘ્ના કહે છે. પછી તે બંગાળાના ઉપસાગરમાં પડે છે. આ નદી પર્વતમાંથી કાંપલાવી આસામની ખીણમાં પાથરી તેને ફળ દ્રુપ બનાવે છે. આ નદીમાં મુખ તરફ ૮૦૦ માઇલ સુધી વહાણો ફરે છે.

**મહી** (૩૫૦), **નર્મદા** (૮૦૦), અને **તાપી** (૪૪૦) ગુજરાતમાં આવેલી છે. **નર્મદા** અમરકંટક પર્વતમાંથી નીકળીને અને તાપી સાતપુડા પર્વતમાંથી નીકળીને ખંભાતને મળે છે.

**મહાનદી** (૫૫૦)–મધ્ય પ્રાંતમાંના મૈકલના ડુંગરમાંથી નીકળી કટક આગળ બંગાળાના ઉપસાગરને મળે છે. આ નદીમાંથી ઓરિસા પ્રાંતમાં નહેરો કહાડી છે, તેને ઓરિસાની નહેરો કહે છે. આ નદીના મુખ આગળ ડેલ્ટા બનેલો છે.

**ગોદાવરી** (૯૦૦)–આ નદી પશ્ચિમ ઘાટમાં આવેલા ત્ર્યંબકેશ્વરના ડુંગરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. તેના મુખ આગળ ડેલ્ટા બનેલો છે. દક્ષિણમાં લાંબામાં લાંબી નદી આ છે. તેમાંથી લગભગ ૨૬૦૦ માઇલ નહેરો ખોદવામાં આવી છે. હિંદુઓ આ નદીને પવિત્ર માને છે.

**કૃષ્ણા** (૮૦૦)–મહાબળેશ્વરના ડુંગરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. **ભીમા** અને **તુંગભદ્રા** નદીઓ તેને મળે છે. આ નદીના મુખ આગળ ડેલ્ટા બનેલો છે ત્યાં આગળ તેમાંથી નહેરો કહાડેલી છે, જેને **બેઝવાડાની** નહેરો કહે છે. તે લગભગ ૨૦૦૦ માઇલ છે.

**પન્નાર** (૩૫૦), અને **પુલાર** (૨૩૦)-મ્હૈસુરમાંથી નીકળી બંગાળાના ઉપસારને મળે છે.

**કાવેરી** (૪૬૦)–પશ્ચિમ ઘાટમાંથી કુર્ગ પાસેથી નીકળી મદ્રાસ ઇલાકામાં થઇ બંગાળાના ઉપસાગરને મળે છે. તેમાંથી મ્હૈસુરના રાજ્યમાં લગભગ ૧૦૦૦ માઇલ જેટલી નહેરો કહાડેલી છે. આ નદીમાં શ્રીરંગપટ્ટન અને સીવાસમુદ્રમ બેટો છે. સીવાસમુદ્રમ આગળ એક મોટો સુંદર ધોધ છે તે ૩૦૦ ફુટની ઉંચાઇએથી પડે છે. તેના બળથી વીજળી ઉત્પન્ન કરી તે વડે કોલરની સોનાની ખાણમાં અને મ્હૈસુર તથા બેંગ્લોર શહેરમાં દીવા કરવાનાં યંત્રો ચલાવે છે. વળી આ નદીનો કર્ણાટકના કિનારાના મેદાનનો ત્રિકોણાકાર વિશાળ પ્રદેશ છે. તે જમીન ઘણી રસાળ અને ફળદ્રુપ છે તેથી તેને **દક્ષિણ હિંદુસ્તાનનો બાગ** કહે છે.

## ધોધ.

ખાડા ટેકરાવાળા ઉચ્ચ પ્રદેશમાંથી વહેતી નદીઓમાં ઉંચાટેકરા ઉપરથી જોસબંધ નીચે પાણી પડે છે તેને **ધોધ** કહે છે. દક્ષિણના ઉચ્ચ પ્રદેશની નદીઓમાં આવા ધોધ ઘણા છે. તેમાં આખા હિંદુસ્તાનમાં મોટામાં મોટો ધોધ કાનડાજીલ્લામાં આવેલી શીરાવતી નદીમાં **ગેરસપ્પાનો** ધોધ છે. તે લગભગ એક હજાર ફુટની ઉંચાઇએથી પડે છે. બીજો બેલગામ જીલ્લામાં ઘટપ્રભા નદીમાં **ગોકાકનો ધોધ છે** તે ૧૫૦ ફુટની ઉંચાઇએથી પડે છે. કાવેરી નદીમાં સીવાસમુદ્રમ પાસેનો ધોધ ૩૦૦ ફુટની ઉંચાઇએથી પડે છે તેને **કાવેરીનો ધોધ** કહે છે. તે સિવાય નર્મદા નદીમાં **સુરપાણનો** ધોધ છે.

## નહેરો.

હિંદુસ્તાનની વસ્તીનો મોટો ભાગ ખેતી ઉપર પોતાનો નીભાવ કરે છે. આ ખેતીનો બધો આધાર વરસાદ ઉપર રહેલો છે. પણ દરેક સ્થળે જોઇએ તેટલો વરસાદ પડતો નથી, તેથી ઘણી જગ્યાએ કુવા તળાવના પાણી વડે અને નદીઓમાં નહેરો ખોદી તેના પાણી વડે ખેતી કરવામાં આવે છે, આવી નહેરો જુના વખતમાં પણ ઘણી હતી એમ માલમ પડે છે. જમના નદીની પૂર્વ પશ્ચિમ બાજુએ જે નહેરો છે તે જુની તાજી કરેલી છે. જમનાની નહેર શાહાંજહાંએ બંધાવી હતી.

હિંદુસ્તાનમાં વધારેમાં વધારે નહેરો પંજાબ, સિંધ, અને સંયુક્ત પ્રાંતોમાં છે. આ ભાગમાં વરસાદ ઘણો ઓછો પડે છે અને તેથી નહેરોના પાણીથી ખેતી કરવામાં આવે છે. હરદ્વારથી કાનપુર સુધી ૪૪૫ માઇલ લાંબી એક મોટી નહેર ખોદવામાં આવી છે. આ ભાગની જમીન ખેતી માટે ઉત્તમ પ્રકારની છે. આ જમીન પોચી અને સપાટ છે. અને તેમાં ઘણી નદીઓ હોવાથી ઉત્તમ પ્રકારની ખેતી થાય છે. દક્ષિણમાં પણ આવી નહેરો ઘણી છે. મદ્રાસ

ઇલાકામાં કુવા અને ખાડીઓના પાણીથી ઘણા ભાગમાં ખેતી કરવામાં આવે છે. કાલેરૂન, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, અને મહાનદીના મુખ આગળ ઘણી નહેરો ખોદેલી છે. તેમાં કૃષ્ણા નદીના ડેલ્ટામાંથી મદ્રાસની દક્ષિણ સુધી ૪૫૦ માઇલ લાંબી **બકિંગહામ નહેર, બેઝવાડાની નહેરો, ઓરિસાની નહેરો,** અને પુના તથા સોલાપુર **જીલ્લાની** નહેરો પ્રસિદ્ધ છે. હરદ્વારથી કાનપુર તથા બકિંગહામ વગેરે મોટી નહેરો જળમાર્ગ તરિકે ઘણા ઉપયોગમાં આવે છે, અને તેમાં વહાણો અને હોડીઓ માલની લાવજા કરે છે.

**દરીઆઇ નહેરો અથવા સરોવરો (Back waters)**

પશ્ચિમના મલબાર કિનારે અને કોચીન કિનારે કેટલીક નદીઓ તથા પાણીના વહેળા જે દરીઆમાં જાય છે તેનાં પાણી દરીઆની ભરતીને લીધે કિનારેથી પાછાં ઠેલાય છે, અને તે પાણી પુષ્કળ હોવાથી તે વહેળાઓમાંથી છલકાઇને બંન્ને બાજુ પથરાય છે અને સરોવર જેવાં બને છે. આ સરોવરોને એક બીજાની વચ્ચે નહેરો ખોદી જોડી દેવામાં આવ્યાં છે. આથી કરીને આખા કોચીન અને મલબાર કિનારે હોડીઓ ચાલે તેવો કુદરતી નહેરોનો જળમાર્ગ થએલો છે. તેમાં કિનારાનો ઘણો વેપાર ચાલે છે. આ જળમાર્ગને અંગ્રેજીમાં Back waters કહે છે.

## સરોવરો.

**વુલર** સરોવર કાશ્મીરમાં મીઠા પાણીનું ૫૦૦૦ ફુટની ઉંચાઇએ આવેલું સુંદર સરોવર છે. તેની આજુ બાજુનો કુદરતી દેખાવ ઘણો અલૌકિક છે. સંયુક્ત પ્રાંતોમાં **નૈનિતાલ** અને ગોદાવરી અને કૃષ્ણા નદીઓના મુખ વચ્ચે **કોલર** મીઠા પાણીનાં સરોવરો છે. રજપૂતાનામાં **સાંભર** ખારાપાણીનું સરોવર છે ત્યાં દર વર્ષે લાખો રૂપીઆનું મીઠું પકવે છે. મદ્રાસની ઉત્તરે **પુલીકટ** અને જગન્નાથ પુરી પાસે **ચિલકા** સરોવરો આવેલાં છે. ચિલકા સરોવર છાછરૂં

છે. તે ૪૦ માઇલ લાંબુ અને ૨૦ માઇલ પહોળુ છે. ચોમાસામાં તેનું પાણી મીઠું હોય છે. તે સિવાય રાવણહ્રદ અને માનસરોવરો હિમાલય પર્વત ઉપર આવેલાં છે.

## કૃતિ.

૧ સાથેના નકશામાં હિંદુસ્તાનના પર્વતો ચિતરી તેમનાં તથા તેમાં આવેલાં મોટાં શિખરોનાં નામ લખો.

૨ હિંદુસ્તાનની નદીઓ ચિતરી તેમનાં નામ લખો.

૩ જે જે નદીઓમાંથી નહેરો ખોદવામાં આવી હોય તે નદીઓની ઉપર ત્રિશુળનું ↑ ચિન્હ કરો અને જે નદીઓમાં વહાણો ફરી શકે છે તે નદીઓ બેવડી લીટીથી જણાવો.

૪ ડેલ્ટા એટલે શું ? કઈ કઇ નદીઓના મુખ આગળ ડેલ્ટા બનેલા છે તે જણાવો.

૫ સિંધુ ગંગાનું સપાટ મેદાન છતાં સિંધુ અને ગંગા નદીઓ એક દિશા તરફ ન વહેતાં જુદી જુદી દિશા તરફ કેમ વહે છે તેનાં કારણ આપો; અને તે નદીઓ જે પ્રદેશમાં થઇને વહે છે તે પ્રદેશોની આબાદીમાં કેવી રીતે કારણભૂત થઈ છે તેનું વિવેચન કરો.


૬ દક્ષિણની અને ઉત્તર હિંદુસ્તાનની નદીઓની સરખામણી કરો.

૭ દક્ષિણની મોટી નદીઓના મુળથી પશ્ચિમે અરબી સમુદ્ર ઘણો પાસે હોવા છતાં તેને ન મળતાં પૂર્વ તરફ ઘણે લાંબે સુધી વહી બંગાળાના ઉપસાગરને મળે છે તેનાં કારણ જણાવો.

૮ બેઝવાડાની નહેરો, શ્રીરંગમ, સીવા સમુદ્રમ, સુંદરવન શું છે, અને કયાં આવ્યાં તે જણાવી તેમનાં નામ યોગ્ય સ્થળે નકશામાં લખો.

૯ નદીઓનો ઉપયોગ શો છે તથા તેમને ખેતી સાથે શો સંબંધ છે તે જણાવો અને હિંદુસ્તાનમાં ગણાતી પવિત્ર નદીઓનાં નામ આપો.

૧૦ હિંદુસ્તાનનાં સરોવરો નકશામાં કહાડી ત્યાં તેમનાં નામ લખો.
૧૧ દરીઆઇ નહેરો અથવા સરોવરો કોને કહે છે તે સમજાવો.
૧૨ કાવેરીના ધોધ વિષે જે જાણતા હો તે લખો તથા દક્ષિણ 'હિંદુસ્તાનનો બાગ' કોને કહે છે તે જણાવો.



## આબો હવા.

આબો હવા (ઉષ્ણુતામાન)-કોઇ સ્થળની ઠંડી અથવા ગરમીનું પ્રમાણ, ત્યાંનુ સુકુ અથવા ભેજવાળુ વાતાવરણ, વરસાદનું પ્રમાણુ, પવનની ગતિ અને દિશા વગેરે બાબતો ઉપરથી તે સ્થળ ઉપર જે અસર થાય છે તેને તે સ્થળની આબો હવા કહે છે,


વાર્ષિક સરાસરી સરખી ગરમીવાળા ભાગમાં થઇને જનારી ગરમી બતાવનારી લીટીઓને ઉષ્ણુતામાનની ( Isotherms ) લીટીઓ કહે છે.


હિંદુસ્તાન મોન્સૂનનો દેશ છે, તો પણુ તે ઘણો વિસ્તારવાળો હોવાને લીધે તેમાં ઉષ્ણુ કટિબંધથી શીત કટિબંધ સુધીની બધા પ્રકારની હવા માલમ પડે છે. આબો હવાનો આધાર મુખ્યત્વે કરીને તે સ્થળના અક્ષાંસ, સમુદ્રની સપાટીથી તે સ્થળની ઉંચાઇ, દરીઆ કિનારાથી તેનું અંતર અને તે સ્થળ ઉપર વાતા પવન ઉપર રહેલો છે.

ગરમીનું મુખ્ય કારણુ સૂર્ય છે. જ્યાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે ત્યાં ગરમી વધારે લાગે છે અને જ્યાં તેનાં કિરણો તીરકસ પડે છે ત્યાં ગરમી ઓછી લાગે છે. શિઆળામાં આ દેશમાં સૂર્યનાં કિરણો તીરકસ પડે છે તેથી ગરમી ઓછી લાગે છે. આ કરિણો દક્ષિણુ તરફથી તીરકસ થતાં થતાં ઉત્તરમાં વધારે તીરકસ હોય છે. ઉનાળામાં સૂર્યનાં કિરણો સીધાં પડે છે તેથી ગરમી વધારે લાગે છે.

પૃથ્વીપરનાં કોઇપણુ બે સ્થળોનું હવામાન સરખુ હોતું નથી. એકજ અક્ષાંસપરનાં બે સ્થળમાં પણુ આસપાસની જુદી જુદી સ્થીતિના પ્રમાણુમાં એટલે રેતાળ વગડામાં હોય, અથવા સમુદ્રની પાસે હોય, પર્વત ઉપર હોય અથવા ઉંડી ખીણુમાં હોય તે પ્રમાણે તેના ઉષ્ણુતામાનમાં ફેર પડે છે.


વાતાવરણમાં નીચેના કરતાં વધારે ઉંચે હવા વધારે ઠંડી હોય છે. સમુદ્રની સપાટી કરતાં ઉંચા પર્વત ઉપર ગરમી ઓછી હોય છે. તેજ પ્રમાણે પર્વતની તળેટી કરતાં ટોચ ઉપર ઠંડી વધારે હોય છે. વળી જમીન ઉપર જુદી જુદી જાતના પવનો વાય છે તેને લીધે હવામાં ફેરફાર થાય છે. ગરમ પ્રદેશમાં થઇને જે પવન આવે છે તે ગરમ હોય છે તેથી તે ગરમી ફેલાવે છે અથવા ત્યાંની હવા ગરમ કરે છે. ઠંડા દેશમાં થઇને જે પવન આવે છે તે હવા ઠંડી કરે છે. સમુદ્ર ઉપર થઇને જે પવન આવે છે તે વાદળાં અને વરસાદ લાવે છે. અને તેને " મોન્સૂન " કહે છે.






આ ધોરણે કર્ણાટક અને દક્ષિણ હિંદુસ્તાનની હવા ઉષ્ણ છે પણ દરીઆ કિનારાને લીધે ઘણી ગરમી લાગતી નથી. દરીઆ કિનારે હવા સમધાત હોય છે એટલે ગરમી અને ઠંડીનું પ્રમાણ ઓછુ હોય છે. તેનું કારણ એવું છે કે જમીન જેમ જલદી તપે છે અને જલદી ઠંડી થાય છે તેમ સમુદ્રનું પાણી જલદી તપતું નથી અને જલદી ઠંડુ થતું નથો, તેથી જ્યારે દરીઆની ઠંડી હવા જમીન ઉપર આવે છે ત્યારે તે જમીન ઉપરની ગરમ હવાને ઠંડી કરે છે તેથી ત્યાં ગરમી અને ઠંડી ઓછી લાગે છે. સિંધના ઉત્તર ભાગ અને પંજાબના પશ્ચિમ ભાગની હવા તદન સુકી છે. ત્યાં ઉનાળામાં સખત તાપ અને શિઆળામાં સખત ઠંડી પડે છે. રજપૂતાના, મધ્ય હિંદુસ્તાનનો ઉત્તર ભાગ, પંજાબ, સંયુક્ત પ્રાંતો અને દિલ્હીની હવા ઉનાળામાં ઘણી ગરમ અને શિઆળામાં ઘણી ઠંડી હોય છે. બંગાળા અને આસામ પ્રાંતોની હવા ગરમ અને

ભેજવાળી છે. ત્યાં વરસાદ પુષ્કળ પડે છે. ઉત્તરમાં હિમાલય વગેરે પર્વતોની હવા ઘણીજ ઠંડી છે. બાકીના એટલે દક્ષિણનો ઉચ્ચ પ્રદેશ અને મધ્ય હિંદના ઘણા ભાગની હવા મધ્યમ છે.



## કૃતિ.

૧ આબોહવાનાં મુખ્ય કારણો આપીને સમજાવો.

૨ આ સાથે આપેલા નકશામાં જાન્યુઆરિનું અને જુલાઇનું ઉષ્ણતામાન બતાવનારી લીટીઓ દોરો. અને તેમાં જુદાજુદા રંગ પુરો.


૩ જાન્યુઆરિ અને જુલાઈના ઉષ્ણતામાનમાં સૌથી વધારે ફેર હોય તેવા અને સૌથો ઓછો ફેર હોય તેવા ભાગ બતાવો.

૪ દિલ્હીમાં તાપ કેમ વધારે પડે છે તે કારણ સહિત જણાવો.

## વરસાદ.

દરીઆના પાણીની વરાળ થઇ ઉંચે ચડે છે અને તેનાં વાદળાં બને છે. તે વાદળાંને ઠંડી હવા ઘટ્ટ બનાવે છે અને પછી વરસાદ રૂપે પડે છે. આ વાદળાં જે તરફ પવન હોય તે તરફ જાય છે અને ત્યાં વરસાદ વરસે છે.

આપણા હિંદુસ્તાનમાં ત્રણ ઋતુઓ છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું, આ દેશમાં ઘણો ખરો વરસાદ ચોમાસામાં પડે છે. આ વરસાદનો આધાર સમુદ્ર તરફથી આવતા ભેજવાળા પવન ઉપર રહેલો છે. આ વરસાદ લાવનાર પવનને **મોન્સૂન** (Monsoon) કહે છે. તે બે પ્રકારનો છે. નૈરૂત્યનો પવન અને બીજો ઇશાનનો પવન છે. **નૈરૂત્યનો પવન** ( South west monsoon ) એપ્રીલથી અકટોબર સુધી વાય છે. આ પવન હિંદી મહાસાગર ઉપર થઇને હિંદુસ્તાનને કિનારે જુન માસમાં આવે છે. અને તે પોતાની સાથે વરાળનાં વાદળાં ( ભેજ ) લાવે છે અને વરસાદનો આરંભ થાય છે. આ દેશની ખેતીનો બધો આધાર વરસાદ ઉપર રહેલો છે અને તે વરસાદનો આધાર આ મોન્સૂન પવન ઉપર રહેલો છે. આ પ્રમાણે નૈરૂત્યનો પવન પ્રથમ આ દેશના પશ્ચિમ કિનારે જુન




માસમાં આવે છે અને પશ્ચિમ ઘાટના ઉંચા પર્વતો તેને આગળ જતો અટકાવે છે. એટલે આ ભેજ ત્યાં ઠરી જઇ સહ્યાદ્રિના પશ્ચિમ ભાગમાં દરિયા કિનારા તરફ પુષ્કળ વરસાદ પડે છે, જે લગભગ ૧૦૦ ઇંચ ઉપરાંત પડે છે. સમુદ્રની સપાટીથી જમીનની ઉંચાઇ જેમ જેમ વધારે હોય છે તેમ તેમ ત્યાં ગરમી ઓછી હોય છે અને હવા ઠંડી હોય છે. તેથી આ પવન જ્યારે તે ઉંચા પ્રદેશ ઉપર અથવા પર્વત ઉપર જાય છે ત્યારે ત્યાંની ઠંડી હવાથી તે વાદળાં ઘટ્ટ થઇ ઠરી જાય છે અને પુષ્કળ વરસાદ પડે છે. ત્યાંથી આગળ જતાં આ પવન થોડો ઉત્તર તરફ કાઠીઆવાડ અને ગુજરાતમાં જાય છે. ત્યાં થોડો થોડો વરસાદ આપતો જાય છે. કાઠીઆવાડ કરતાં શુદ્ધ ગુજરાતમાં પૂર્વ દિશાએ પર્વતો આવેલા હોવાથી વધારે સમધાત

એટલે ૩૦ થી ૪૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. તેમજ ઉત્તરમાં અરવલી પર્વતને લીધે આબુ આગળ ૫૦ થી ૬૦ ઇંચ જેટલો પડે છે. વળી આ પવન પશ્ચિમઘાટ ઓળંગીને તેની પૂર્વ તરફ જાય છે ત્યાં, આ ભેજમાનો વરસાદ પડી જઇ થોડો ભેજ રહેલો હોવાથી થોડો વરસાદ એટલે ૨૦ થી ૪૦ ઇંચ પડે છે. ત્યાંથી પછી પવન બંગાળાના ઉપસાગરમાં થઇ બંગાળા, બ્રહ્મદેશ અને આસામ તરફ જાય છે. ત્યાં બંગાળાના ઉપસાગરમાંથી ભેજ લેતો જાય છે. અહીં પશ્ચિમઘાટની માફક ઉંચા પર્વતો આવેલા હોવાથી તે પવનને આગળ જતો અટકાવે છે અને પુષ્કળ વરસાદ ૪૦ થી ૮૦ ઇંચ પડે છે. આસામના પર્વતો અને હિમાલયની દક્ષિણે પૂર્વ છેડે પુષ્કળ વરસાદ પડે છે. અહીં આસામની ચેરાપુંજી નામની ટેકરી ઉપર દુનિયાના બધા ભાગ કરતાં વધારેમાં વધારે વરસાદ ( ૫૦૦ થી ૭૦૦ ઇંચ જેટલો ) પડે છે. પર્વતો આગળ ઘણો વરસાદ પડી જાય છે એટલે તેની આગળના પ્રદેશમાં તે ઓછો થતો જાય છે.

સિંધ, રજપૂતાના, અને થરના રણની જમીન રેતાળ હોવાથી અને ગરમી વધારે પડવાથી તે જમીન વધારે તપેલી હોય છે. તેમજ ત્યાં પર્વત અથવા જંગલ વગેરે પવનને અટકાવવા તથા ઠંડો પાડવાને સાધન નથી અને ત્યાં જતા સુધીમાં તેમાંની ભીનાશ જતી રહે છે. તેથી આ પવન ત્યાં થઇને જાય છે પણ ત્યાં વરસાદ પડતો નથી. આ ભાગમાં સરેરાશ ૧૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. આ પવન પંજાબના ઉચ્ચ પ્રદેશમાં જાય છે. ત્યારે તે ઠંડો થાય છે અને ત્યાં વરસાદ પડે છે. બાકીના બીજા ભાગોમાં સરેરાશ ૩૦ થી ૬૦ ઇંચ જેટલો વરસાદ પડે છે.

**ઇશાન તરફનો પવન** ( North East Monsoon ) જે અકટોબરથી માર્ચ સુધી વાય છે તે મધ્ય એશિઆની જમીન તરફથી આવે છે અને તેથી તે કોરો હોય છે અને થોડો ભેજ લાવે

છે. જ્યારે તે બંગાળાના ઉપસાગર ઉપર થઇને દક્ષિણના પૂર્વ કિનારે આવે છે ત્યારે ત્યાંથી પોતાની સાથે ભેજ લાવે છે અને સીલોનમાં વરસાદ પડે છે. આ વરસાદ શિયાળામાં પડે છે.

## કૃતિ.

૧ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વરસાદ કેટલો પડે છે તે આ સાથેના નકશામાં જુદા જુદા રંગપુરીને બતાવો અને તેની ભિન્નતાનાં કારણો લખો.

૨ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વરસાદ અને ખેતીના પેદાશ ઉપર નૈરૂત્યના અને ઇશાની પવનોની ( મોન્સૂનની ) શી અસર થાય છે તે જણાવો.


૩ સિંધ, પંજાબ અને રજપૂતાનાના ભાગમાં વરસાદ ઓછો પડવાનું શું કારણ છે તે જણાવો.

૪ મોન્સૂન એટલે શું, તે કયા મહિનાથી શરૂ થઇ કયાં સુધી રહે છે અને તેથી શું ફાયદો થાય છે તથા તે ન આવે તો શું પરિણામ થાય તે જણાવો.

૫ ચોમાસામાં, શિઆળામાં અને બંન્ને ઋતુમાં કયા કયા ભાગમાં વરસાદ પડે છે તે નકશામાં બતાવી તેનાં કારણો લખો.

૬ જે ભાગમાં વરસાદ ઓછો પડે છે તે ભાગમાં ખેતીને માટે પાણી કયાંથી મેળવે છે તે જણાવો.

૭ હિંદુસ્તાનના :કયા ભાગમાં આખી દુનિયા કરતાં વધારે વરસાદ પડે છે તે સ્થળ બતાવી તેનું કારણ જણાવો.


હિંદુસ્તાનનું આરોગ્ય.

## પેદાશ.


**ખેતી–વનસ્પતિ**–ડુંગરાળ, રેતાળ અને પત્થરીઆ જમીનમાં વનસ્પતિ અને અનાજ થતું નથી. વરસાદ વધારે પડે તેવી સપાટ જમીન, નદી કિનારો તથા તેના મુખ આગળનો ત્રિકોણ પ્રદેશ કે જ્યાં તે કાંપ અને ચગુ પાથરે છે ત્યાં પાક ઘણો સારો થાય છે. સિંધ, પંજાબ, અને સંયુક્ત પ્રાંતનો પશ્ચિમ તથા ઉત્તર ભાગ જ્યાં વરસાદ પડતો નથી ત્યાં નદીઓમાં નહેરો ખોદી તે વાટે પાણી લઇ ખેતી કરે છે. તેવી નહેરો સિંધુ નદીમાં અને જમનામાં તથા ગંગાનદીના ઉત્તરભાગમાં ઘણી છે.

આપણા દેશનો મુખ્ય ધંધો ખેતી છે. વસ્તીનો ૯/૧૦ ભાગ ખેતી ઉપર ગુજરાન ચલાવે છે. અને તેનો આધાર ફળદ્રુપ જમીન, માફકસર હવા અને પાણી (વરસાદ) ઉપર છે.

આ દેશમાં ખેતીની મુખ્ય પેદાશ–ચોખા, ઘઉં, જુવાર, બાજરી, મકાઈ, કઠોળ, શેરડી, તેલીબીયાં અને અળશી છે. રંગમાં ગળી, રેષામાં કપાસ અને શણ, કેફી વસ્તુમાં તમાકુ, ચા, કોફી, અફીણ અને દવામાં સિંકોના છે. જંગલ અને દરીઆ કિનારાની પેદાશમાં સાગ, સીસમ, દેવદાર, વાંસ, બાવળ, સુખડ, નાળિએરી, સોપારી, તાડ, લાખ, રબર વગેરે છે.

જનાવરોની પેદાશમાં ઉન, રેશમ, કસ્તુરી, અને ચમરીના વાળ છે.

કાશ્મીરના પહાડી પ્રદેશમાં ઘાસનાં મેદાનો છે તમાં ઉત્તમ જાતનાં બકરાં થાય છે. તેમના ઉનની શાલો અને પટુ હાથવણાટનાં થાય છે. વળી અહીની શેત્રંજીઓ પણ વખણાય છે. નેપાળ અને ભૂતાનમાં સાધારણ કુતરાના કદના કસ્તુરી મૃગ થાય છે. તેમની દુંટીમાંથી કસ્તુરી નીકળે છે. તે ઘણીજ કાળી હોય છે. વળી ત્યાંની વનગાય નામના જનાવરના પુંછડાના વાળની ચમરીઓ થાય છે.


સામો
ડાંગર
ઘઉં
જુવાર
બાજરી
શેરડી
કોદરા
બાવટો
(નાગલી)
કપાસ
(રૂ)
શણ
રેશમ
મકાઇ
ચા
કૉફી
તમાકુ
અફીણ
ખજુરી
સોપારી
વાંસ


## મુખ્ય પાક.

**ચોખા**-ચોખા હિંદુસ્તાનનો મુખ્ય પાક છે. પાણી ભરાઇ રહે એવી સપાટ નીચી જમીન, ગરમ હવા અને પુષ્કળ વરસાદનું અથવા નહેરોમાંનું પાણી મળતું હોય તેવી ભેજવાળી જમીનમાં ડાંગરનો પાક સારો થાય છે. દરિયા કિનારે અથવા નદીઓના ત્રિકોણ પ્રદેશમાં આ પાક ઘણો સારો થાય છે. આ પાક બંગાળામાં પુષ્કળ થાય છે. તે સિવાય આસામ, બ્રહ્મદેશ, સંયુક્ત પ્રાંતો અને પૂર્વ તથા પશ્ચિમ કિનારાનાં મેદાનોમાં ઘણો થાય છે. દુનિઆની અડધી વસ્તી ચોખા ઉપર પોતાના ગુજરાનનો આધાર રાખે છે.

**ઘઉં**—કાળી અને ચીકણી જમીનમાં શિયાળાની ઠંડી અને ગરમ સુકી હવામાં, અને ભીનાશ રહે તેવી જમીનમાં ઘઉં સારા થાય છે, ઉત્તર હિંદુસ્તાનમાં શિયાળામાં ઠંડી વધારે પડે છે અને સુકી હવા હોય છે તેથી ત્યાં આપાક ઘણો સારો થાય છે. **પંજાબ, સંયુકતપ્રાંતો, માળવા, રજપુતાના, ગુજરાત, મધ્યપ્રાંતો,** અને **ખાનદેશ-ખંડવામાં** ઘઉંનો પાક સારો થાય છે.

**જુવાર અને બાજરી**-બરડ, ગોરાડુ અને માળની આ ત્રણ પ્રકારની જમીનમાં સુકી હવામાં બાજરી સારી થાય છે. હિંદુસ્તાનના વસ્તીના મોટા ભાગનો આ ખોરાક છે. હિંદુસ્તાનના ઘણા ભાગમાં જ્યાં સામાન્ય વરસાદ હોય છે ત્યાં આ અનાજ થાય છે. **બાજરી** ગોદાવરી નદીના પ્રદેશમાં અને **જુવાર** કૃષ્ણા નદીના પ્રદેશમાં વધારે થાય છે.


**મકાઇ**—આ છોડની મૂળ ઉત્પત્તિ અમેરિકામાં છે. તે માણસના તેમજ કેટલીક જગ્યાએ ઢોરના ખોરાક તરિકે વપરાય છે. તેમજ સ્ટાર્ચ અને સ્પીરિટ બનાવવાના ઉપયોગમાં વપરાય છે. અને તે આ દેશમાં ઘણી જગ્યાએ થાય છે.




**ચોખા, ઘઉં, કપાસ, ગળી, સુખડ, ઉન, રેશમ,**
**ચમરીનાવાળ, કસ્તુરી અને મીણ.**

**શેરડી**—ફળદ્રુપ જમીન અને પુષ્કળ પાણી હોય ત્યાંજ શેરડીનો પાક થાય છે. આ અનુકુળતા ગંગા જમનાને કિનારે હોવાથી. **સંયુકત પ્રાંતના** ઉત્તર ભાગમાં દિલ્હી અને પટણાની વચલા પ્રદેશમાં પુષ્કળ શેરડી થાય છે હિંદુસ્તાનનો લગભગ પોણા ભાગનો પાક અહીં થાય છે. તે ઉપરાંત **મુંબાઈ ઈલાકો, મહા નદીના** ત્રિકોણ પ્રદેશમાં, અને મદ્રાસ ઇલાકાના **અર્કોટ** જીલ્લામાં શેરડીનો પાક થાય છે. શેરડીને પીલી તેનો રસ કઢાડી તેમાંથી ગોળ બનાવવામાં આવે છે. ઓગણીસમા સૈકા સુધી શેરડીમાંથીજ ખાંડ બનતી પણ ત્યાર પછી યુરોપમાં બીટના છોડમાંથી ખાંડ બનાવે છે.

**રેષા—કપાસ**—કપાસના છોડમાંથી રૂ થાય છે અને તેનું સુતર બનાવી કપડાં વણાય છે. તે પાણી સોશીને તેની કાળી જમીનમાં મધ્યમ વરસાદ અને ગરમ હવા હોય ત્યાં કપાસ સારો થાય છે. તે પ્રમાણે આ પાક **સિંધ, ગુજરાત, ખાનદેશ, વરાડ** અને **દક્ષિણ મહારાષ્ટ્ર**માં પુષ્કળ થાય છે. સિંધમાં નહેરોના પાણીથી ઉત્તમ પ્રકારનો કપાસ ( ઇજીપ્શીયન ) ઉગાડવામાં આવે છે અને **સક્કર** પાસે તેને માટે એક મોટી યોજના ચાલે છે.




**જુવાર, બાજરી, ચા, શણ, શેરડી, અફીણ, તમાકુ, કૉફી, સિંકોના, લાખ, રબર, નાળીએર, ગરમ મશાલા અને સોપારી.**

**શણ**—કાંપ અને ચગુવાળી જમીન જેમાં દરવર્ષે નવો કાંપ આવતો હોય તેવી અને ભીની ગરમ ભેજવાળી જમીન-**બંગાળાના ત્રિકોણ પ્રદેશમાંજ** આ પાક થાય છે. આસામમાં પણ થોડા પ્રમાણમાં આ પાક થાય છે. તેના કોથળા, દોરડાં અને ટાટીયાં બને છે જે ત્યાંથી આખી દુનિયામાં પુરાંપાડવામાં આવે છે.

**રેશમ-પંજાબ અને બંગાળામાં** થાય છે.

**ગળી (રંગ)**-ગળી એ એક જાતનો નીલ (આસમાની) રંગ છે. ગંગા કિનારે અને બંગાળા તથા બહારમાં તેનો પાક સારો થાય છે. તે ઉપરાંત **ગુજરાત, ખાનદેશ અને મદ્રાસ** ઇલાકામાં થાય છે આ અસલ નીલરંગ (આસમાની) છે. જર્મનીમાંથી આવા રંગ આવે છે તે સસ્તા પડે છે તેથી તેનો પાક હવે ઓછો થયો છે.

**ઔષધી-અફીણ**—અફીણ કેફી વસ્તુ છે અને દવાના ઉપયોગમાં આવે છે. તે ખસખસના છોડમાંથી બને છે. માળવા, બિહાર અને સંયુકતપ્રાંતોમાં થાય છે. તે નુકશાનકારક છે તેથી તેના ઉપર સરકારનો જાપતો છે.

**ચા**-ચાનો પાક ડુંગરની ટેકરીઓના ઢાળ ઉપર કે જ્યાં વારંવાર વરસાદનું પુષ્કળ પાણી પડી ઢોળાવ ઉપર સરીજતું હોય તેવી ત્રણ ચાર હજાર ફુટની ઉંચાઇએ આવેલી ટેકરીઓ ઉપર સાધારણ ગરમ ભેજવાળી હવામાં થાય છે. આવા પ્રદેશ **આસામ, ઉત્તર-બંગાળા** (દાર્જીલીંગ), પંજાબ, વાવ્યસરહદનો પ્રાંત, નીલગિરિના ટેકરીઓ અને **સિલોન** છે જ્યાં ચા થાય છે. હિંદુસ્તાન અને સિલોનમાં થઇને દુનિયાનો અડધો ભાગ ચા થાય છે. ચાનું મૂળ સ્થાન ચીન છે.

**કૉફી**-આફ્રિકાના કાફા નામના પ્રાંતમાં આ છોડ એની મેળે ઉગતા હોવાથી તેનું નામ કૉફી પડયું છે. કૉફીને લાલ બરડ અથવા

રેતીથી મિશ્ર થએલી જમીન માફક આવે છે. આ દેશમાં ત્રણ ચાર હજાર ફુટ ઉંચી જમીનમાં ગરમ અને ભેજવાળી હવામાં સાધારણ ૬૦ થી ૮૦ ઇંચ જેટલા વરસાદમાં થાય છે. તે સહ્યાદ્રિના પૂર્વ અને દક્ષિણ ઢાળ તથા નીલગિરિના ઢોળાવ ઉપર થાય છે.

**તમાકુ**—ગરમ હવામાં થાય છે. તે મદ્રાસ, બંગાળા, સંયુક્ત પ્રાંતો, બ્રહ્મદેશ, ગુજરાત અને પંજાબમાં થાય છે. તે બીડીઓ પીવાના અને છીકણી બનાવી સુંઘવાના કામમાં આવે છે.

**સિંકોના**—એ મૂળ દક્ષિણ અમેરિકાનો છોડ છે, તેની છાલમાંથી **ક્વીનાઇન** બને છે. તે દાર્જીલીંગ, મદ્રાસ ઇલાકો અને નિલગિરિ ઉપર થાય છે. **તેજાના** (ગરમ:મશાલા) મલબાર કિનારે થાય છે.

**નાળિએરી**-પશ્ચિમ કિનારે અને સિલોન તથા બીજા દ્વીપોમાં થાય છે. તેનાં કોપરાં (સુકાં) થાય છે અને તેમાંથી તેલ નીકળે છે તેને કોપરેલ કહે છે. તેના રેસા (છાલ)નાં દોરડી, દોરડાં અને કાથી બને છે. કોપરેલ સાબુ બનાવવાના અને બીજા ઘણા ઉપયોગમાં આવે છે.

**લાખ**-એ ઝાડનો રસ છે. તે ફક્ત હિંદુસ્તાનમાંજ આસામ, બંગાળા, ઓરિસા અને બ્રહ્મદેશમાં થાય છે. તે રંગ અને વારનીશ બનાવવામાં વપરાય છે. નાળિએરી, સોપારી, ખજુરી, તાડ સમુદ્ર કાંઠે અને બીજા દ્વીપોમાં થાય છે. આ ઝાડ સમધાત હવામાં થાય છે. સાગ, સાલ, સીસમ, દેવદાર અને ઓક હિમાલયના પ્રદેશમાં અને સાગ, સીસમ, ખેર, અને વાંસ પશ્ચિમ કિનારો, ગુજરાત, અને બ્રહ્મદેશનાં જંગલોમાં થાય છે. બ્રહ્મદેશમાં સાગનાં મોટાં જંગલો છે. **સુખડ**-કોરી અને મધ્યમ ઉષ્ણ હવામાં થાય છે. તે મ્હૈસુર અને ત્રાવણકોરમાંજ થાય છે. **રબર**-એક ઝાડનો રસ છે. તે આસામ બ્રહ્મદેશ અને મદ્રાસ ઇલાકામાં અને સિલોનમાં થાય છે. તેનાં મોટરો અને બાઇસીકલોનાં પૈડાં, પાઇપો, રમકડાં વગેરે બનાવામાં આવે છે.

## જનાવરો.

સામાન્ય ગ્રામ્ય જનાવરો બધા ભાગમાં જોવામાં આવે છે. બળદ ખેતીના ઉપયોગમાં આવે છે. **બળદ, ઘોડા,** અને કચ્છમાં ઉંટને વાહનને જોડવાના તથા ભાર લઇ જવા લાવવાના કામમાં આવે છે. **ગધેડાં** તથા **ખચ્ચર** પણ ભાર વહે છે. રણના પ્રદેશમાં ઉંટ હિમાલય તરફ **યાક** અને બ્રહ્મદેશ તથા સિલોનમાં **હાથી** ભાર લઈ જવા લાવવાને માટે મુખ્ય પ્રાણી છે. મ્હેસુર, ત્રાવણકોર તથા હિમાલયની તળેટીમાં પણ હાથીની વસ્તી ઘણી છે. **ગાયને** હિંદુઓ પવિત્ર માને છે તે તથા **ભેંસ** દુધ આપે છે. જેનું દહી, માખણ, ઘી અને છાસ થાય છે. તે ખાવાના ઉપયોગમાં આવે છે. અને તેમનુ છાણ વગેરે ખાતરના ઉપયોગમાં આવે છે. હાથીના દંતુશળના શણગાર અને રમકડાં બનાવે છે. બકરાં અને ઘેટાના ઉનનાં ગરમ કપડાં બનાવે છે. બકરાંનું દુધ પણ ઉપયોગમાં લે છે. ઢોરનાં ચામડાં ઘણા ઉપયોગમાં આવે છે. તે સિવાય જંગલોમાં વાઘ, ચિત્તા, રીંછ, વરૂ વગેરે માલમ પડે છે. **સિંહ** આખા હિંદુસ્તાનમાં ફક્ત ગીરના જંગલમાંજ જણાય છે.

## કૃતિ.

૧. આ સાથે આપેલા હિંદુસ્તાનના નકશામાં જે જે ભાગમાં ચોખાં, ઘઉં, અને કપાસ, વધારે થતાં હોય તે ભાગ જુદી જુદી ભાત પાડીને બતાવો અને જે ભાગમાં ગળી, સુખડ, ઉન, રેશમ, ચમરીનાવાળ, કસ્તુરી અને મીણ થતું હોય ત્યાં તેમનાં નામ લખો.

૨ ચોખા, ઘઉં, કપાસ, શણ, અને ચા ને માટે કેવી જમીન તથા કેવાં હવાપાણી માફક આવે તે જણાવો.

૩ આ સાથે આપેલા બીજા નકશામાં ચા, શણ, અને શેરડી જે ભાગમાં વધારે થતી હોય તે ભાગ જુદી જુદી ભાત પાડીને બતાવો અને અફીણ, તમાકુ, કોફી, સિંકોના, લાખ, રબર,


નાળીએર, સોપારી અને ગરમ મશાલા વધારે થતા હોય ત્યાં તેમનાં નામ લખીને જણાવો.


૪ શેરડી, નાળીએરી, અને ઉનના ઉપયોગ લખો.


૫ જંગલની પેદાશ તથા જનાવરોમાંથી થતી પેદાશ કઇ કઇ છે તે જણાવો.

૬ ઉંટ, હાથી, યાક અને બળદનો વધારે ઉપયોગ કયા કયા ભાગોમાં થાય છે અને તેનું કારણ શું તે જણાવી તે ભાગમાં તેમનાં નામ લખો.

૭ સિંહ હિંદુસ્તાનના કયા ભાગમાં માલમ પડે છે તે જણાવી ત્યાં તે નામ લખો.




હિંદુસ્તાનનું સામાન્ય.




લોઢું, કોલસા, કેરોસીન, મીઠું, મેંગેનીઝ, અબરખ, સોનું, હીરા, મોતી, કલાઇ, અને ત્રાંબુ.

## ખનીજ.

ખનીજ એટલે જમીનમાંથી નીકળતી વસ્તુ.


જે દેશમાં ઉત્તમ ખનીજ વધારે પ્રમાણમાં મળી આવે તે દેશ વધારે સમૃદ્ધિવાળો ગણાય છે. ઉત્તમ ખનીજ લોઢું, કોલસા અને કેરોસીન છે. આપણા દેશમાં નીચે પ્રમાણે ખનીજ નીકળે છે.

**લોઢું**—બંગાળા, બિહાર, ઓરિસા, છોટાનાગપુર, મધ્યપ્રાંતો, અને મદ્રાસના દક્ષિણ ભાગમાંથી નીકળે છે. લોઢું અને કોલસા બંન્નેની ખાણો પાસે પાસે હોય છે તો તેથી ઘણોજ ફાયદો થાય છે. છોટાનાગપુરમાંથી લોઢું કહાડી સાકચી પાસે જમસેદજી ટાટાએ એક મોટું કારખાનું ઉઘાડયું છે તે ગૃહસ્થના નામ ઉપરથી ત્યાં જમસેદપુર શહેર વસ્યું છે.

**કોલસા**—જમીનમાં જંગલો દટાઇ જવાથી તે ઝાડનાં લાકડાં વગેરે જમીનની ગરમીને લીધે બળીને તેના કોલસા થાય છે. આ દેશમાં કોલસા બંગાળા ( રાણીગંજ, ઝરીઆ, અને ગિરિધ ), બહાર ઓરિસા, છોટાનાગપુર, મધ્યપ્રાંતો ( વરોરા ), હૈદરાબાદ, પંજાબ, આસામ અને મદ્રાસમાંથી નીકળે છે. **કેરોસીન** ૯૦ ટકા બ્રહ્મદેશમાંથી નીકળે છે. માંડલેમાં તેના કુવા છે. દુનિયાની ગતણુતરીમાં કેરોસીન માટે બ્રહ્મદેશ ત્રીજે નંબરે ગણાય છે. **મીઠું**—પંજાબમાં સોલ્ટરેન્જ નામનો ડુંગર છે તેમાંથી દર વર્ષે લગભગ ચાળીસ લાખ મણ મીઠું કાઢવામાં આવે છે. તે સિવાય રજપૂતાનામાં સાંભર સરોવરમાંથી, ગુજરાતમાં ખારાઘોડા અને દક્ષિણના કિનારાના સમુદ્રમાંથી મીઠું પકવે છે. **મેંગેનીઝ**—તે હિંદુસ્તાનમાંથી દુનિયાનો $\frac{1}{3}$ ભાગ નીકળે છે, અને દુનિયાની ગણતરીમાં તેને માટે આ દેશ બીજે નંબરે ગણાય છે. તે લોઢાનું પોલાદ બનાવવાના ઉપયોગમાં આવે છે. તે મધ્યપ્રાંતો ( નાગપુર અને બાલાઘાટ ), મદ્રાસ ( વીઝાગાપટ્ટન ), મ્હૈસુર ( શીમોગા ), અને ગુજરાત ( પંચમહાલ ) માંથી નીકળે છે. **અબરખ**—દુનિયાનો અડધો ભાગ એટલે લગભગ બે કરોડ રૂપીઆનું અબરખ હિંદુસ્તાનમાંથી નીકળે છે. તે છોટા નાગપુર (હજારીબાગ), બિહાર અને ઓરિસા ( ગયા અને મોંગીર ), અને મદ્રાસ ( નેલોર ) માંથી નીકળે છે. તે પારદર્શક છે. અને તે ગરમી તથા વીજળીના પ્રતિબંધક છે તેથી તે જાળીઓ, ફાનસો અને વીજળી માટેનાં યંત્રો વગેરે બનાવવાના કામમાં વપરાય છે.

**સોનું**—મ્હૈસુરમાં કોલર અને તેની પડોશમાં સોનાની ખાણો છે. તેમાંથી પુષ્કળ સોનું નીકળે છે. હાલ મદ્રાસ ( અનન્તપુર ) ઇલાકામાં સોનાની ખાણો નીકળી છે. **હીરા**—બુંદેલખંડમાં પન્નાના રાજ્યમાંથી થોડા હીરા મળી આવે છે. દક્ષિણમાં ગોવળકાંડામાંથી પહેલાં હીરા નીકળતા હતા. **મોતી**—મનારના અખાતમાંથી અને કચ્છના અખાતમાં જામનગર પાસેથી મોતી નીકળે છે. **કલઈ** બ્રહ્મ

દેશના ટીનાસરીમ પ્રાંતમાંથી નીકળે છે. **ગ્રેફાઇટ** અને **મોન્ઝાઇટ** ત્રાવણુ કોરમાંથી નીકળે છે. મોન્ઝાઇટ લેમ્પના મેન્ટલ બનાવવાના ઉપયોગમાં આવે છે. **ત્રાંબુ**–દક્ષિણ, હિમાલયના પશ્ચિમ ભાગમાંથી અને રજપૂતાનામાંથી મળી આવે છે.



## કૃતિ.

૧ હિંદુસ્તાનમાંથી નીકળતી ખનીજોનાં નામ, તે જે સ્થળેથી નીકળતી હોય તે સ્થળે, આ સાથે આપેલા નકશામાં લખો.
૨ મેંગેનીઝ અને અબરખ શા ઉપયોગમાં આવે છે તે જણાવો.
૩ હિંદુસ્તાનમાં મોટું પ્રખ્યાત લોખંડનું કારખાંનુ કોનું છે. અને તે કયાં આવ્યું તથા તે સ્થળે તે ઉઘાડવામાં તેમને કઇ બાબતોની સરળતા પડી તે જણાવો.
૪ જમસેદપુર કયાં આવ્યું, અને તે કોણે વસાવ્યું તે જણાવી તેનાં આબાદીનાં કારણો આપો.

## વસ્તી, લોકોની જાતો, ભાષાઓ અને ધર્મો.

### વસ્તી.

હિંદુસ્તાનની વસ્તી લગભગ ૩૨ કરોડ માણસની છે. જે પૃથ્વીની આખી વસ્તીનો પાંચમો ભાગ અને મુંબાઇ ઈલાકા કરતાં લગભગ બાર ઘણી વધારે છે.'

[ આ દેશની દર ચોરસ માઇલે સરેરાશ વસ્તી ૧૭૦ માણસની ગણાય. આ વસ્તીનાં છ કરોડ માણસો દેશી રાજ્યોમાં છે અને બાકીનાં ખાલસા મુલકમાં છે, વસ્તી પૈકી ૨૨ કરોડ હિંદુ, સાત કરોડ મુસલમાન, ૪૫ લાખ ખ્રિસ્તિ, એક લાખ પારસી અને પચીસ હજાર યાહુદી છે. ]

હમેશાં બધી જગ્યાએ એક સરખી વસ્તી હોતી નથી. કેટલીક જગ્યાએ વસ્તી વધારે ઘીચ હોય છે અને કેટલીક જગ્યાએ તે આછી હોય છે. ઘીચ અથવા આછી વસ્તી હોવાનાં કારણો એવાં છે કે જે સ્થળની હવા જોઇએ તેવી અનુકુળ હોય, વરસાદ જોઇએ તેવો થાય, જમીન ફળદ્રુપ હોય, પાક ઘણો થતો હોય અને લોકોનું પોષણ સારી રીતે થાય એવું હોય તે સ્થળે વસ્તી વધારે

હોય છે. વળી જે ભાગમાં ખનીજની ખાણો હોય ને તેમાં કામ ચાલતું હોય, તથા લોખંડ વગેરેનાં મોટાં કારખાનાં ચાલતાં હોય રેલ્વેનાં જંકશનનો હોય, અને વેપાર ઉદ્યોગ પુષ્કળ ચાલતો હોય ત્યાં વસ્તી ભરચક થાય છે.

રેતીવાળા વેરાન પ્રદેશો કે જેમાં વરસાદ થતો નથી તથા જ્યાં પાક થતો નથી, જ્યાં ખોરાક મળી શકતો નથી, પાણીની અછત હોય છે, અને હવા અનુકુળ નથી હોતી ત્યાં વસ્તી ઓછી હોય છે.

આપણા દેશમાં સૌથી વધારે વસ્તી ગંગાનદીના મેદાનમાં છે. કારણ કે આ ભાગ ઘણો ફળદ્રુપ છે અને અનાજ વગેરે પુષ્કળ થાય છે. તેમાં મોટાં મોટાં શહેરો અને રેલ્વેનાં જંકશનો આવેલાં છે તથા ઉદ્યોગ વેપાર પુષ્કળ ચાલે છે. તેથી ઉતરતી વસ્તી દરિયા કિનારે છે. ત્યાં વરસાદ માફકસર થાય છે અને જમીન ફળદ્રુપ છે તેથી પાક સારો થાય છે. મધ્યના બીજા ભાગોમાં મધ્યમ વરસાદ પડે છે અને વસ્તીનું પ્રમાણ પણ મધ્યમ છે. સિંધ તરફના રણના ભાગમાં જ્યાં વરસાદ પડતો નથી અને અનાજ પાકતું નથી ત્યાં તથા પહાડી પ્રદેશમાં વસ્તી ઘણીજ ઓછી છે. બ્રહ્મદેશ પહાડી પ્રદેશ હોવાથી ત્યાં પણ વસ્તી ઘણી ઓછી છે.

## લોકો.

આ દેશમાં ઘણી જાતના લોકો વસે છે, તેમાં હિંદુની સંખ્યા વધારે છે. હિંદુના પૂર્વજોની આર્ય અને દ્રાવિડ એવી બે જાતો હતી. આ દેશના મૂળ વતની અનાર્ય લોકો છે. તેઓ જંગલી દશામાં છે.

**કોલેરીઅન**—આ લોકો અનાર્ય છે. તેઓ રજપૂતાના, મધ્યપ્રાંતો, છોટાનાગપુર અને બિહારના પહાડી મુલકોમાં વસે છે.
**દ્રાવિડો**-આ લોકો કેળવાયેલા છે. કોલેરીઅન લોકો દ્રાવિડ જાતનાજ છે એવો વિદ્વાનોનો મત છે. આ લોકો દક્ષિણ હિંદુસ્તાનમાં વસે છે. તેમાં ગોંડ નામની શાખા છે તે જંગલી સ્થીતિમાં છે.

**આર્ય**-વાવ્ય કોણમાંથી આવી ઉત્તરના ભાગમાં વસે છે. તે સુધરેલી અને કેળવણી પામેલી જાત છે. તેઓ સાધારણ રીતે બધા ભાગમાં જોવામાં આવે છે. **મોંગોલ**-આ લોકો બ્રહ્મદેશમાં વસે છે. નેપાળ ભૂતાનમાં આ લોક જોવામાં આવે છે, તે સિવાય **મુસલમાન**-હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં, **પારસી**-મુંબાઇ ઇલાકામાં, યાહુદી કોકણમાં અને **ખ્રિસ્તી**-મદ્રાસ ઇલાકામાં વધારે જોવામાં આવે છે.




## ભાષાઓ.

આ દેશમાં વપરાતી મુખ્ય ભાષાઓ ત્રણ છે. (૧) સંસ્કૃત (૨) દ્રાવિડી અને (૩) બ્રહ્મી

૧ **સંસ્કૃત** ભાષામાંથી નીકળેલી ભાષાઓ (૧) **બંગાળી** (બંગાળામાં), (૨) ઉર્ય (ઓઢીઆમાં), (૩) **હિંદી** (લગભગ આખા હિંદુસ્તાનમાં), (૪) પંજાબી (પંજાબમાં), (૫)મરાઠી(મહારાષ્ટ્રમાં) (૬) ગુજરાતી (ગુજરાતમાં) અને (૭) સિંધી (સિંધમાં) છે.

૨ **દ્રાવિડી**માંથી નીકળેલી ભાષાઓ-તામિલ ( દ. મદ્રાસમાં ), તેલુંગી ( ઉ. મદ્રાસમાં), મલાયમ ( મલબાર કિનારે ), કાનડી (કાનડા, મ્હેસુર અને કરનાટકમાં), છે.

૩ **બર્હ્મી**-બ્રહ્મદેશમાં બોલાય છે.


૪ ઉર્દુ-મુસલમાનો ઉર્દુ ભાષા બોલે છે. તે હિંદી, અરબી અને ફારસીની મીશ્ર ભાષા છે.

૫ **અંગ્રેજી**-રાજકિય ભાષા છે. અને તે સરકારી કચેરીઓમાં વપરાય છે.

## મુખ્ય ધર્મો.

હિંદુસ્તાનમાં **હિંદુધર્મ** પાળનારા લોકોની મોટી વસ્તી છે. લગભગ વસ્તીનો પોણો ભાગ આ ધર્મ પાળે છે. હિંદુઓ મુખ્યત્વે કરીને દ્રાવિડ, આર્ય, અને શક જાતિમાંથી બનેલા છે. તેઓ અનુક્રમે વાયવ્ય કોણમાંથી આવેલા છે. આ ધર્મના ઘણા ફાંટા છે.

**મુસલમાની ધર્મ** પાળનારની સંખ્યા લગભગ $\frac{1}{5}$ જેટલી છે. તેઓ અર્બસ્તાન, તુર્કસ્તાન અને તાર્તરી તરફથી આવેલા છે. તેમની વસ્તી ઉત્તર હિંદુસ્તાનમાં બલુચિસ્તાન, સિંધ, પંજાબ અને પૂર્વ બંગાળામાં વધારે છે. **જૈનધર્મ**-પાળનારાની સંખ્યા મારવાડ અને ગુજરામાં વધારે છે. **બૌદ્ધધર્મ** માનનારાની સંખ્યા બ્રહ્મદેશમાં વધારે છે. **જરથોસ્થી**-પારસી લોકોનો ધર્મ છે. તેમની સંખ્યા ઘણી થોડી છે. તેઓ ગુજરાતમાં વધારે છે. શીખધર્મ પાળનારા પંજાબમાં વસે છે. અને **ખ્રિસ્તીધર્મ**ના લોકો મદ્રાસ ઇલાકામાં અને બંગાળામાં છે. યાહુદી લોકો યાહુદી ધર્મ પાળે છે.


હિંદુસ્તાનનું આઉટલાઈન.

# કૃતિ.

૧ હિંદુસ્તાનના જે ભાગમાં વધારે ઘીચ વસ્તી હોય તે ભાગ આડી લીટીઓ દોરીને અને જે ભાગમાં ઘણીજ ઓછી વસ્તી હોય તે ભાગમાં ટપકાં મુકીને બતાવો અને તેમ હોવાનાં કારણો આપો.

૨ કઇ કઇ જાતના લોકો કયા કયા ભાગમાં વસે છે તે જણાવો.

૩ હિંદુસ્તાનમાં કઈ કઈ ભાષાઓ કયા કયા ભાગમાં વપરાય છે તે આપેલા નકશામાં ભાગ પાડી તેમાં તે ભાષાનાં નામ લખીને બતાવો.


૪ સંસ્કૃત અને દ્રાવિડી ભાષામાંથી કઇ કઇ ભાષાઓ નીકળેલી છે અને તે કયા કયા ભાગમાં બોલાય છે તે જણાવો.

૫ હિંદુસ્તાનમાં કયા કયા ધર્મો પળાય છે તે જણાવો અને તે તે ધર્મો પાળનારા લોકો મુખ્યત્વે કરીને જે ભાગમાં વસ્તા હોય તે ભાગમાં તે તે ધર્મનાં નામ નકશામાં લાલ શાહીથી લખો.

## ઉદ્યોગ–ધંધો.

આ દેશના લોકોનો મુખ્ય ધંધો **ખેતીનો** છે. આ દેશની જમીન ફળદ્રુપ છે અને તેથી થોડી મહેનતે પાક સારો થાય છે. અને તેથી વસ્તીના ૭૦ ટકા ખેતી કરે છે. તેથી ઉતરતો ધંધો **વણવાનો** છે. આ ધંધો આ દેશમાં ઘણા જુના વખતથી ચાલે છે. સુતરાઉ અને રેશમી કપડાં તથા શેત્રંજીઓ હાથે વણવાની શાળોથી ઘણા ભાગમાં વણાય છે. તેમજ નાંનાં મોટાં શહેરોમાં હાથે વણવાનાં કારખાંનાં અને મીલો છે. સુતરની મીલો મુંબાઇ, અમદાવાદ અને

નાગપુરમાં ઘણી છે. મુંબાઈ ઇલાકામાં કપાસ ઘણો થાય છે અને તેથી આ ઈલાકામાં લગભગ ૨૦૦ મીલો છે, અને હિંદુસ્તાનમાં બધી થઈને લગભગ ૨૭૫ મીલો છે. તે સિવાય **શણનાં કારખાનાં** લગભગ ૭૫ છે. શણ બંગાળામાં થાય છે અને તેથી તેનાં બધાં કારખાનાં બંગાળામાં અને તે ઘણે ભાગે કલકત્તામાં છે. શણનાં ટાટીયાં અને કોથળા તૈયાર થાય છે અને તે દુનિયાના બધા ભાગમાં પુરા પાડે છે. **ઉનનાં કારખાનાં**-ઉનનાં કારખાંનાં પંજાબ અને કાશ્મીરમાં છે. આ દેશોમાં ઠંડી પુષ્કળ પડે છે અને ત્યાં ગરમ કાપડની જરૂર છે. તે ડુંગરાળ પ્રદેશમાં બકરાં પુષ્કળ ઉછેરે છે અને તેમના વાળનું પુષ્કળ ઉન થાય છે. કાશ્મીરમાં પશ્મી જાતની બકરીઓ થાય છે તેનું ઉન ઉત્તમ પ્રકારનું હોય છે, જેની શાલો વિગેરે વણાય છે, અને તે સર્વત્ર પ્રસિદ્ધ છે. **ધારીવાલ** (પંજાબ), દિલ્હી અને **કાનપુર**માં ઉનનાં મોટાં કારખાંનાં છે. ત્યાંની કામળીઓ વખણાય છે. આ દેશમાં ઉનની આશરે પચીસ મીલો છે. **રેશમી કાપડ વણવાનાં કારખાંનાં**—બંગાળામાં શેતુરનાં ઝાડ પુષ્કળ થાય છે અને તેથી ત્યાં રેશમના કીડા થાય છે. અને તેની આશરે પાંચ છ મીલો બંગાળામાં છે. પંજાબમાં પણ રેશમ થાય છે. તે સિવાય હિંદુસ્તાનમાં **કાગળ બનાવવાની** દસ મીલો છે. અને **ચોખાની** અને **લાકડાં વહેરવાની** પણ ઘણી મીલો છે. **તાંબા પીતળનાં વાસણો બનાવવાનાં** ઘણાં કારખાંનાં છે. જેમાં ઘણા સારા ઘાટ તૈયાર થાય છે. લોખંડનાં લગભગ ૬૦-૭૦ કારખાંનાં છે. મોટામાં મોટું લોખંડનું કારખાનું **જમસેદપુર પાસે ટાટા** કંપનીનું છે. વળી જુદી જુદી જાતની ધાતુઓનાં ઘણાં કારખાંનાં છે. તે સિવાય આપણા દેશમાં ઉંચી કારીગીરીની ચીજો ઘણી થાય છે. સોનારૂપા, હાથીદાંત, અને સુખડનું કોતરકામ ઉત્તમ પ્રકારનું થાય છે. તેમજ જડાવ, વેલબુટ્ટી, અને કસબકામ તથા શેત્રંજીઓ સારી થાય છે.


હિંદુસ્તાનનું

## કૃતિ.

૧ હિંદુસ્તાનમાં ઉદ્યોગો કયા કયા છે અને કયાં કયાં છે તે જણાવો.

૨ જે જે શહેરમાં સુતરની ઘણી મીલો હોય તે શહેરનાં નામ નકશામાં લખી ત્યાં એક જાતનું નિશાન કરો.

૩ જે શહેરો ઉનનાં કારખાંનાં માટે પ્રખ્યાત હોય તે શહેરોનાં નામ નકશામાં લખી ત્યાં બીજી જાતનું નિશાન કરો.

૪ જે દેશમાં શણુ થતું હોય ત્યાં તે નામ લખો અને તેનાં કારખાંનાંને માટે જે શહેર પ્રખ્યાત હોય તેનું નામ લખી ત્યાં ચોકડીની નિશાની કરો.

૫ પંજાબ અને કાશ્મીરમાં ઉત્તમ પ્રકારનું ઉન થાય છે. અને તેની શાલો, કામળીઓ વગેરે સારાં થાય છે. ત્યાં ઉન શબ્દ લખો.

૬ નીચે જણાવેલાં સ્થળોએ કયા કયા ઉદ્યોગો ચાલે છે તે કારણુ સાથે જણાવો. મુંબાઇ, કલકત્તા, જમસેદપુર, કાનપુર અને બનારસ.

## વ્યવહાર અને પરદેશ સાથેનો વેપાર તથા માર્ગો.

પ્રાચીન કાળથી આ દેશ વેપારને માટે પ્રખ્યાત છે. હાલમાં અંગ્રેજ લોકો જોડે પરદેશનો ઘણો વેપાર ચાલે છે અને તે કરાંચી, મુંબાઈ, કલકત્તા, મદ્રાસ, રંગુન વગેરે બંદરોએથી થાય છે. ખુશકી માર્ગ કરતાં જળ માર્ગે લઈ જવા લાવવામાં ઓછો ખર્ચ લાગે છે.

**નિકાસ**—આ દેશમાંથી રૂ, સુતર, ચોખા, ઘઉં, તેલીબીયાં. કોપરાં, અફીણુ, શણુ, રેશમ, ઉન, શાલો, ચા, બુંદ, હાથીદાંત, લાખ, ગળી, હરડાં, ગુંદર, કાથો, મીણુ, ચામડાં વગેરે પરદેશ જાય છે.

**આયાત**—અને તેને બદલે રેશમી, સુતરેલ તથા ઉનનાં કપડાં, કાગળ, સ્ટેશનરી, કાચનો સામાન, સાંચાકામ, ધાતુઓ, કેરોસીન, ઔષધો, ચા, ખાંડ, અને મોટરો આવે છે.


હિંદુસ્તાનના વેપારનો ઘણો ભાગ ઈંગ્લાંડ જોડે, તેથી ઉતરતો અનુક્રમે જર્મની, યુનાઇટેડ સ્ટેટસ, ચીન, ફ્રાન્સ, જાપાન અને પૂર્વ આફ્રિકા વગેરે દેશો જોડે છે. જે લગભગ છ અબજનો છે. જમીન માર્ગે પણ અફઘાનિસ્તાન, બલુચિસ્તાન, ઈરાન અને તિબેટ જોડે છે. તે લગભગ ૧૫ કરોડ રૂપીઆનો છે.

આ દેશમાંથી ઘઉં તથા ચાનો મોટો જથો ગ્રેટબ્રિટનમાં જાય છે. ચોખા–ઈંગ્લાંડ, સિલોન, સ્ટ્રેટ સેટલમેન્ટસ, મોરિશિઅસ, નાતાલ અને ઝાંઝીબાર જાય છે. રૂ જાપાન, જર્મની, ઇટાલી, બેલ્જીઅમ અને ઈંગ્લાંડ જાય છે. શણ ઘણે ભાગે યુનાઈટેડ સ્ટેટસ અને જર્મની જાય છે. તેલીબીયાં અને તેજાનો ઈંગ્લાંડ જાય છે. કૉફી ઈંગ્લાંડ અને ઑસ્ટ્રેલિઆમાં જાય છે. સુતર ચીન અને જાપાન જાય છે. આપણે ત્યાં ખજુર અરબસ્તાનમાંથી, અને ખાંડ જાવા તથા મોરિશિઅસના ટાપુમાંથી આવે છે.

આ દેશમાંથી શણ ૪૨ કરોડ રૂપીઆનું, ચા ચૌદ કરોડ રૂપીઆની, કૉફી દોઢ કરોડ રૂપીઆની, ગળી અડધા કરોડ રૂપીઆની, અને તમાકુ પોણા કરોડ રૂપીઆની પરદેશ જાય છે. અફીણનું ઉત્પન્ન બે કરોડ રૂપીઆનું છે.


## હિંદુસ્તાનના માર્ગો.

૧ જુના વખતમાં આપણા દેશમાં એક સ્થળેથી બીજે સ્થળે જવા આવવા તથા માલ લઈ જવા લાવવા ગાડાં, પોઠો, ઉંટ, વગેરે સાધનો વપરાતાં હતાં. હાલ પણ જ્યાં રેલ્વે, પાકી સડકો વગેરે



નથી ત્યાં ગામડાંમાં જવા આવવા ગાડાં વપરાય છે. તેમજ રણના પ્રદેશમાં ઉંટ, નેપાળ, ભૂતાન અને કાશ્મીરના ઉત્તર ભાગમાં યાક, બ્રહ્મદેશ અને સિલોનમાં હાથીનો ઉપયોગ થાય છે કાચી સડકો છે ત્યાં મોટરો શરૂ થઈ છે. અને તેનાથી ઘણો વ્યવહાર માણસોની તથા માલની લાવ લઇ જાવ થાય છે.

૨ હાલમાં ઘણા ખરા બધા ભાગોમાં રેલ્વે થઇ ગઇ છે અને ત્યાં બધો વ્યવહાર રેલ્વે મારફતજ ચાલે છે. હિંદુસ્તાનમાં લગભગ ૩૮૦૮૦ માઇલની રેલ્વે થઇ ગઇ છે અને તેથી કરીને એક સ્થળેથી બીજે સ્થળે સહેલાઈથી જવામાં, માલ લઇ જવા લાવવામાં, જરૂર પડે તે સ્થળે લશ્કર ફેરવવામાં, અને દુકાળના પ્રસંગે અનાજ અને ઘાસ ચારો પહોંચાડવામાં ઘણીજ અનુકુળતા થઈ છે. આ જુદી જુદી રેલ્વેઓ નીચે પ્રમાણે છે.



૧ જી. આઇ. પી. રેલ્વે ( ગ્રેટ ઇન્ડીઅન પેનીનશ્યુલર રેલ્વે ) આ લાઈન મુંબાઇથી જળગામ, ભુસાવળ, ભોપાળ, ઝાંસી, આગ્રા થઈ દિલ્હી જાય છે. આ રસ્તામાં કટનીથી બી. એન ( બંગાળા નાગપુર ) રેલ્વે કલકત્તા જાય છે. મુંબાઇથી કલકત્તાનો મેઈલ આ રસ્તે જાય છે. બીજો ફાંટો ભુસાવળથી નાગપુર સુધી જાય છે અને નાગપુરથી બી. એન રેલ્વે કલકત્તા જાય છે. મુંબાઇથી કલકત્તાનો આ ટુંકામાં ટુંકો રસ્તો છે. મુંબાઇથી દિલ્હી જતી લાઇનમાંનો એક ફાંટો ઝાંસીથી કાનપુર અને બીજો ફાંટો ઇટારસીથી જબલપુર થઈ અલ્હાબાદ જાય છે. મુંબાઈથી આની બીજી લાઇન પુના થઇ રાયચુર સુધી જાય છે. ત્યાંથી એમ. એન્ડ એસ. એમ રેલ્વેમાં મદ્રાસ જવાય છે.

૨ બી. બી. સી. આઇ રેલ્વે-(બોમ્બે, બરોડા એન્ડ સેન્ટ્રલ ઇન્ડિઆ રેલ્વે મુંબાઇથી સુરત, ભરૂચ, વડોદરા, ( બીજી લાઇન વડોદરાથી ગોધરા, રતલામ થઇ જાય છે ) અમદાવાદ, અજમેર થઈ દિલ્હી જાય છે. અને દિલ્હીથી કાનપુર સુધી જાય છે. અને સુરતથી જળગામ જઇ જી. આઇ. પી. ને મળે છે.

૩ બી. એન. (બંગાળા નાગપુર) રેલ્વે—નાગપુર અને કલકત્તા વચ્ચે છે. અને હાવરા ( કલકત્તા )થી વિઝાગાપટ્ટણ જાય છે. ત્યાંથી એમ એન્ડ એસ. એમ રેલ્વેમાં મદ્રાસ જવાય છે.

૪ ઇ. આઇ (ઇસ્ટ ઇન્ડિઆ) રેલ્વે—કલકત્તાથી પટના, બનારસ, કાનપુર અને લખનૌ થઇ દિલ્હી જાય છે.

૫ એન. ડબલ્યુ ( નૉર્થ વેસ્ટર્ન ) રેલ્વે દિલ્હીથી લાહોર થઈ પેશાવર જાય છે. અને લાહોરથી મુલતાન થઇ સિંધમાં રોહરી, હૈદરાબાદ થઇ, કોટરી થઈ કરાંચી જાય છે. અને કોટરીથી બીજી લાઇન રૂક, જેકોબાબાદ, થઇ બલુચિસ્તાનમાં બોલનઘાટ, કવેટા થઇ ચમન સુધી જાય છે. બીજો ફાંટો કવેટાથી નુસ્કી થઇ બલુચિ-

સ્તાનની ઉત્તર સરહદે ઠેઠ ઈશાનની સરહદે ડઝડપ સુધી જાય છે. આ રેલ્વેના પંજાબમાં ઘણા ફાંટા છે.

૬ મદ્રાસ એન્ડ સાઉથ મરાઠા રેલ્વે (એમ. એન્ડ એસ. એમ) રાયચુરથી મદ્રાસ; અને પુનાથી ગડાગ, બલ્લારી થઇ બેઝવાડા જાય છે. અને મદ્રાસથી વીઝાગાપટ્ટણ (ત્યાંથી બી. એનમાં કલકત્તા જવાય છે.) જાય છે. બીજો ફાંટો મદ્રાસથી ગોવા જાય છે.


૭ સાઉથ ઈન્ડિઅન રેલ્વે એક લાઇન મદ્રાસથી મેંગ્લોર અને બીજો ફાંટો મદ્રાસથી ત્રિચિનાપલ્લી અને મદુરા થઇ ધનુષ ખોડી, ટુટુકોરિન અને ત્રિવેંદ્રમ જાય છે.

૮ બી એન્ડ એન ડબલ્યુ રેલ્વે–બંગાળ અને નૉર્થ વેસ્ટ (વાવ્ય પ્રાંત) રેલ્વે કલકત્તાથી પટણા થઈ દિલ્હી જાય છે. આ રેલ્વેના સંયુક્ત પ્રાંતમાં ઘણા ફાંટા છે.

૯ આઉધ અને રોહિલખંડ રેલ્વે-સંયુક્ત પ્રાંતમાં છે.

બર્મા રેલ્વે-રંગુનથી પેગુ થઇ માંડલે અને ત્યાંથી છેક ઉત્તરમાં જાય છે. રંગુનથી બીજો ફાંટો પ્રોમ જાય છે. ત્યાં જળ માર્ગે (કલકત્તાથી રંગુન ) જવાય છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશ વચ્ચે પર્વતો આવેલા છે તેથી આ બે દેશ વચ્ચે રેલ્વેનો સંબંધ નથી.

૩ **જળમાર્ગ**—હિંદુસ્તાનનો પરદેશ સાથેનો સઘળો વ્યવહાર જળ માર્ગે થાય છે. રેલ્વે કરતાં જળ માર્ગ ખર્ચમાં ફાયદાકારક છે. આ બધો વ્યવહાર કરાંચી, આડત્રા, મુંબાઈ, મદ્રાસ, કલકત્તા, રંગુન, ચિતાગોંગ અને કોલંબો બંદરો મારફત થાય છે. આ બંદરોએથી ઇંગ્લાંડ અને યુરોપના બીજા દેશો, મોમ્બાસા અને ઝાંઝીબાર ( આફ્રિકા ), મોરિશિઅસ ટાપુ, અને ઑસ્ટ્રેલિઆ, ચીન, જાપાન અને અમેરિકા સાથે વેપાર ચાલે છે. હિંદુસ્તાનના કિનારાનો અને દેશના અંદરના ભાગનો વેપાર કિનારાનાં બંદરો, દરિઆઇ નહેરો, મોટી નહેરો અને મોટી નદીઓમાં વહાણો અને હોડીઓ મારફતે ચાલે છે.


હિંદુસ્તાનના માર્ગો
ટપાલનો હવાઈ માર્ગ
જળ માર્ગ
રેલ્વે
યુ રો પ
આ ફ્રિ કા
લંડન
પારિસ
માર્સેલ્સ
બગદાદ
બસરા
પેશાવર
દિલ્હી
કલકત્તા
મુંબાઈ
કોલંબો
એડન
રંગુન
મોમ્બાસા
ઝાંઝીબાર
લંડન થી મુંબાઈ ૨૨ દિ.

**૪ હવાઇ વિમાન માર્ગ**–લંડનથી કરાંચી સુધી વિમાનોમાં ટપાલ લાવવાની શરૂ કરી છે. આ માર્ગે લંડનથી પારિસ, બ્રેસલ, જીનોવા, રોમ, નેપલ્સ, આથેન્સ, બગદાદ, બસરા, બુશાયર, જાસ્ક અને ગ્વાદર થઇ કરાંચી વિમાન આવે છે. તેને હાલ લગભગ ૭ દિવસ લાગે છે. કરાંચીથી દિલ્હી, દિલ્હીથી કલકત્તા, કલકત્તાથી રંગુન, અને કરાંચીથી મુંબઇ અને ત્યાંથી કલકત્તા તથા મદ્રાસ સાથે આ વિમાનનો વ્યવહાર માર્ગ ચાલુ થવાની તૈયારી છે.

## કૃતિ.

૧ હિંદુસ્તાનની મુખ્ય નિકાસ અને આયાત જણાવો.

૨ આપણા દેશમાંથી ઘઉં, ચોખા, ખાંડ, તેલીબીયાં, ચા, કાફી, અને સુતર મોટા ભાગે કયા કયા દેશોમાં જાય છે તે જણાવો.

૩ દિલ્હીને કલકત્તા, મદ્રાસ, મુંબાઇ, કરાંચી અને પેશાવર સાથે રેલ્વે લાઇનો દોરી તે વડે જોડી દો.

૪ આ લાઇનો વચ્ચે આવતાં મોટાં શહેરો અને જંકશનોનાં નામો લખો.

૫ રેલ્વે લાઇનોથી દેશને શા શા ફાયદા થાય છે તે જણાવો.

૬ કોલંબોથી પેશાવર ટુંકામાં ટુંકા કયે માર્ગે થઇને જવાય અને રસ્તામાં કયાં કયાં મોટાં શહેરો આવે તે જણાવો.


૭ મુંબાઇથી કલકત્તા જવાના કેટલા રસ્તા છે અને તેમાં ટુંકામાં ટુંકો રસ્તો કયો છે તે નકશામાં લાલ શાહીથી બતાવો અને મેઇલ (ટપાલ) કયે રસ્તે જાય છે તે બતાવો.


૮ હિંદુસ્તાનના કયા ભાગમાં વધારેમાં વધારે રેલ્વે છે અને ત્યાં વધારે રેલ્વે હોવાનાં કારણો શું છે તે જણાવો.


૯ કયા દેશમાં બીલકુલ રેલ્વે નથી અને કયા ભાગમાં ઘણી થોડી રેલ્વે છે તે કારણો સાથે જણાવો.

૧૦ હિંદુસ્તાનના પરદેશ સાથેના જળ માર્ગો નકશામાં બતાવો.

૧૧ હવાઇ વિમાન માર્ગનો રસ્તો કયાંથી કયાં સુધી શરૂ થયો છે અને તેમાં કયાં સ્ટેશનો કરેલાં છે તે નકશો દોરી તેમાં જણાવો.


હિંદુસ્તાનનું






## હવાખાવાનાં સ્થળો.

**સિમલા**—(×૭૨૦૦ ફુટ ઉંચું) પંજાબમાં હવાખાવાનું સ્થળ છે. દિલ્હીથી સિમલા સુધી ઠેઠ રેલ્વે છે. ગવર્નર જનરલ સાહેબ અને દિલ્હીના ગવર્નર સાહેબ ઉનાળામાં ત્યાં રહે છે. (૨) **નૈનિતાલ** ( ૬૫૦૦ ફુટ ) સંયુક્ત પ્રાંતમાં આવેલું છે ત્યાંના ગવર્નર સાહેબ ઉનાળામાં ત્યાં હવાખાવા જાય છે. (૩) **મસુરી** તેજ પ્રાંતમાં નૈનિતાલની પાસે હવાખાવાનું સ્થળ છે. (૪) **દાર્જલીંગ** (૭૦૦૦) બંગાળા ઈલાકામાં ઉત્તરે સિકીમ પાસે હવાખાવાનું સ્થળ છે. આ

× ટીપ—કૌંસમાં જે આંકડા આપ્યા છે તે તે શીખર તેટલા ફુટ ઉંચુ છે તે બતાવે છે.

ઈલાકાના ગવર્નર સાહેબ ઉનાળામાં ત્યાં રહે છે. ત્યાં ચાના ઘણા બગીચા છે. (૫) **શીલાંગ** આસામમાં હવાખાવાનું સ્થળ છે તે પ્રાંતના ગવર્નરસા. ઉનાળામાં ત્યાં રહે છે. (૬) **પંચમડી** (૩૫૦૦ ફુટ) મધ્યપ્રાંતમાં ત્યાંના ગવર્નર સા૦ ને હવાખાવાનું સ્થળ છે. (૭) **રાંચી** (૪૫૦૦ ફુટ) છોટા નાગપુરમાં બિહાર અને ઓરિસાના ગવર્નર સા૦ ને હવાખાવાનું સ્થળ છે. (૮) **આબુ** (૫૬૦૦ ફુટ) રજપુતાના એજન્સીના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ ઉનાળામાં ત્યાં રહે છે. અને જૈનોનું જાત્રાનું સ્થળ છે. (૯) **મહા બળેશ્વર** (૪૮૦૦ ફુટ) સતારા જીલ્લામાં પશ્ચિમ ઘાટનું શીખર અને હવા-ખાવાનું સ્થળ છે. મુંબાઈના ગવર્નર સાહેબ ઉનાળામાં ત્યાં રહે છે. (૧૦) **ઉટાકામંડ** (૭૦૦૦ ફુટ) નીલગિરિનું શીખર અને હવાખાવાનું સ્થળ છે. મદ્રાસ ઈલાકાના ગવર્નર સા૦ ઉનાળામાં ત્યાં રહે છે. તે કોનુરના સ્ટેશનેથી ૧૨ માઇલ થાય છે. (૧૧) નાશક પાસે **દેવલાલી** હવાખાવાનું સ્થળ છે. ક્ષયના દરદીઓને અહીંની હવા માફક આવે છે.

## જાત્રાનાં સ્થળો.

**કાશી (બનારસ)**-(૨૦૦૦૦) ગંગા નદીને કિનારે હિંદુઓનું મોટું જાત્રાનું ધામ છે. અહીં હિંદુ યુનિવર્સિટિની મોટી પાઠશાળા તેમજ બીજી કેટલીક સંસ્કૃત પાઠશાળા છે. અહિનાં પીતળનાં વાસણ અને જરી કામ (ખેસ) વખણાય છે. **મથુરાં**-(સં. પ્રાં) તેમાં શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ થએલો છે. તેથી તે જાત્રાનું મોટું સ્થળ ગણાય છે. તેની પાસે **વૃંદાવન** અને **ગોકુળ** પવિત્ર સ્થળ આવેલાં છે. **અલ્હાબાદ (પ્રયાગ)** (૧૫૬૦૦૦) સંયુક્ત પ્રાંતોનું મુખ્ય શહેર ગંગા જમનાના સંગમ ઉપર મોટું જાત્રાનું સ્થળ છે. કુંભ રાશીમાં અહીં મોટો મેળો ભરાય છે. તેનું મૂળ નામ પ્રયાગ છે. તે એક વેપારનું મોટું મથક છે. તેમાં એક વિશ્વ વિદ્યા-


લય છે. આ પ્રાંતના ગવર્નર અહીં રહે છે. **ગયા** (બિહાર) (૬૮૦૦૦) હિંદુઓનું અને બૌદ્ધનું મોટું જાત્રાનું સ્થળ છે. હિંદુઓ અહિં શ્રાદ્ધ કરે છે. આ શહેરમાં પીપળાના ઝાડ નીચે ગૌતમબુદ્ધને જ્ઞાન થયું હતું. **જગન્નાથપુરી** ( ૪૯૦૦૦ ) ઓરિસાના કિનારા ઉપર જાત્રાનું મોટું ધામ છે. ત્યાં જગન્નાથજીનો પ્રસાદ લેવામાં જાતિભેદ ગણવામાં આવતો નથી. **હરદ્વાર, બદરીનાથ, કેદારનાથ,** અને **ગંગોત્રી** ઉત્તરમાં હિંદુઓનાં જાત્રાનાં સ્થળ છે. ઉદેપુરના રાજ્યમાં શ્રીનાથજી વૈષ્ણવોનું જાત્રાનું ધામ છે. અજમેર પાસે **પુષ્કરજી** જાત્રાનું સ્થળ છે. ગુજરાતમાં **દ્વારકાં** અને **ડાકોર** વૈષ્ણવોનાં જાત્રાનાં સ્થળ છે. **ગઢડા** અને **વડતાલ** સ્વામિનારાયણ સંપ્રદાયનાં ધામ છે. **ઉદવાડા** પારસીનું જાત્રાનું સ્થળ છે. આબુ, ગીરનાર, આરાસુર, પાલીતાણા, એ જૈનોનાં જાત્રાનાં સ્થળ છે. દક્ષિણમાં **પંઢરપુર** સોલાપુર જીલ્લામાં શ્રીવીઠોબાની જાત્રાનું સ્થળ છે. **નાશિક** (૩૩૪૦૦) ગોદાવરીના કાંઠા ઉપર જાત્રાનું સ્થળ છે. સિંહસ્થ વખતે અહીં મેળો ભરાય છે, **ત્ર્યંબક** તેની પાસે જાત્રાનું સ્થળ છે. **શ્રીરંગમ** (મદ્રાસ) કાવેરી નદીમાં બેટ છે. શ્રીરામાનુજ સંપ્રદાયનું જાત્રાનું સ્થળ છે. ત્યાં વિષ્ણુંનું મોટું સુંદર દહેરૂ છે. **રામેશ્વર** (મદ્રાસ) દક્ષિણ કિનારા ઉપર બેટ છે. તે હિંદુઓનું જાત્રાનું મોટું ધામ છે. **અમૃતસર** (પંજાબ) શીખલોકોનું જાત્રાનું મોટું ધામ છે. તેમાં સુવર્ણમંદિર નામનું શીખ લોકોનું દહેરૂં છે. અહીંની શાલો વખણાય છે.

## કૃતિ.

૧ આ સાથેના નકશામાં હિંદુસ્તાનમાં આવેલાં હવાખાવાનાં સ્થળોનાં નામ તેમના યોગ્ય સ્થળે લખો અને તેની તળે લીટી દોરો.

૨ સાથેના નકશામા હિંદુસ્તાનમાં આવેલાં જાત્રાનાં સ્થળોનાં નામ તેમના યોગ્ય સ્થળે લખી તેની જોડે ધજાનું ચિન્હ કરો.


ટીપ—દરેક શહેરના ચોકસ સ્થળે ટપકું મુકવું.


હિંદુસ્તાનનું આબોહવા.

# રાજ્ય પદ્ધતિ.

હિંદુસ્તાન ઇંગ્રેજ સરકાર (ઇંગ્લાંડ દેશના રાજા) ના તાબામાં છે. ત્યાંના રાજા હાલ નામદાર શહેનશાહ પાંચમા જ્યૉર્જ છે. તેઓ હિંદુસ્તાનના બાદશાહ (કૈસરે હિંદ) કહેવાય છે. તેઓ પોતાની પાર્લામેંટની સલાહથી આ દેશના રાજ્યકારોબાર માટે ત્યાં સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇંડિઆ (હિંદી પ્રધાન) અને તેની સભા નીમે છે. તે અહીંના કારોબાર માટે પાર્લામેંટને જવાબદાર છે તે સભાને ઇંડિઆ કાઉન્સિલ કહે છે. તે ૮ થી ૧૨ સભાસદની હોય છે તેમાં ૩ હિંદી હોય છે તેમના તરફથી અમલ ચલાવવા માટે શહેનશાહ એક અમલદાર ગવર્નર જનરલ (વાઇસરોય-રાજ પ્રતિનિધિ) નીમે છે. તે પાંચ વર્ષ માટે હોય છે વાઇસરોયને મદદ કરવા માટે બે સભાઓ હોય છે. ૧ **કારોબારીસભા (એક્ઝી ક્યુટિવ કાઉન્સિલ)** અને બીજી **વડીધારાસભા (ઇમ્પીરીઅલ લેજીસ્લેટિવ કાઉન્સિલ)** પહેલી સભામાં આઠ સભાસદો હોય છે. તેમાં ત્રણ હિંદી હોવા જોઇએ. તે કાયદાનો અમલ કરવામાં અને રાજ્ય કારોબાર ચલાવવામાં મદદ કરે છે. બીજી સભા કાયદા ઘડે છે આ સભાના બે ભાગ કરેલા છે. એક રાજ્ય સભા **(કાઉન્સિલ ઓફ સ્ટેટ)** અને બાજી **(લેજીસ્લેટિવ એસેમ્બ્લી)** દરેક કાયદો આ બે સભામાં પસાર થઇ વાઇસરૉયની મંજુરી લીધા પછી અમલમાં મુકાય છે. રાજ્ય સભામાં ૬૦ સભાસદ હોય છે તે પૈકી ૩૪ લોકો તરફના હોય છે. વડી ધારા સભામાં ૧૪૪ સભ્યો પૈકી ૧૦૦ લોકો તરફના હોય છે.

**પ્રાંતિક ધારા સભા**—ગવર્નનર જનરલ આખા હિંદુસ્તાનના ઉપરી અમલદાર છે. તેમના હાથ નીચે દરેક ઇલાકા અને મોટા પ્રાંતોમાં ગવર્નર નિમેલા છે. તેવા ઇલાકા અને પ્રાંતો **મુંબાઇ, મદ્રાસ, બંગાળા, બિહાર અને ઓરિસા, સંયુક્તપ્રાંતો,**


હિંદુસ્તાનનું સામ્રાજ્ય.
રાજકિય વિભાગ અને મુખ્ય શહેર
પેશાવર
શ્રીનગર
લાહોર
દિલ્હી
રજપુતાના
અજમેર
વડોદરા
દીવ
મુંબાઈ
હૈદરાબાદ
મધ્યપ્રાંત
નાગપુર
અલ્હાબાદ
પટણા
બહાર
અને
ભુતાન
બંગાળા
કલકત્તા
ઓરિસ્સા
કટક
મદ્રાસ
પોંડીચેરી (ફ્રે)
ગોવા
લક્ષદ્વીપ
માલદ્વીપ
કોલંબો
સિલોન
આન્ડામાન
નિકોબાર
રંગુન
બ્રહ્મદેશ
ઇંગ્રેજી રાજ્ય
દેશી રાજ્યો.

**પંજાબ, મધ્યપ્રાંતો, આસામ** અને **બ્રહ્મદેશ** એ નવ છે. તેમાં **ગવર્નર** નીમવામાં આવ્યા છે. દરેક ગવર્નરને મદદ કરનારી ત્રણ સભાઓ છે. કારોબારી સભા, મિત્રમંડળ સભા, અને ધારા સભા. આ પ્રાંતિક વહીવટના બે વિભાગ કરેલો છે. એક ગવર્નર અને કારોબારી સભાને હસ્તક છે અન બીજો ગવર્નર અને મિત્રમંડળને હસ્તક છે. રિઝર્ડ વિષયો મહેસુલ, ન્યાય ખાતુ, ઈરિગેશન, વિગેરે પહેલી સભાને હસ્તક છે. ટ્રાન્સફર્ડ વિષયો કેળવણી, આબકારી, સેનિટેશન વિગેરે બીજી સભાને હસ્તક છે. પ્રાંતિક કારોબારી મંડળમાં ગવર્નર અને બીજી બેથી ચાર સભ્યો હોય છે. મંત્રી મંડળમાં ત્રણ સભ્યોની **પ્રાંતિક ધારાસભા**–આ સભાઓમાં દરેક પ્રાંતવાર સભ્યોની સંખ્યા જુદી જુદી હોય છે, આપણા ઇલાકામાં ૧૧૧ છે. તેમા ૮૬ પ્રજા તરફથી ચુંટાએલા અને ૨૫ સરકાર તરફથી પસંદકરેલા હોય છે.

આ સિવાય બીજા નાના પ્રાંતોમાં **ચીફ કમીશનર** નિમેલા છે. તે **દિલ્હી, વાવ્ય સરહદનો પ્રાંત, બ્રિટિશ બલુચિસ્તાન, અજમેર-મેરવાડ, કુર્ગ** અને **આંડામાન તથા નિકોબાર** એ છ છે. ચીફ કમીશનરો ને મદદ કરવા સભાઓ નીમેલી નથી. **સિલોનમાં** ગર્વનરની નિમણોક કરવામાં આવે છે તે ઇંગ્રેજ સરકારની સીધી દેખરેખ નીચે છે.

દરેક ઈલાકા તથા પ્રાંતોના વિભાગ પાડેલા છે જેને ડિવિઝન ( વિભાગ ) કહે છે. તેના ઉપરી કમીશનર નિમેલા છે. વિભાગના ભાગને જીલ્લા કહે છે તેના ઉપરી કલેકટર અને જીલ્લાના વિભાગને તાલુકા કહે છે તેના ઉપરી મામલત્તદાર નિમેલા છે. દરેક ગામે તલાટી અન પોલીસ પટેલ હોય છે.

કલેકટરને મદદ કરવા જીલ્લા સભા અને મામલતદારને મદદ કરવા તાલુકા સભા હોય છે.

તે સિવાય મોટાં શહેરોમાં મ્યુનિસિપાલિટિ અને નાંનાં ગામોમાં લોકલ બોર્ડ હોય છે. જે રસ્તાઓ, દિવાબત્તી, આરોગ્યતા અને પ્રાથમિક કેળવણી વગેરે કામોની વ્યવસ્થા કરે છે.

**દેશી રાજ્યો**-હિંદુસ્તાનમાં નાંનાં મોટાં મળી એકંદર ૭૦૦ દેશી રાજ્યો છે. તેમાંનાં હૈદ્રાબાદ, વડોદરા, મ્હૈસુર, ત્રાવણકોર, કાશ્મીર અને કોચીન મિત્ર રાજ્યો છે. અને તે વાઇસરૉયની દેખરેખ નીચે છે. અને તેમાં ઇંગ્રેજ સરકાર તરફથી રેસિડેન્ટ રહે છે. નેપાળ અને ભૂતાન સ્વતંત્ર રાજ્યો છે.

પશ્ચિમ હિંદનાં રાજ્યો, મધ્યહિંદ એજન્સી, અને રજપૂતાના એજન્સીમાં એજન્ટ ટુધી ગવર્નર જનરલ નિમેલા છે. જે ગવર્નર જનરલની દેખરેખ નીચે છે. એજન્સી-એકજથે આવેલાં દેશી રાજ્યોના સમૂહને રાજકિય વિભાગ માટે એજન્સી કહે છે.

**પરદેશી સંસ્થાનો**-આ દેશમાં પોર્ટુગીઝ અને ફ્રેન્ચના તાબામાં થોડોક મુલક રહેલો છે. તે નીચે પ્રમાણે છે.

**પોર્ટુગીઝ સંસ્થાનો**-મુંબાઇ ઇલાકામાં દીવ, દમણ અને ગોવા એ ત્રણ સ્થળો છે.

**ફ્રેંચ સંસ્થાનો-પોંડીચેરી** કોરોમાંડલ કિનારે ફ્રેંચ સંસ્થાનનું મુખ્ય શહેર છે તેમાં તેમનો ગવર્નર જનરલ રહે છે. તે સિવાય કાવેરી નદીના મુખ આગળ **કારીકલ** મલબાર કિનારે **માહી** ગોદાવરી નદીના મુખ પાસે **યાનાન** અને કલકત્તા પાસે હુગલી નદી ઉપર **ચંદ્રનગર** એ પાંચ શહેરો છે.

## કૃતિ.

૧ આ સાથે આપેલા નકશામાં હિંદુસ્તાનના રાજકિય ભાગ પાડી તેમાં તેમનાં નામ લખો.

૨ વાઈસરૉયને મદદ કરનારી કારોબારી સભા અને વડી ધારા સભાનું ટુંકામાં વર્ણન આપો.

૩ પ્રાંતિક ધારા સભાનું ટુંકામાં વર્ણન આપો.


૪ કયા ઇલાકા અને પ્રાંતોમાં ગવર્નર નીમેલા છે તે અને કયા પ્રાંતોમાં ચીફ કમીશન નીમેલા છે તે જણાવો.

૫ મોટાં દેશી રાજ્યો કયાં કયાં છે તથા મોટી એજન્સીઓ કઇ

છે અને તેમની રાજ્ય વ્યવસ્થા કેવા પ્રકારની છે તે જણાવો.

૬ સ્વતંત્ર રાજ્યો ક્યાં છે તે સાથેના નકશામાં ત્રાંસી લીટીઓ દોરી તેમાં તેમનાં નામ લખી જણાવો.

૭ પોર્ટુગીઝ તથા ફ્રેંચનાં સંસ્થાનો ક્યાં ક્યાં છે તે જણાવી તે નકશામાં જુદી જુદી નિશાની કરી જણાવો.



# હિંદુસ્તાનનું સામ્રાજ્ય


## ( ભાગ ૨. જો. )

### વિશેષ હકીકત.

## મુંબાઇ ઇલાકો.

આ ઇલાકાની હકીકત તમે મુંબાઇ ઇલાકાની ભૂગોળમાં શીખી ગયા છો. તેથી અહીં મુખ્ય શહેરોની હકીકત આપેલી છે.

મુંબાઈ ( ૧૧૭૨૦૦૦ ) આ ઇલાકાની રાજધાનીનું શહેર અને મોટું પહેલા નંબરનું બંદર એક બેટ ઉપર આવેલું છે. તે ઘણું સુંદર બંદર અને બારૂ છે. દુનિયાનાં મોટાં શહેરો અને ઉત્તમ બંદરોમાં તેની ગણત્રી છે. યુરોપથી હિંદુસ્તાનમાં કરાંચી સિવાય પાસેમાં પાસેનું બંદર છે. તેની આસપાસ કપાસની તેમજ બીજી ઉત્તમ દ્રવ્ય ભૂમિ હોવાથી નિકાસનું મુખ્ય મથક હોઇ ત્યાંથી રૂ, સુતર, અફીણ, મેંગેનીઝ વગેરે સઘળો માલ પરદેશ જાય છે. તે બી. બી. સી. આઇ અને જી. આઇ. પી. રેલ્વેનું નાકુ છે. આ શહેરમાં લગભગ સો મીલો છે અને તેમાં બે લાખ મજુરો કામ કરે છે. તેમાં એક મોટી આર્ટની યુનિવર્સિટિ, વૈદક તથા કાયદાની મહા વિદ્યાલયો, હુન્નર શાળા, ચિત્રશાળા, ઉદ્યોગશાળા, હાઇસ્કુલો, અને વૈદક તથા વેપાર માટે વિદ્યાલયો છે. તે લાખો રૂપીઆની માલની આયાત નિકાસનું સ્થાન છે. તેમાં મીલો, સરકારી, અને રેલ્વેની ઓફીસો, મોટા વેપારીની પેઢીઓ, વીજળી, ટ્રામ, વગેરે ઘણી જાતનાં કારખાંના અને મોટાં વિદ્યાલયો, હોવાથી નોકરી, રોજી, વેપાર, વગેરે કારણોથી માણુસોની ભરતી થઇ તેની જલદી આબાદી થઇ છે.


પંજાબ
રજપુતાના.
મારવાડ
કરાચી
હૈદ્રાબાદ
ઉમરકોટ
માંડવી
ભુજ
અમદાવાદ
દ્વારકા
રાજકોટ
ભાવનગર
જુનાગઢ
દીવ
વિંધ્યાચળ પર્વત
નર્મદાનદી
સાતપુડા પર્વત
ભરૂચ
નાસિક
ગોદાવરી નદી
મુંબાઈ
રત્નાગિરિ
ગોવા
કારવાર
મદ્રાસ
મુંબાઇ ઇલાકો.


મુંબાઈ સરકારના તાબામાં અરબસ્તાનની દક્ષિણે આવેલું **એડન** બંદર ( ૫૬૦૦૦ ) છે તે રાતા સમુદ્રમાંથી અરબી સમુદ્રમાં આવવાનો દરવાજો છે. ઇંગ્લાંડથી આવતી અને ત્યાં જતી આગબોટો અહીંથી પાણી અને કોલસા લે છે. અને તેને માટે તે અગત્યનું બંદર ગણાય છે.

**કરાંચી** ( ૨૧૬૮૮૩ ) સિંધુ નદીના મુખ આગળ સિંધનું મુખ્ય શહેર અને બીજા નંબરનું કુદરતિ બંદર અને બારૂ છે. આ બંદરેથી ઘઉં, ઉન અને રૂ પરદેશ જાય છે. ઘઉં અને ઉન પંજાબમાંથી પુષ્કળ આવે છે. **અમદાવાદ** (૨૭૪૦૦) આ શહેર ઇ. સ. ૧૪૧૨માં સુલાતન અહમદશાહે વસાવ્યું હતું. તે અસલના વખતથી ગુજરાતની રાજધાનીનું શહેર છે અને હાલ પણ ઉત્તર વિભાગના કમીશનર સાહેબ ત્યાં રહે છે. આ શહેર આ ઇલાકામાં મુંબાઈથી બીજે નંબરે ગણાય છે. તેને રાજનગર પણ કહે છે. આ શહેરમાં સુતર કાંતવાની તથા કાપડ વણવાની લગભગ ૭૦ મીલો છે ને તેમાં ઘણા લોકોને રોજી મળે છે. તે વેપારનું મુખ્ય મથક છે અને ધમધોકાર વેપાર ચાલે છે. તેમાં નવ હાઇસ્કુલો અને એક મહાવિદ્યાલય (કૉલેજ) છે. ત્યાંનું રેશમી, સુતરાઉ અને કસબી (કિનખાબ) કાપડ ઘણું વખણાય છે. **સુરત** (૧૧૮૦૦) તાપી નદીને ડાબે કિનારે આવેલું છે. એ જુના વખતમાં સારૂ બંદર હતું. પણ તાપી નદીના મૂળ આગળ કાંપ ઠરી જઈ ત્યાં મોટાં વહાણુ આવી શકતાં નથી અંગ્રેજોએ અહીં પહેલવહેલી ૧૬૧૨ માં કોઠી નાખી હતી. ત્યાંનું જરી કામ અને કિનખાપ વખણાય છે. **ભરૂચ** (૭૦૦૦) નર્મદા નદીને કિનારે ભૃગુ-ઋષિના વખતનું ઘણું પુરાતન શહેર છે. તે બંદર હોવાથી ત્યાં વહાણમાં માલ આવે છે. ત્યાં બળીરાજાની ચોરી અને ભૃગુઋષિનું દહેરૂં જોવા લાયક છે. **વડોદરા** શ્રીમંત ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર છે. તેમાં રાજ મહેલ, નજરબાગ, કામાટી બાગ, સંગ્રહસ્થાન (મ્યુઝીયમ), વગેરે જોવા લાયક છે. તેમાં એક આર્ટસની કૉલેજ, ત્રણ હાઇસ્કુલો, એક ગર્લ્સ હાઇસ્કુલ, મેલ અને ફ્રીમેલ ટ્રેનિંગ

કોલેજો અને કળાભવન છે. અહીંની પાઘડીઓ વખણાય છે. **પુના** (૨૧૪૭૯૬) પુના જીલ્લાનું મુખ્ય શહેર છે. તે પહેલાં પેશ્વાની રાજધાની હતી અને હાલ મધ્ય વિભાગના કમીશનરને અને ચોમાસામાં મુંબાઇના ગવર્નર સાહેબને રહેવાનું સ્થળ છે. તે દરિઆની સપાટીથી ૧૮૦૦ ફુટ ઉંચું આવેલું હોવાથી તેની હવા ઘણી સારી છે. તે જી. આઇ. પી. અને મદ્રાસ અને સધર્ન મરાઠા રેલ્વેનું જંકશન છે. ત્યાં આર્ટની ચાર મહાવિદ્યાલયો, ત્રણ ટ્રેનિંગ કોલેજો, અને દસબાર હાઇસ્કુલો છે.

**નાશક** ગોદાવરી પર આવેલું જાત્રાનું સ્થળ છે. ત્યાં તાંબા પીતળનાં વાસણ સારાં થાય છે. **લોનાવલા** અને **દેવલાલી** હવા ખાવાનાં સ્થળ છે. દેવલાલીની હવા ક્ષયના દરદીને માફક આવે છે. તે લશ્કરી છાવણીનું સ્થળ છે.

**મહાબળેશ્વર** પશ્ચિમ ઘાટમાં પાંચ હજાર ફુટની ઉંચાઇએ હવાખાવાનું સ્થળ છે. **પંઢરપુર** જાત્રાનું સ્થળ છે. ત્યાં વીઠોબાની મૂર્તિ છે. **બેલગામ** દક્ષિણ વિભાગનું તથા બેલગામ જીલ્લાનું મુખ્ય શહેર છે. ત્યાં વાંસ પુષ્કળ થાય છે તેથી તેને **વેણુંગ્રામ** પણ કહે છે.



**બિજાપુર** (૩૨૪૮૫)એ જીલ્લાનું મુખ્ય શહેર છે. ત્યાં અસલ મુસલમાનની રાજધાની હતી. તેમાં સુલતાન મહમદનો રોજો જોવા લાયક છે. તેનો ઘુમટ દુનિયામાં મોટામાં મોટો ઘુમટ છે. તે **ગોળ ઘુમટ**ના નામથી પ્રખ્યાત છે. તેનો વ્યાસ ૧૨૪ ફુટ છે. ત્યાં પહેલાના વખતની એક ૨૮ ઇંચની જુની તોપ છે. તેને “મલિકેમેદાન” કહે છે. **ધારવાડ** (૩૪૭૫૦)એ જીલ્લાનું મુખ્ય

શહેર છે. ત્યાં કર્નાટક કોલેજ નામની મહાવિદ્યાલય છે. તેની પાસે સોનાની ખાણ હતી. તે કપાસના વેપારનું મથક છે. **રત્નાગિરિ, કારવાર,** અને ગોવા બંદરો છે. **ગોવા** પોર્ટુગીઝના તાબામાં છે. ત્યાં કિનારાનો ઘણો વેપાર થાય છે. **હૈદરાબાદ** (સિંધ) વેપારનું મોટું મથક છે. ત્યાં રૂપાની અને લાખની કારીગરી ઉત્તમ થાય છે. ત્યાંની શેત્રંજીઓ વખણાય છે. **જેકોબાબાદ** આ શહેરમાં આખી દુનિઆ કરતાં વધારેમાં વધારે તાપ પડે છે. **ભુજ** કચ્છના રાજ્યનું મુખ્ય શહેર છે. ત્યાં સોના રૂપાનું નકશી કામ અને કસબ તથા હીરનું ભરત કામ ઉત્તમ થાય છે.

---

# મદ્રાસ ઇલાકો

હિંદુસ્તાનમાં છેક દક્ષિણે આ ઈલાકો આવેલો છે. આ ઇલાકાની ત્રણે બાજુએ પાણી છે. તેનો કિનારો ૧૭૦૦ માઇલ લાંબો છે તેનું ક્ષેત્રફળ દોઢ લાખ ચોરસ માઇલ અને વસ્તી ચાર કરોડ બાસઠ લાખ માણસની છે; એટલે મુંબાઈ ઈલાકા કરતાં દોઢી છે. આ ઇલાકામાં ચાર ભાષાઓ વપરાય છે તે મદ્રાસની ઉત્તરમાં તેલુગુ, દક્ષિણમાં તામિલ, કાનડા મ્હૈસુર અને કર્નાટકમાં કાનડી અને મલબાર કિનારે (કોચીન, ત્રાવણકોરમાં) મલાયમ ભાષા બોલાય છે. પ્રથમ આ ઇલાકામાં તેલંગણ, ચોલ, ચેરા અને વિજયનગર વગેરે દેશી રાજ્યો આવેલાં હતાં.

આ ઈલાકામાં પશ્ચિમઘાટ આગળનો ભાગ ઉચ્ચ પ્રદેશ છે અને પૂર્વ તરફનો ભાગ નીચો છે એટલે તેનો ઢાળ પશ્ચિમથી પૂર્વ તરફનો છે તેથી તેની નદીઓ પશ્ચિમથી પૂર્વ તરફ વહી બંગાળાના ઉપસાગરને મળે છે.

આ ઈલાકો વિષુવવૃત્તની પાસે હોવાથી ત્યાં ગરમી વધારે પડે છે. પણ દરીઓ પાસ હોવાથી ઠંડી અને ગરમી લગભગ સરખી લાગે છે. આ ઈલાકામાં ચોમાસામાં અને શિયાળામાં એમ વરસમાં બે વખત વરસાદ પડે છે.




મદ્રાસ ઇલાકો, કુર્ગ પ્રાંત, મ્હૈસુર, હૈદરાબાદ અને સિલોન.

**પર્વતો**—આ ઇલાકાની પશ્ચિમ સરહદે **પશ્ચિમ ઘાટ** અને પૂર્વના ભાગમાં **પૂર્વઘાટ** આવેલા છે. તે બંન્ને જે જગ્યાએ મળે છે ત્યાં **નિલગિરિ** પર્વત આવેલો છે. તેમાં **ઉટાકામંડ** હવા ખાવાનું સ્થળ છે ત્યાં ઇલાકાના ગવરનર સાહેબ ઉનાળામાં રહે છે. (જુઓ પાન ૧૬)

**નદીઓ** ગોદાવરી, કૃષ્ણા, તુંગભદ્રા, પન્નાર, પુલાર અને કાવેરી (જુઓ પાન ૨૦) આ બધી નદીઓ બંગાળાના ઉપસાગરમાં પડે છે. આ નદીઓના મુખ આગળ કાંપ ઠરે છે અને ફળદ્રુપ જમીન થએલી છે. આ નદીઓમાંથી નહેરો કહાડી ખેતીને પાણી પુરૂ પાડે છે.

**પેરીઆર યોજના**—પેરીઆર નદી જે કાર્ડેમમ પર્વતની પશ્ચિમ તરફ વહેતી હતી તે નહેર ખોદી તેનું પાણી પર્વતની પૂર્વ બાજુએ વહેવરાવવાની યોજના કરી છે અને તેનુ પાણી ખેતીના ઉપયોગમાં લેવા માંડયું છે જેથી ઘણો ફાયદો થાય તેમ છે.

**સરોવરો**—ચિલકા, કોલર અને પુલીકટ છે. (જુઓ પાન ૨૨)

**પેદાશ**—દરિઆ કિનારે ચોખા થાય છે. તે સિવાય તમાકુ, રાગી, તેલી, બીયાં, શેરડી, રૂ, ગરમ મશાલો અને ગળી થાય છે. નીલગિરિ પર ચા, બુંદ અને સિંકોના (જેમાંથી ક્વીનાઇન નીકળેછે) થાય છે. દરીઆ કિનારે નાળિએરી પુષ્કળ થાય છે. આ ઇલાકામાં લોખંડ, અબરખ અને મેંગેનીઝની ખાણો છે. કેટલીક જગ્યાએથી હીરા તથા સોનું નીકળે છે. ત્રાવણ કોરમાં રબર થાય છે.

**મુખ્ય શહેરો મદ્રાસ**, (૫,૨૩,૦૦૦) આ ઇલાકાની રાજધાનીનું શહેર અને બંદર કોરોમાંડળ કિનારાપર આવેલું છે. આ બંદર કુદરતી નથી પણ કૃત્રિમબારૂ દરિઆમાં પથ્થરની દિવાલો બાંધીને કરવામાં આવ્યું છે. આ બંદરેથી તમાકુ, ગળી, ચામડાં, તેલીબીયાં તેમજ રૂ પરદેશ ચડે છે. તેમાં એક વિશ્વ વિદ્યાલય છે. ત્યાં રેશમી તથા સુતરાઉ કાપડની મીલો છે. અહીંનું રૂપાની નકશી કામ વખણાય છે. બધા ભાગોમાંથી અહીં સુધી રેલ્વે આવેલી છે.

**મદુરા** (૧૩૪૦૦૦) ઘણું જુનું શહેર છે. તેમાં પહેલાં પાંડ્ય રાજ્યની રાજધાની હતી. તેમાં ઘણાં પ્રાચીન દેવળો આવેલાં છે. ત્યાંની સાડીઓ, કસબી ફેંટા, ખેસ અને પીતળનાં વાસણ વખણાય છે.

**ત્રિચિનાપલ્લી** (૧,૨૨,૦૦૦) કાવેરી નદીના કિનારે આવેલું મોટું શહેર અને લશ્કરી છાવણીનું સ્થળ છે. ત્યાંની ચીરૂટ (બીડીઓ) અને જવાહીરના દાગીના વખણાય છે.

**શ્રીરંગમ** કાવેરી નદીના ટાપુ ઉપર આવેલું છે. તે રામાનુજ સંપ્રદાયનું જાત્રાનું સ્થળ છે. તેમાં વિષ્ણુનું સુંદર મોટું દહેરૂં છે.

**સાલેમ** આ શહેર પાસે લોખંડની ખાણો છે. ત્યાંનું પોલાદ કામ વખણાય છે. **ઉટાકામંડ** (૮૦૦૦ ફુટ) નીલગિરિ પર હવા ખાવાનું સ્થળ છે. મદ્રાસના ગવર્નર ઉનાળામાં ત્યાં રહે છે. તે કોનુરના સ્ટેશનથી ૧૨ માઇલ દૂર છે.

**કાલીકટ** મલબાર કિનારા ઉપર આવેલું બંદર છે. ઇ. સ. ૧૪૯૨ માં પોર્ટુગીઝના ખુદા વાસ્કો-ડી-ગામા આ બંદરે ઉતર્યા હતો. કેલીકો નામનું કાપડ આ શહેરના નામ ઉપરથી પડેલું છે.

**મછલીપટ્ટણ** કૃષ્ણા નદીના મુખ આગળ બંદર છે.

**વિઝાગાપટ્ટણ** પૂર્વ કિનારા પર બંદર છે. તે શીંગડાંની બનાવેલી પેટીઓને માટે પ્રખ્યાત છે. **કોઇમતુર** કસબી કાપડને માટે પ્રખ્યાત છે.

**મેંગલોર** પશ્ચિમ કિનારે બંદર છે. ત્યાં વિલાયતી નળીયાં બને છે તેને માંગ્લોરી નળીયાં કહે છે જે પ્રસિદ્ધ છે.

**બેટો—રામેશ્વર** છેક દક્ષિણ કિનારે બેટ છે. તે હિંદુઓનું જાત્રાનું મોટું ધામ છે. **તુતિકોરીન** બંદર છે. ત્યાં આગળ મોતી નીકળે છે.

**લક્ષદ્વીપ** પરવાળાંના બેટોનો સમુહ છે. તે મદ્રાસના ગવર્નરને તાબે છે. તેની મુખ્ય પેદાસ અને નિકાસ નાળિએર છે.

## દેશી રાજ્યો.

### (૧) ત્રાવણુકોર અને (૨) કોચીન

**ત્રાવણુકોર**—આ રાજ્ય મલબાર કિનારે છેક દક્ષિણમાં આવેલું છે. તે ઘણો ફળદ્રુપ પ્રદેશ છે. તેની મુખ્ય પેદાશ ચોખા અને નાળિએર તથા સાગ, એળચી, પીપર, મરી, ખુંદ, અને કોપ્રી છે. મુખ્ય શહેર **ત્રિવેંદ્રમ** (૫૭૦૦૦) રાજધાનીનું શહેર છે. **કોચીન** ત્રાવણુકોરની ઉત્તરે નાનું હિંદુ દેશી રાજ્ય છે. તેની જમીન, પેદાશ વગરે ત્રાવણુકોરના જેવીજ છે. તેનું મુખ્ય શહેર **અર્નકોલમ** છે.

## કુર્ગ પ્રાંત.

મ્હૈસુરની નૈરૃત્યે આ પહાડી પ્રાંત આવેલો છે. આ પ્રાંતનું ક્ષેત્રફળ ત્રણ હજાર ચોરસ માઇલ અને વસ્તી દોઢ લાખ માણસની છે. તે બ્રિટિશ સરકારના તાબામાં છે. મ્હૈસુરનો રેસિડેન્ટ તે કુર્ગનો ચીફકમીશનર છે. તેમાં મુખ્ય પાક ખુંદ અને એળચી છે. તેનું મુખ્ય શહેર **મર્કેરા** (૭૦૦૦) સમુદ્રની સપાટીથી ૩૮૦૦ ફુટની ઉંચાઇએ આવેલું છે.

## મ્હૈસુર.

નિઝામના રાજ્યની દક્ષિણે આ એક દેશી રાજ્ય આવેલું છે. તેમાં અંગ્રેજ સરકાર તરફથી રેસીડેન્ટ રહે છે. તે એક ઉચ્ચ પ્રદેશ છે અહીં વરસાદ લગભગ ૩૦ થી ૫૦ ઇંચ પડે છે. તે ઉપરાંત કાવેરી નદીમાંથી નહેરો કાઢેલી છે એટલે ખેતી સારી થાય છે. નહેરોના પાણીથી ચોખા અને શેરડી પકવે છે. ઉચ્ચ પ્રદેશ હોવાથી ગરમી વધારે લાગતી નથી. લોકો કાનડી ભાષા (કનારસી) બોલે છે.

પેદાશ ચોખા, શેરડી, રાગી (ત્યાંના લોકોનો મુખ્ય ખોરાક—બંટી જેવી થાય છે) અને કપાસ, જંગલમાં ઇમારતી લાકડું અને સુખડ થાય છે. પહાડો ઉપર કૉફી અને સિંકોના થાય છે. મુખ્ય ખનિજ—કોલરની ખાણુમાંથી સોનું નીકળે છે અને કેટલીક જગ્યાએથી મેંગેનીઝ પણુ નીકળે છે.

મુખ્ય શહેર—બાંગલોર(૨,૩૮,૦૦૦) દરીઆની સપાટીથી ૩૦૦૦ ફુટનો ઉંચાઇએ આવેલું છે તેથી ત્યાંની હવા ઘણી સારી છે ત્યાં વિદ્યાની શોધખોળને માટે ટાટારીસર્ચ ઈન્સ્ટીટયુટ નામની એક સંસ્થા, અને લશ્કરી છાવણી છે. ત્યાંના મહારાજા અને રેસીડેન્ટ તેમાં રહે છે. તેમાં સુતરાઉ તથા ઉનનાં કપડાં વણુવાની મીલો છે.

મ્હેસુર—રાજધાનોનું શહેર છે. ત્યાં રાજાનો મહેલ છે અને તેમાં દરબાર ભરાય છે. કોલરમાં સોનાની ખાણો છે. તેમાંથી લાખો રૂપાઆનું સોનું નીકળે છે. કાવેરીના ધોધમાંથી વીજળી ઉત્પન્ન કરી તેનાથી આ કારખાનું ચલાવવામાં આવે છે. શ્રીરંગપટ્ટણુ કાવેરી નદીમાં ટાપુપર આવેલું શહેર છે. તે હૈદરઅલીની રાજધાની હતી.

## નિઝામનું રાજ્ય.

વરાડ અને મધ્ય પ્રાંતોની દક્ષિણે દક્ષિણુ હિંદુસ્તાનના મધ્ય ભાગમાં આ હિંદુસ્તાનનું મોટામાં મોટું દેશીરાજ્ય આવેલું છે. આ દેશનું ક્ષેત્રફળ ૮૩૦૦૦ માઇલ છે અને વસ્તી એક કરોડ પાંત્રીસ લાખ માણુસની છે. તેમાં ઘણો ભાગ હિંદુ છે. તેઓ મરાઠી, કાનડી અને તેલુગુ ભાષા બોલે છે. મુસલમાનો ઉર્દુભાષા વાપરે છે. આ મુસલમાની રાજ્ય છે, અને રાજા નિઝામ કહેવાય છે. મોગલરાજાના સુબા નિઝામ-ઉલ-મુલ્કે સ્વતંત્રથઈ રાજ્ય સ્થાપ્યું તેથી તેના રાજાઓ નિઝામ કહેવાય:છે. આ પ્રદેશ ઉચ્ચ ભૂમિનો છે ને તેનો

ઢાળ પશ્ચિમથી પૂર્વ તરફનો છે. અહીં વરસાદ લગભગ ૩૦ ઇંચ પડે છે અને તેથી ખેતીને પાણી નદીઓમાંથી મળે છે. આ રાજ્યમાં મુખ્ય નદીઓ ગોદાવરી, કૃષ્ણા, ભીમા, અને તુંગભદ્રા છે. અહીંથી બહાર જતો મુખ્ય પાક રૂ છે. તેને માટે મુંબઇ અને વરાડથી ત્રીજે નંબરે આ ભાગ ગણાય છે. તે સિવાય ઘઉં, ચોખા, બાજરી, બંટી, અને તેલીબીયાં થાય છે. ખનિજમાં **કોલસા** અને **લોઢું** છે.

**મુખ્ય શહેર હૈદરાબાદ** (૪,૦૪,૦૦૦) રાજધાનીનું શહેર છે. આ શહેરમાં દરેક જાતના લોકો જોવામાં આવે છે. વસ્તીના પ્રમાણમાં આ શહેર હિંદુસ્તાનમાં ચોથે નંબરે છે. તેમાં ઘણાં સુંદર મકાનો બાંધેલાં છે. **સિકંદરાબાદ**માં લશ્કરી છાવણી છે. **ઔરંગાબાદ, દોલતાબાદ** અને **ગોવળકોંડા** બીજાં શહેરો છે. **અજીંટા** અને ઇલોરામાં બૌદ્ધ, જૈન અને હિંદુધર્મની ગુફાઓ (કોતરી કાઢેલાં દેવળો) છે. તેનું રંગીત ચિત્રકામ જોવા લાયક છે. **રાયચુર** મદ્રાસ અને જી. આઇ. પી. રેલ્વેનું જંકશન છે.

## કૃતિ.


૧ દક્ષિણના ભૂપૃષ્ટ તથા વરસાદ સંબંધી હકીકત સમજાવો અને કયા ભાગમાં કેટલો વરસાદ પડે છે તે નકશામાં બતાવો.

૨ સાથેના નકશામાં દક્ષિણના પર્વતો, નદીઓ અને સરોવરો ચિત્રી તેમનાં નામ લખો અને મદ્રાસના ગવર્નર સા૦નું ઉનાળામાં હવાખાવાનું સ્થળ કર્યુ છે તે જણાવી ત નામ ત્યાં લખો.

૩ આ દેશની પેદાશ વનસ્પતિ તથા ખનિજનાં નામ જેતે સ્થળે લખો.

૪ મદ્રાસ, મદુરાં, ત્રિચિનાપલ્લી, શ્રીરંગમ, સાલેમ, કાલીકટ, વિઝાગાપટ્ટણ, રામેશ્વર, બાંગલોર, કોલર, મ્હેસુર, હૈદરાબાદ, અજીંટા, એ નામ નકશામાં યોગ્ય સ્થળે લખો અને તે શાને માટે પ્રખ્યાત છે તે જણાવો.


૫ કુર્ગપ્રાંતની મુખ્ય પેદાશ શી છે તે જણાવો.



# બંગાળા.

( ગંગાનદીના પ્રદેશમાં બંગાળા, આસામ, બિહાર અને ઓરિસા અને સંયુક્ત પ્રાંત આવેલા છે.

આ દેશ ગંગાના મેદાનનો પૂર્વ ભાગ છે, એટલે તેની જમીન સપાટ અને ફળદ્રુપ છે તે ગંગા, બ્રહ્મપુત્રા વગેરે નદીઓએ હિમાલયમાંથી ખેંચી આણેલા કાંપની બનેલી છે. આ ઈલાકાનો દક્ષિણભાગ તે ગંગાનદીના ડેલ્ટાનો પ્રદેશ છે. આ દેશની હવા ગરમ અને ભેજવાળી છે. અહીં વરસાદ પુષ્કળ એટલે બધા ભાગમાં ૬૦ ઇંચ ઉપરાંત પડે છે, કારણ કે નૈરૃત્યનો મોન્સૂનનો પવન હિમાલય પર્વતને લીધે આગળ જઇ શકતો નથી અને બધો ભેજ અહીં ઠાલવી દે છે તેથી આ દેશમાં વરસાદ વધારે પડે છે. તેમજ હિમાલયમાંથી નદીઓમાં આવતું પાણી નીચી જમીન હોવાથી



બધે પથરાઈ જાય છે તેથી આ દેશ હમેશાં લીલો રહે છે, અને તેમાં ખેતી સારી થાય છે. સમુદ્રકિનારાના ત્રિકોણ પ્રદેશમાં સુંદરી નામનાં ઝાડનાં જંગલો છે તેથી તે સુંદરબનના નામથો ઓળખાય છે.

**પેદાશ**—મુખ્ય પાક ચોખા, શણ, શેરડી, ચાહ, રૂ, અને ગળી છે. દુનિઆમાં થતા **શણનો** મોટો ભાગ એકલા બંગાળામાંજ થાય છે. કારણકે ગંગાનદીના ડેલ્ટામાં દર વર્ષે નવો કાંપ ખેંચાઇ આવે છે તે કાંપ અને ગરમ ભેજવાળી હવા તેને માફક આવે છે. કલકત્તામાં આ શણના કોથળા બનાવવાની મીલો છે જે આખી દુનિઆમાં તેપુરા પાડે છે. આ દેશ ફળદ્રુપ હોવાને લીધે અહીં ઘણી ઘાઢી વસ્તી છે. જે દર સ્કવેર માઈલે ૬૦૦ માણસની ગણાય છે. એટલે દુનિયામાં વધારે ઘીચ વસ્તીવાળો પ્રદેશ આ છે.

**કલકત્તા** (૧૨,૬૩,૦૦૦) આ ઇલાકાની રાજધાની દરિઆથી ૭૦ માઇલ દૂર હુગલી (ગંગા) નદીના મુખ આગળ મોટું બંદર છે. હિંદુસ્તાનમાં પહેલા નંબરનું અને બ્રિટિશ સામ્રાજ્યમાં (લંડન મુકીને) બીજા નંબરનું શહેર છે. સં. ૧૯૧૨ સુધી તે હિંદુસ્તાનનું મુખ્ય શહેર અને વોઈસરોયને રહેવાનું સ્થળ હતું. તેની આસપાસ ગંગા નદીની ખીણના સમૃદ્ધ દ્રવ્ય ભૂમિનો પ્રદેશ આવેલો છે. તેથી ત્યાં ઘણો મોટો વેપાર ચાલે છે. તેનો નિકાસ ચોખા, શણ, ચા, તેલીબીયાં, અફીણ, ગળી અને ચામડાં છે. તેમાં કાગળ, શણ, સાબુ અને સુતરનાં કારખાનાં છે. તેમાં એક વિશ્વવિદ્યાલય છે. આ શહેરમાં મોટાં સુંદર મકાનો બાંધેલાં છે તેથી તેને "મહેલોનું શહેર" કહે છે. તેની સાથે રેલ્વેથી હિંદુસ્તાનનાં મોટાં શહેરો જોડાએલાં છે. આ શહેરના હુગલી નદીની જમણી બાજુનો ભાગ **હાવરા** કહેવાય છે.

**ચિતાગોંગ** બીજું સારૂં બંદર છે. આ બંદરેથી આસામનો ચા અને શણ વગેરે પરદેશ ચડે છે. **ઢાકા** બીજું મોટું શહેર શણના પાકના મધ્યમાં આવેલું છે. ત્યાંની મલમલ જુના વખતથી વખણાય છે. **દાર્જીલીંગ** સિકીમ પાસે હવા ખાવાનું સ્થળ છે.

બંગાળાના ગવર્નર ઉનાળામાં ત્યાં હવા ખાવા જાય છે. ત્યાં ઉત્તમ પ્રકારની ચા થાય છે.

**મુર્શિદાબાદ** મુસલમાનોના વખતમાં તેમની રાજધાનીનું શહેર હતું. ત્યાં તે રેશમી કાપડ અને ગળીના વેપારને માટે પ્રખ્યાત છે. બનકુરા અને રાણીગંજમાં કોલસાની ખાણો છે. ઝરિઆ, રાણીગંજ અને ગિરિધમાં થઈને દરવર્ષે પોણા બે કરોડ ટન કોલસા નીકળે છે જે હિંદુસ્તાનમાં નીકળતા કોલસાનો ૯/૧૦ છે.

**ચંદ્રનગર** ફ્રેન્ચ લોકોનું સંસ્થાન છે. દેશી રાજ્યો—કુચ બિહાર અને **ટિપેરા** દેશી રાજ્યો છે.

## આસામ.

આ પ્રાંત હિંદુસ્તાનની ઇશાન સરહદે આવેલો છે. તે જંગલનો અને પહાડી પ્રદેશ છે. અહીંની હવા ભેજવાળી છે, અને શિઆળો અને ચોમાસુ એવી બેજ ઋતુઓ છે. અહીં વરસાદ પુષ્કળ પડે છે. અને તેમાં ખાસી ડુંગરની દક્ષિણે ચેરાપુંજીમાં તો આખી દુનિઆ કરતાં પણ વધારે લગ ભગ ૫૦૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. અહીં સીતેર લાખ માણસની વસ્તી છે. ખાસી, ગારો અને જેન્શીઆની ટેકરીઓ બ્રહ્મપુત્રાની ખીણની દક્ષીણે આવેલી છે. તેમાંનો ઘણો ભાગ ફળદ્રુપ છે. ગારોની ટેકરી ઉપર સાલનાં જંગલો આવેલાં છે. લોકો આસામી ભાષા બોલે છે.

**મુખ્ય પેદાશ**—ચા, ચોખા, તેલીબીયાં, ઇમારતી લાકડાં, ઇંડિઆ રબર, શણ, વગેરે છે. ચોખાનો પાક નદીઓની ખીણોમાં અને ચા ટેકરીઓના ઢોળાવ ઉપર સારો થાય છે. **કાચારમાં ચાના** ઘણા બગીચા છે. ખાસીના ડુંગરમાં કોલસાની ખાણો છે.

**મુખ્ય શહેર—સીલહટ** આ પ્રાંતનું મુખ્ય શહેર, વેપારનું મથક અને ગવર્નરને રહેવાનું સ્થળ છે. **શિલોંગ** ઉનાળામાં ગવર્નરને હવા ખાવાનું સ્થળ છે. ગૌહતી વેપારનું મથક છે. ગૌહત્તીથી શિલોંગ સુધી મોટરો જવાની સડક છે. **મણિપુર** દેશી રાજ્ય છે. તેનું મુખ્ય શહેર **મણિપુર** છે.

# કૃતિ

૧ બંગાળા દેશની જમીનની સ્થિતિ, ત્યાં પડતો વરસાદ, ત્યાંની વસ્તી, અને ત્યાં થતા મુખ્ય પાકનું તથા તેને જોઈતી આબો હવાનું વર્ણન કરો અને તે બધાંને એકબીજા સાથે કેવો સંબંધ છે તે જણાવો.

૨ કલકત્તા, ચિતાગાંગ, ઢાકા, દાર્જીલિંગ મુર્શિદાબાદ, બનકુરા, રાણીગંજ, ચંદ્રનગર, ગૌહત્તી અને શિલૉંગ, શહેરો નકશામાં લખો અને તે શાને માટે પ્રખ્યાત છે તે જણાવો.

૩ આસામમાં વધારેમાં વધારે વરસાદ કેટલો અને ક્યાં પડે છે અને તેનું કારણ શું તે જણાવી તે સ્થળ નકશામાં લખો.

૪ કલકત્તાની દ્રવ્યભૂમિ બતાવો અને તે તથા ચિતાગાંગા બંદરો-એથી કયો માલ પરદેશ જાય છે અને તે ક્યાંથી આવે છે તે જણાવો.

૫ શણ, ડાંગર, અને ચાને માટે કેવી જમીન તથા કેવાં હવા પાણી જોઇએ તે જણાવી આ પ્રાંતોમાં જે ભાગમાં તે થતાં હોય ત્યાં તેમનાં નામ લખો.

૬ બંગાળા અને આસામમાં જે સ્થળે કોલસાની ખાણો હોય તે સ્થળે નકશામાં કોલસા લખો.

૭ કલકત્તા સાથે દિલ્હી, મુંબાઇ, અને મદ્રાસને જોડનારી કઇ કઇ રેલ્વે છે અને તેમની વચ્ચે ક્યાં મોટાં શહેરો આવે છે તે જણાવો. મુંબાઇથી કલકત્તાનો ટુંકો રસ્તો કયો છે?

# બહાર અને ઓરિસા.


આ પ્રાંત બંગાળાની પશ્ચિમે આવેલો છે. તે ગંગા નદીના સપાટ મેદાનનો વચલો ભાગ છે. તે ગવર્નરના તાબામાં છે. તેનો ઉત્તર ભાગ ફળદ્રુપ મેદાન છે. દક્ષિણનો ભાગ જે છોટા નાગપુર અને ઓરિસા છે તે ઉચ્ચ પ્રદેશ છે. તે બેથી અઢી હજાર ફુટ ઉંચો છે અને તેમાં સાલ નામનાં કિમતી ઝાડોનાં જંગલો આવેલાં છે. ત્યાંના જંગલોમાં **સંતાલ** નામની જંગલી જાતના લોકો વસે છે. તેમનો મુખ્ય ધંધો ઝાડોમાંથી લાખ એકઠી કરવાનો છે. મહા નદીનો ડેલ્ટા પણ ફળદ્રુપ છે. અહીં ઉનાળામાં વધારે ગરમી અને શિઆળામાં વધારે ઠંડી પડે છે. વરસાદ પણ સારો પડે છે. ફળદ્રુપ જમીન હોવાથી વસ્તી ઘાડી છે. બહારમાં બિહારી અને હિંદી અને ઓરિસામાં ઉર્ય ભાષા બોલાય છે.

આ પ્રદેશમાં થઇને ગંગા નદી વહે છે અને તેને ગંડકી અને શોણ મળે છે. દક્ષિણમાં મહા નદી આવેલી છે તેના મુખ આગળ નહેરો કહાડેલી છે તેને ઓરિસાની નહેરો કહે છે.

**પેદાશ**–મુખ્ય પાક ચોખા, શેરડી, અફીણ અને ગળી છે. તે સિવાય કઠોળ, તેલીબીયાં તથા બીજું અનાજ પણ થાય છે.

**ખનીજ**–ત્યાં સુરોખાર, કોલસા, અને અબરખ, પુષ્કળ નીકળે છે. સીનભમમાં લોઢું અને તાંબાની ખાણો છે. ચિલકા સરોવર અને ઓરિસાને કિનારે મીઠું પાકે છે.

**મુખ્ય શહેર**—**પટણા** (૧,૨૦,૦૦૦), બહાર પ્રાંતનું મુખ્ય શહેર સોન, ઘોગરા અને ગંડકીના સંગમ પાસે છે તે પ્રથમ મગધ દેશની રાજધાની પાટલી પુત્ર હતું. તેમાં સરકારની દેખરેખ નીચે અફીણ બનાવવામાં આવે છે. **દરભંગા** અને **પુરલીઆ** વેપારનાં મથક છે. મોંગીર, ભાગલપુર અને બાંકીપુર ગંગા નદી ઉપરનાં બંદરો છે.




ગયા ( ૬૮૦૦૦ ),-હિંદુઓનુ અને બૌદ્ધનું મોટું જાત્રાનું સ્થળ છે. હિંદુઓ અહીં પિતૃશ્રાદ્ધ કરે છે. આ શહેરમાં પીપળાના ઝાડ નીચે ગૌતમ બુદ્ધને જ્ઞાન થયું હતું.

કટક—ઓરિસાનું મુખ્ય શહેર અને વેપારનું સ્થળ છે.

**પુરી-જગન્નાથ પુરી** (૪૯૦૦૦),-ઓરિસાના કિનારા ઉપર જાત્રાનું મોટું ધામ છે, તેમાં જગન્નાથજીનું મંદિર છે અને તેનો પ્રસાદ લેવામાં જાતિભેદ ગણવામાં આવતો નથી.

બાલાસોર-પહેલાં પ્રખ્યાત શહેર હતું.

હજારી બાગ-છોટા નાગપુરમાં આવેલું છે તેમાં અબરખની અને ઝરીઆ તથા ગીરીધમાં કોલસાની ખાણો છે. દોલતગંજ

પાસેથી પણ થોડા કોલસા નીકળે છે. **સાકચી** પાસે **જમશેદપુર** નવું ગામ વસ્યું છે. ત્યાં જમસેદજી ટાટાનું મોટું લોખંડનું કારખાનું છે. આ કારખાનાને લીધે હજારો લોકો ત્યાં આવી જમશેદજીના નામ પરથી જમશેદપુર ગામ વસાવી ત્યાં રહ્યા છે. **રાંચી** (૨૬૦૦૦) છોટાનાગપુરનું મુખ્ય શહેર છે. તેની આસ પાસ કોલસાની પુષ્કળ ખાણો છે. આ પ્રાંતના ગવરનર ઉનાળામાં અહીં રહે છે. ( હવા ખાવાનું સ્થળ છે. )

**દેશી રાજ્ય-સિકિમ** નેપાળ અને ભુતાનની વચ્ચે આવેલું એક નાનું દેશી રાજ્ય છે. આ રાજ્યમાં થઈને ટિબેટમાં જવાનો રસ્તો છે. અને તે રસ્તે હિંદુસ્તાન અને ટિબેટનો વેપાર ચાલે છે. આ રાજ્ય અંગ્રેજ સરકારની દેખરેખ નીચે છે. **પેદાશ**—એલચી, જંગલની પેદાશ અને તેલી બીયાં છે. અહીંનાં ટટ્ટુ અને ઘેટાં વખણાય છે.

## કૃતિ.

૧ બિહાર, ઓરિસા અને છોટા નાગપુરની પેદાશ તથા ખનિજ હોય તે જે તે સ્થળે લખો.

૨ પટણા, ગયા, કટક, જગન્નાથપુરી, હજારી બાગ, ઝરીઆ, દોલત-ગંજ, જમસેદપુર અને રાંચી શહેરોનાં નામ નકશામાં લખો, અને તે સંબંધી જે જાણવા જેવી હકીકત હોય તે જણાવો.

૩ જમસેદપુરની આબાદીનાં કારણો આપો.

૪ ટાટાના લોખંડના કારખાનાને આ ભાગમાં કહાડવામાં કઈ કઈ જાતની અનુકુળતાઓ મળી તે જણાવો.

૫ આ પ્રાંતના ગવર્નર સા૦ ઉનાળામાં કયા સ્થળે રહે છે તે જણાવી તે નામ નકશામાં લખો.

૬ હિંદુઓનાં જાત્રાનાં સ્થળો કયાં કયાં છે તે જણાવી તેમનાં નામ નકશામાં લખો.

# આગ્રા અને અયોધ્યાના સંયુકત પ્રાંતો.


આ પ્રાંત ગંગાનદીના સપાટ મેદાનનો પશ્ચિમ ભાગ છે. આ પ્રદેશ ફળદ્રુપ અને ઘીચ વસ્તીવાળો છે તેનો ઉપરી ગવર્નર છે. આ પ્રાંતનો ઉત્તરભાગ તેરાઇનાં જગલવાળો છે જેની હવા રોગીષ્ટ છે. તે સિવાયનો ભાગ ફળદ્રુપ સપાટ મેદાન છે. હવા ઠંડી અને સારી છે, અને ખેતીને તથા વસ્તીને અનુકુળ છે. ઉનાળામાં તાપ વધારે ને શિઆળામાં ઠંડી વધારે પડે છે. આ પ્રાંતના પશ્ચિમ ભાગમાં જમના અને ગંગા નદીમાંથી પુષ્કળ નહેરો કહાડવામાં આવી છે. અને તેથી તે ભાગમાં ખેતી સારી થાય છે. અહીં હિંદી ભાષા બોલાય છે.

**મુખ્ય પાક**—આ પ્રાંતમાં **શેરડી** અને ઘઉં પુષ્કળ થાય છે. તે ઉપરાંત બાજરી, ડાંગેર, કપાસ, ગળી, અફીણ, તેલીબીયાં અને ચા થાય છે.

આ પ્રાંતનો ખેતી સિવાય મુખ્ય ધંધો તાંબા પીતળનાં વાસણ, ચામડાંની વસ્તુઓ, અને રેશમી તથા ઉનનાં કપડાં બનાવવાનો છે.

આ પ્રાંતમાં રેલ્વેના ઘણા ફાંટા આવેલા છે તેમજ હિંદુઓનાં જાત્રાનાં ધામ અને મોટાં શહેરો ઘણાં આવેલાં છે. **હરદ્વાર, બદરીનાથ, કેદારનાથ** અને **ગંગોત્રી** જાત્રાનાં પવિત્ર સ્થળો આવેલાં છે.


**મુખ્ય શહેરો—અલાહાબાદ** (પ્રયાગ) (૧,૫૬,૦૦૦) સંયુક્તપ્રાંતનું મુખ્ય શહેર ગંગા, જમના, અને સરસ્વતી નદીના સંગમ ઉપર આવેલું છે. આ ત્રણ નદીઓના સંગમનું સ્થળ **ત્રિવેણી સંગમ** હિંદુઓનું ઘણુંજ પવિત્ર સ્થળ અને જાત્રાનું ધામ ગણાય છે. તેનું મૂળનામ **પ્રયાગ** છે. આ પ્રાંતના ગવર્નર અહીં રહે છે. તેમાં એક વિશ્વવિદ્યાલય ( યુનિવર્સિટિ ) છે.





આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો.

**બનારસ કાશી** (૨,૦૦,૦૦૦) ગંગા નદીને કિનારે આવેલું છે. હિંદુઓનું તે મોટું જાત્રાનું ધામ છે. નદીને કિનારે કાશી વિશ્વેશ્વરનું દહેરૂં છે. ત્યાંનાં પીતળનાં વાસણ અને જરી કામ વખણાય છે. તેમાં હિંદુ યુનિવર્સિટીની મોટી પાઠશાળા છે.

કાનપુર-(૨,૧૩,૦૦૦),-ગંગા નદીને કિનારે આવેલું ચાલુ જમાનામાં ઉદ્યોગોને લીધે વિકાસ પામેલું શહેર છે. તેમાં સુતર, ઉન અને શણની મીલો છે. અને ચામડાંની વસ્તુઓ બનાવવાનાં અને તંબુ તથા સાકર બનાવવાનાં કારખાનાં છે. તે રેલ્વેનું મોટું જંકશન છે. અને વેપારનું મોટું મથક છે.



કાશીનો દેખાવ ( કાશીવીશ્વેશ્વરનું દહેરૂં )



આગ્રાનો તાજ મહાલ.

**આગ્રા**—(૧,૮૬,૦૦૦ જમના નદીને કિનારે આવેલું જુનું શહેર છે. પહેલાં તેમાં મોગલ બાદશાહોની રાજધાની હતી. તેમાં ઘણાં સુંદર મકાનો આવેલાં છે. અહીં શાહાંજહાંને તાજ મહાલ નામનું મકાન બંધાવેલું છે તે દુનિયાનાં સુંદરમાં સુંદર અને પ્રખ્યાત મકાનોમાંનું એક છે. ત્યાં આરસની વસ્તુઓ સારી થાય છે.

**હરદ્વાર**-ગંગા નદી આ પ્રાંતમાં દાખલ થાય છે તે સ્થળે આવેલું પવિત્ર ધામ છે. **મથુરાં**-(૬૦,૦૦૦) શ્રી કૃષ્ણની જન્મભૂમિ માટે, તેની પાસે આવેલાં **ગોકુળમાં** શ્રી કૃષ્ણ રહેલા તેને માટે અને **વૃંદાવન** (તુળસીનુંવન) તેમાં શ્રી કૃષ્ણે વિહાર કરેલો તેને માટે પવિત્ર જાત્રાનાં સ્થળો છે. **અયોધ્યા** જુનું શહેર છે. રામચંદ્રજી અહીં રાજ્ય કરતા હતા એમ મનાય છે.

**નૈનિતાલ** તેજ નામના સુંદર સરોવર ઉપર આવેલું હવાખાવાનું સ્થળ છે. તે દરિયાની સપાટીથી સાડા છ હજાર ફુટ ઉચું છે. ઉનાળામાં આ પ્રાંતના ગવર્નર અહીં રહે છે. **મસુરી**-ઉત્તરમાં હવાખાવાનું સ્થળ છે.

**દહેરાદુન**-(૨૮,૦૦૦) હવાખાવાનું સ્થળ છે. તેમાં જંગલ ખાતાની મોટી કૉલેજ છે. તે ચાના બગીચાને માટે પ્રખ્યાત છે. **રૂરકી** હરદ્વાર પાસે આવેલું છે. તેમાં એન્જીનિયરીંગ કૉલેજ છે. **અલીગઢ** (૬૫૦૦૦)-મુસલમાનની મોટી કોલેજ છે.

**મિરજાપુર**—શેત્રંજી અને ગાલીચા ને માટે અને લાખ તથા પીતળનાં પત્રાં બનાવવાને માટે પ્રખ્યાત છે.

**ગાજીપુર**—ગુલાબનું અત્તર, ગુલાબ જળ અને અફીણના વેપારને માટે પ્રખ્યાત છે.

**મિરત, બરેલી** અને **ફૈઝાબાદમાં** લશ્કરી છાવણી છે. બરેલીમાં ખાંડ બનાવવાનાં કારખાંનાં છે.

**લખનૌ**—(૨,૪૪,૦૦૦) અયોધ્યા પ્રાંતમાં મોટું શહેર છે. તે પ્રથમ અયોધ્યાના નવાબની રાજધાની હતું. **ઝાંસી** મોટું શહેર છે.

દેશીરાજ્ય—**રામપુર** નામનું મુસલમાની દેશીરાજ્ય છે. તેનું મુખ્ય શહેર **રામપુર** છે. ત્યાંનાં ખેસ દુપટ્ટા અને ચાદર વખણાય છે. બીજું દેશી રાજ્ય **ગઢવાલનું** છે. તેનું મુખ્ય શહેર **તરી** છે.

## કૃતિ.

૧ સંયુક્ત પ્રાંતમાં મુખ્ય પેદાશ કઈ છે તે જણાવો અને તેમાં કયા ભાગમાં નહેરો છે તથા ત્યાં નહેરોની શા માટે જરૂર છે. તે જણાવો.
૨ હિંદુસ્તાનના બધા ભાગ કરતાં આ ભાગમાં મોટાં વધારે શહેરો આવેલાં છે તેનું કારણ શું ?
૩ આ પ્રાંતમાં જાત્રાનાં સ્થળો તથા હવાખાવાનાં સ્થળો કયાં કયાં છે તે જણાવી તે નામો નકશામાં લખો.
૪ કાનપુર, આગ્રા, દહેરાદુન, રૂરકી, અલીગઢ, મિરજાપુર, ગાઝીપુર, મિરત, બરેલી, ફૈઝાબાદ, અને લખનૌ શહેરોનાં નામ નકશામાં લખો અને તે શાને માટે પ્રખ્યાત છે તે જણાવો.
૫ આ પ્રાંતનાં તમે નકશામાં લખેલાં મોટાં શહેરોને રેલ્વેથી જોડીદો.
૬ આ પ્રાંતમાં કયા કયા ઉદ્યોગો ચાલે છે અને તે કયાં છે તે જણાવો.

# મધ્ય પ્રાંત અને વરાડ.

આ પ્રાંત હિંદુસ્તાનના મધ્ય ભાગમાં આવેલો છે. તે ગવર્નરના તાબામાં છે. આ પ્રાંતમાં વિંધ્યાચળ અને સાતપુડા પર્વતો અને તેના ફાંટાઓ આવેલા છે. તેમજ તેનો બીજો કેટલોક ભાગ ઉચ્ચ પ્રદેશ છે તેથી ગરમી વધારે લાગતી નથી. પણ મેદાનમાં તાપ સખત લાગે છે. વરસાદ સારો (લગભગ ૫૦ ઇંચ) પડે છે. વરાડનો ઉચ્ચ પ્રદેશ કાળી જમીનનો હોવાથી ફળદ્રુપ છે અને તેમાં ઉંચા પ્રકારનું રૂ અને ઘઉં પુષ્કળ થાય છે. વળી આ પ્રાંતમાં નર્મદા, તાપી, વર્ધા, પેન ગંગા, વેન ગંગા અને મહાનદી વગેરે નદીઓ આવેલી છે. અહીંના જંગલોમાં સાગ, સાલ, લાખ અને રેશમ થાય છે. મુખ્ય પાક ઘઉં, ડાંગર, કપાસ, અને તેલી બીયાં છે.

આ પ્રાંતમાં રેશમી તથા જરીનાં કપડાં વણવાનો ઉદ્યોગ સારો છે. સુતરની મીલો પણ ઘણી છે.

**ખનિજ**–લોખંડ અને કોલસા છે. નાગપુરની દક્ષિણે વરોરામાં કોલસાની ખાણો છે.

**મુખ્ય શહેર–નાગપુર** (૧,૫૦,૦૦૦) મધ્ય પ્રાંતની રાજધાની અને વેપારનું મોટું મથક છે. તેમાં સુતરાઉ કાપડની ઘણી મીલો છે. અહીંના રેશમી ધોતીજોટા વખણાય છે. તે મુંબાઇથી કલકત્તા જતાં મોટું સ્ટેશન છે.

**બુરાનપુર** (૩૩,૦૦૦) તાપી નદીના કિનારે મોટું શહેર છે. તે રેશમી અને કસબી કાપડને માટે પ્રખ્યાત છે.

**જબલપુર** (૧,૦૯,૦૦૦) જી. આઈ. પી. રેલ્વેમાં જંકશન અને વેપારનું મથક છે. તેની પાસે અમરકંટક પર્વતમાં આરસપાણનો ડુંગર આવેલો છે.




મધ્ય પ્રાંત અને મધ્ય હિંદ એજન્સિ.

**પંચમઢી**-મહાદેવની ટેકરી ઉપર ૩૫૦૦ ફુટની ઉંચાઈએ હવાખાવાનું સ્થળ છે. અહીંના ગવર્નર ઉનાળામાં ત્યાં રહે છે.

**અકોલા** અને **ઉમરાવતી** વરાડમાં રૂના વેપારનાં મોટાં મથકો છે. **વર્ધા, વરોરા** અને **ચાંદા** વર્ધા નદીના ખીણમાં આવેલાં વેપારનાં મથકો છે.

# મધ્યહિંદ એજન્સિ.

મધ્ય પ્રાંતની ઉત્તરે આ એજન્સિ આવેલી છે. તેના ઉપરી અમલદારને એજંટ ટુ ધી ગવર્નરજનરલ કહે છે. તેમાં લગભગ ૧૫૦ દેશી રાજ્યો આવેલાં છે. અહીં લોકો હિંદી ભાષા બોલે છે. આ દેશનો પૂર્વ ભાગ બુંદેલખંડ કહેવાય છે તેમાં પન્નાના રાજ્યમાંથી હીરા નીકળતા હતા અને પૂર્વ સરહદે કોલસા નીકળે છે. આ એજન્સિની જમીન ફળદ્રુપ છે. અને વરાસદ સારો (૪૦ થી ૫૦ ઇંચ) પડે છે. અહીંની **મુખ્ય પેદાશ**—ઘઉં, બાજરી, તમાકુ, અફીણ, કપાસ અને શેરડી છે.

મુખ્ય રાજ્યો ગ્વાલીઅર, ઇંદોર, ભોપાળ, છે. તે સિવાય રેવા, ધાર, રતલામ, પન્ના, અને તહેરી વગેરે નાંનાં રાજ્યો છે.

ગ્વાલીઅર હાલ ગવર્નરજનરલના તાબામાં છે તેના રાજા સિંધિઆ કહેવાય છે.

**મુખ્ય શહેરો**-ગ્વાલીઅર(૭૭૦૦૦) સિંધિઆ સરકારની રાજ્યધાની છે. તેનું બીજું નામ લશ્કર છે. રાજાનો મહેલ જોવા લાયક છે.

**ઉજ્જૈન**—હિંદુઓનું જાત્રાનું સ્થળ છે, તે ગ્વાલીઅરના રાજાના તાબામાં છે. હિંદુસ્તાનના ખગોળ શાસ્ત્રી પહેલું રેખાંશ વૃત આ શહેરથી ગણે છે.

**ઇંદોર**—(૯૨૦૦૦), ત્યાંના રાજા હોલકરની રાજધાનીનું શહેર અને આ એજન્સીનું મુખ્ય શહેર છે. એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ તેમાં રહે છે. તેમાં એક રાજકુમાર કોલેજ છે.

**ભોપાળ**—મુસલમાની રાજ્ય છે. તેની રાજ્યધાનીનું શહેર ભોપાળ છે. ત્યાં બેગમ રાજ્ય કરે છે.

## કૃતિ.

૧ મધ્ય પ્રાંતો અને મધ્ય હિંદ એજન્સિની મુખ્ય પેદાશ અને ખનિજ શી છે તે જણાવી નકશામાં લખો.

૨ વરાડ પ્રાંતની જમીન અને પાક સબંધીની હકીકત જણાવો.

૩ આ પ્રાંતની જંગલોની પેદાશ કઈ છે તે તથા લોકોનો ખેતી સિવાય બીજો ઉદ્યોગ શું છે તે જણાવો.


૪ નાગપુર, બુરાનપુર, જબલપુર, પંચમડી, કટની, ખંડવા, વરોરા, ચાંદા, વર્ધા, ઉમરાવતી, શહેરોનાં નામ નકશામાં લખો અને તે શાને માટે પ્રખ્યાત છે તે જણાવો.

૫ મધ્ય હિંદ એજન્સિમાં આવેલાં મુખ્ય રાજ્યો ક્યાં ક્યાં છે તેનાં નામ નકશામાં લખો.

# રજપુતાના (એજન્સિ)

( રજપુતાના, દિલ્હી, પંજાબ ( અને સિંધ ) સિંધુ નદીના પ્રદેશમાં આવેલા દેશો છે. )

આ પ્રદેશ પંજાબની દક્ષિણે આવેલો છે. તેનો વાયવ્યમાંનો કેટલોક ભાગ રણનો પ્રદેશ છે. વચ્ચે અરવલી પર્વત આવેલો છે. અને બાકીનો ભાગ માળવાના ઉચ્ચ પ્રદેશ પૈકીનો છે જે ઘણો ફળદ્રુપ છે. અહીં થરના રણને લીધે હવા ગરમ રહે છે. અને વરસાદ ઘણો થોડો પડે છે. આ એજન્સિમાં ૨૦ રાજ્યો આવેલાં છે તે પૈકી એક મુસલમાની રાજય છે. આ એજન્સિના ઉપરી એજન્ટ ટુધી ગવર્નર જનરલ છે તે અજમેરમાં રહે છે. અને ઉનાળામાં અરવલ્લીની દક્ષિણમાં તેનું શિખર આબુ (૫૬૫૦) હવા ખાવાનું સ્થળ છે ત્યાં રહે છે. આ પ્રદેશમાં મુખ્ય જનાવર ઉંટ છે. તેનાથી બધો વ્યવહાર ચાલે છે. મુખ્ય પાક બાજરી ઘઉં અને મકાઇ છે. ઘણા લોકો ઢોર ઉપર નીભાવ કરે છે. ફળદ્રુપ જમીનમાં અફીણ, શેરડી, કપાસ વગેરે થાય છે. જયપુર પાસે સાંભર સરોવર ખારા પાણીનું સરોવર છે. તેમાંથી લાખો રૂપીઆનું મીઠું પકવવામાં આવે છે.




રજપુતાના, અજમેર મ્હેરવાડા, દિલ્હી, પંજાબ, કાશ્મીર, અને
વાયવ્ય સરહદના પ્રાંતો

**મુખ્ય રાજ્યો**—**જોધપુર** અથવા **મારવાડનુ** મોટામાં મોટું રાજ્ય પશ્ચિમ તરફ આવેલું છે. તેનું મુખ્ય શહેર **જોધપુર** (૭૩,૦૦૦) છે. (૨) **ઉદેપુર** અથવા મેવાડના રાજ્યની રાજધાની ઉદેપુર છે. ત્યાં રાજાઓ એ પોતાની કુંવરી મુસલમાનને નહી આપેલી હોવાથી તેઓ ઉંચા ગણાય છે. આ રાજ્યની જુની રાજધાની **ચિતોડ** છે જેનો કિલ્લો પ્રસિદ્ધ છે. તેની પાસે વૈષ્ણવોનું જાત્રાનું ધામ **શ્રી નાથજી** આવેલું છે. ચિતોડ પાસે **એકલીંગજીનુ** દહેરૂં છે. (૩) **જયપુરનું** રાજ્ય તેનું મુખ્ય શહેર **જયપુર** છે. (૧,૨૦,૦૦૦) છે. આ શહેરમાં એક સરખા પહોળા રસ્તા અને મકાનો સરખાં બાંધેલાં છે. તે હિંદુસ્તાનનું "પારિસ" ગણાય (૪) **બિકાનેરનું** રાજ્ય તેની રાજધાની બિકાનેર (૭૯,૦૦૦) છે. આ રાજયમાં ઉંટની લશ્કરી ટુકડીઓ છે. તે સિવાય જેસલમીર, ભરતપુર વગેરે બીજાં નાનાં રાજ્યો છે.


# અજમેર—મ્હેરવાડા.

રજપુતાના એજન્સિના મધ્યમાં આ બ્રિટિશ સરકારનો નાનો પ્રાંત આવેલો છે. તેમાં તેની વસ્તી લગભગ પાંચ લાખ માણુસની છે. તેમાં અજમેર અને મ્હેરવાડા એવા બે ભાગ છે. તેના ઉપરી ચીફ કમિશનર છે જે એજન્સિના એજંટ ટુ ધી ગવર્નર જનરલ કહેવાય છે, અને તે અજમેરમાં રહે છે.

**મુખ્ય શહેર**—અજમેર (૧,૧૪,૦૦૦) આ પ્રાંતનું મુખ્ય શહેર છે. તેમાં એજન્સિના એજન્ટ ટુધ ગવર્નર જનરલ અને આ પ્રાંતના ચીફ કમિશનર રહે છે. તેમાં ખાજા પીર સાહેબની દરગાહ છે ત્યાં મુસલમાનોનો મેળો ભરાય છે. તેમાં એક રાજકુમાર કોલેજ છે. અજમેરની પાસે પુષ્કરજીમાં બ્રહ્માની મૂર્તિ છે. તે હિંદુઓનું જાત્રાનું સ્થળ છે.

# દિલ્હી પ્રાંત.

ઈ. સ. ૧૯૧૨ માં દિલ્હી શહેરને હિંદુસ્તાનની રાજધાની બનાવ્યું તે વખતે આ નવો પ્રાંત બનાવવામાં આવ્યો. આ પ્રાંતનું ક્ષેત્રફળ ૫૫૭ ચો. માઇલ એટલે ખેડા જીલ્લાના ત્રીજા ભાગ જેટલું છે. અને વસ્તી લગભગ પોણા પાંચ લાખ માણસની છે. સિંધુ અને ગંગા નદીનાં મેદાનો વચ્ચે તે એક દરવાજા (gate) રૂપે આવી રહેલો છે.



કુતુબ મિનારો, દિલ્હી.


મુખ્ય શહેર-દિલ્હી (૩,૦૩,૦૦૦) ઈ. સ. ૧૯૧૨ થી હિંદુસ્તાનની રાજધાનીનું શહેર જમના નદીને કિનારે આવેલું છે. તે જુનામાં જુનું શહેર છે. જુના વખતમાં પણ તે હિંદુ. મુસલમાન બાદશાહોની રાજધાની હતું. પાંડવોના વખતમાં તે હસ્તિનાપુરના નામથી ઓળખાતું હતું. ગવરનર જનરલ (વાઇસરોય) અહીં રહેછે. આ શહેર દેશના મધ્યભાગમાં આવી રેલ્વેનું મોટું જંકશન છે. કલકત્તા, મુંબાઈ અને કરાંચી અહીંથી લગભગ સરખા અંતરે આવી રેલ્વેથી જોડાયાં છે. તેમાં ઘણી જુની ઈમારતો જોવા લાયક છે. તેમાં જુમા મસજીદ, કુતુબ મિનારો, (૨૩૭ ફૂટ ઉંચો) અને બાદશાહી મહેલો પ્રખ્યાત છે. અહીંની શેત્રંજી તથા માટીનાં વાસણ વખણાય છે.

# પંજાબ.

આ દેશ કાશ્મીરની દક્ષિણે અને રજપુતાનાની ઉત્તરે આવેલો છે. ઝેલમ, ચિનાબ, રાવી, બિઆસ અને સતલજ આ પાંચ નદીઓ ત્યાં વહે છે. તેથી તેનું નામ પંજાબ (પંચ-પાંચ; આબ-પાણી) પડયું છે. આ પ્રાંત ગવર્નરના તાબામાં છે. શીખ લોકોનું મૂળસ્થાન પંજાબ છે. તેઓ શીખ ધર્મ પાળે છે. અહીંની ભાષા પંજાબી અને હિંદી છે. હવા સુકી છે અને શિયાળામાં અતિશય ઠંડી અને ઉનાળામાં અતિશય ગરમી લાગે છે.

આ પ્રાંતમાં વરસાદ ઓછો પડે છે અને તેથી નદીઓમાંથી પુષ્કળ નહેરો બાંધવામાં આવી છે. આટલી બધી નહેરો બીજા કોઈ દેશમાં નથી. આ પ્રાંતનો જમીન સપાટ અને પોચી છે. એટલે નહેરો ઘણી સહેલાઇથી નીકળે છે. અને નદીઓમાં પર્વત ઉપરથી ચોમાસાના વરસાદનું તેમજ ઉનાળામાં બરફ ઓગળીને પુષ્કળ પાણી આવે છે. તેથી આ નહેરોને લીધે ખેતી સારી થાય છે. તેનો મુખ્ય પાક **ઘઉં** છે. જે કરાંચી થઇને ઇંગ્લાંડ જાય છે. કાંગરાની ખીણમાં **ચા** પુષ્કળ થાય છે. તે સિવાય ડાંગર, બાજરી, મકાઇ, તેલીબીયાં, કપાસ, વગેરે થોડા પ્રમાણમાં થાય છે. મુલતાનમાં **રેશમ** થાય છે. સોલ્ટ રેન્જ નામનો મીઠાનો ડુંગર સિંધુ અને ઝેલમ નદી વચ્ચે આવેલો છે તેમાંથી **મીઠું** (સિંધવ) ખોદી કહાડવામાં આવે છે. કાલા બાગ આગળથી **ફટકડી** નીકળે છે. **કોલસા** પણ નીકળે છે.

**મુખ્ય શહેરો**—**લાહોર**(૨,૮૦,૦૦૦) આ પ્રાંતની રાજધાનીનું શહેર રાવી નદી ઉપર આવેલું છે. તે રેલ્વેનું જંકશન છે અને પંજાબ યુનિવર્સિટિનું સ્થળ છે. તેમાં સોનેરી અને રૂપેરી લેસનું કામ સારૂ થાય છે. તે લગભગ છેલાં ૩૦ વર્ષમાં ભાગી પડેલું ફરી વીકાસ પામ્યું.



અમૃતસરનું સુવર્ણ મંદિર.

**અમૃતસર** (૧,૬૦,૦૦૦)-એનો અર્થ ( અમૃત=અમર×સર=સરોવર ) અમર સરોવર થાય છે. તે અમૃતસર નામના તળાવની આસપાસ બંધાવેલું છે. શીખ લોકોનું જાત્રાનું ધામ છે. તેમાં શીખોનું **સુવર્ણ મંદિર** ( ગોલ્ડન-ટેમ્પલ ) છે. તે શાલ ગાલીચા, તથા રેશમી અને સુતરેલ કપડાંને માટે પ્રખ્યાત છે. તે કાશ્મીર, અને અફઘાનિસ્તાનના હિંદુસ્તાન સાથેના વેપારના માર્ગમાં આવેલું હોવાથી તે મોટું શહેર અને વેપારનું મથક બનેલું છે. તેમાં લશ્કરી છાવણી છે.

**મુલતાન** (૮૬,૦૦૦)—લશ્કરી છાવણીનું સ્થળ અને વેપારનું મથક છે. આ શહેર કરાંચી રેલ્વેના રસ્તામાં આવેલું હોવાથી તેની આસપાસથી રૂ, ઘઉં, ઉન વગેરે ઉઘરાવી કરાંચી બંદરે મોકલવામાં આવે છે. **રાવલપીંડી, અંબાલા, મીયાનમીર, શિઆલકોટમાં** લશ્કરી છાવણી છે. વળી ત્યાં ક્રિકેટ રમવાનાં બેટ સારાં બને છે. **લુધિઆણા**-લશ્કરી છાવણી છે. ત્યાંની શાલ, પશ્મા કપડુ અને પાઘડીઓ વખણાય છે.

**સીમલા**-(૭૨૦૦૦ ફુટ ઉચું) હવાખાવાનું સ્થળ છે. ઉનાળામાં વોઈસરોય અહીં રહે છે. તે રેલ્વેનું સ્ટેશન છે અને દિલ્હીથી અંબાલા થઇને ત્યાં જવાય છે. તેની પાસે **કસાવલી**-હડકાએલા જનાવરો કરડેલા દરદીના દવાખાનાને માટે પ્રખ્યાત છે.

**મરી**—હવાખાવાનું સ્થળ છે. રાવળપીંડીથી મોટરમાં ત્યાં જવાય છે.

# કાશ્મીર.

કાશ્મીરનું એક મોટું મિત્ર દેશી રાજ્ય હિંદુસ્તાનની ઉત્તરે આવેલું છે. આ દેશ એક ખીણનો પહાડી પ્રદેશ છે. તે લગભગ ૪૦૦ માઇલ પહોળો છે. તેના પહાડોના શિખરો ઉપર અને નદીઓમાં કેટલીક જગ્યાએ બરફ રહે છે. ઉત્તરે આવેલા કારા કોરમ પર્વતનું મુખ્ય શિખર ગોડવિન ઓસ્ટિન ( ૨૫૦૦૦ ) છે. જે દુનિયાનાં ઉચાં શિખરોમાં બીજે નંબરે છે. આ પર્વતમાં લેહથી ટિબેટ જવાને કારા કોરમ ઘાટ આવેલો છે. મધ્યમાં કાશ્મીરની ખીણથી જાણીતો પ્રદેશ ઘણો ફળદ્રુપ છે. આ રળીઆમણી ખીણ લગભગ ૫૦૦૦ ફુટ ઉંચી, ૧૦૦ માઇલ લાંબી અને અને ૨૫ માઇલ પહોળી છે. તે બારે માસ લીલોતરી વાળી રહે છે અને તેમાં અનાજ અને ફળો સારાં થાય છે. ત્યાંનું કેસર અને ગુલાબનું અત્તર વખણાય છે ત્યાં ડુંગર તરફ ઘાસનાં મેદાનો છે તેમાં ઉત્તમ જાતનાં બકરાંની

પેદાશ ઘણી સારી છે. તેમના ઉનની **શાલો,** અને **પટુ**—હાથવણાટનાં સારાં થાય છે. વળી અહીંની શેત્રંજીઓ પણ વખણાય છે.

અહીં ૩૦ લાખ માણસની વસ્તી છે. તેમાં પોણો ભાગ મુસલમાન છે. અહીંના લોકો ગોરા અને ખુબસુરત છે. અહીંનો રાજા ડોંગરા રજપૂત છે. અને ત્યાં અંગ્રેજ સરકાર તરફથી રેસીડન્ટ રહે છે.

**મુખ્ય શહેર—શ્રીનગર** સુંદર રાજધાનીનું શહેર ઝેલમ નદી ઉપર આવેલું છે. આ નદી શહેરની વચ્ચે થઇને વહે છે અને તેના રસ્તા અને શેરીઓમાં પાણીની નહેરો છે તેથી ત્યાં જવર અવર હોડીઓમાં બેશી ને થાય છે. કાશ્મીરના માહારાજા અને રેસિડેન્ટ તેમાં રહે છે. **જામુ** શહેરમાં મોટી પાઠશાળા છે. કાશ્મીરના મહારાજા શિઆળામાં અહીં રહે છે. ત્યાંના ગાલીચા વખણાય છે.

# વાયવ્ય સરહદનો પ્રાંત.

હિંદુસ્તાનની વાયવ્યમાં પંજાબનો કેટલોક ભાગ કહાડીને આ પ્રાંત ઈ. સ. ૧૯૦૧ માં બનાવવામાં આવ્યો અને તેનું નામ વાયવ્ય સરહદનો પ્રાંત પાડવામાં આવ્યું છે. આ પ્રાંતના ઉપરી ચીફ કમિશનર છે. અહીંના લોકો પઠાણ કહેવાય છે. તેઓ મુસલમાન જાતના છે અને પસ્તુ તથા પંજાબી ભાષા બોલે છે. અહીંની હવા સુકી છે. શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામાં સખત ગરમી પડે છે અને વરસાદ ઘણો ઓછો પડે છે. આ પ્રાંતમાં અફઘાનિસ્તાનમાંથી આવવાનો રસ્તો **ખૈબરઘાટ** આવેલો છે. બીજા દેશોમાંથી આ પ્રાંતમાં થઇને આવવાનો રસ્તો હોવાથી તેમાં ઘણી લશ્કરી છાવણીઓ રાખવામાં આવી છે. **મુખ્ય પાક** ઘઉં વિગેરે અનાજ રૂ, તેલીબીયાં અને મેવો છે.

**મુખ્ય શહેર—પેશાવર** (૯૪,૦૦૦) આ પ્રાંતનું મુખ્ય શહેર ખૈબર ઘાટના માર્ગમાં દરવાજા રૂપે આવેલું છે. તેમાં લશ્કરી છાવણી છે. તે અફઘાનિસ્તાન અને રૂશિઆઇ તુર્કસ્તાનના હિંદુસ્તાન સાથેના વેપારના માર્ગમાં આવેલું છે અને કાબુલ તથા બુખારાથી

વેપારીઓ આ શહેરમાં ત્યાંનો માલ લાવે છે અને તેને બદલે તેમના ઉપયોગની ચીજો કપડાં, ખાંડ, ચા વગેરે લઈ જાય છે.

## કૃતિ

૧ રજપુતાનાની પેદાશ જે હોય તે તે ભાગમાં લખો.
૨ જોધપુર, જયપુર, ઉદેપુર, ચિતોડ, શ્રી નાથજી, બિકાનેર અને અજમેર શહેરો જે તે સ્થળે લખી તેમના સંબંધી જાણવા જેવી હકીકત હોય તે જણાવો.
૩ દિલ્હીથી પેશાવર સુધી રેલ્વે કહાડો અને તેમાં આવતાં મોટાં શહેરો લખી તે સંબંધી જાણવા જેવી હકીકત જણાવો.
૪ દિલ્હી શહેર નકશામાં લખો અને તેની મહત્તા અને આબાદીનાં કારણો જણાવો.
૫ પંજાબની અંદર આટલી બધી નહેરો કેમ કહાડવામાં આવી હશે અને તેથી પાકને કેવી રીતે ફાયદો થાય છે, ત્યાં મુખ્ય પાક કયો છે, અને તેની નીકાસ કયાં કેવી રીતે થાય છે તે જણાવો.
૬ લાહોર, અમૃતસર, મુલતાન, શિઆલકોટ, સિમલા, મરી, કસાવલી (પંજાબમાં), શ્રી નગર, જામુ (કાશ્મીરમાં), અને પેશાવર શહેરોનાં નામ નકશામાં લખો અને તે સંબંધી જાણવા જેવી હકીકત હોય તે જણાવો.


# બલુચિસ્તાન.

આ પ્રાંત સિંધની પશ્ચિમે આવેલો છે. કુદરતી રીતે આ પ્રાંત હિંદુસ્તાનમાં આવેલો નથી પણ તે હિંદુસ્તાનના સામ્રાજ્યનો ભાગ છે. ખરી રીતે તે ઇરાનીયન ઉચ્ચ પ્રદેશનો ભાગ છે. આ પ્રાંતનો ઉત્તર ભાગ બ્રિટિશ સરકારના તાબામાં છે અને તે બ્રિટિશ બલુચિસ્તાન કહેવાય છે. તેના ઉપરી ચીફ કમિશનર છે અને તે ત્યાંનાં બીજાં દેશી રાજ્યો (એજન્સિ)ના એજંટ ટુ ધી ગવર્નર જનરલ કહેવાય છે. તે સિવાય ખિલાતના રાજાનું રાજ્ય છે. તેના રાજા ખાન કહેવાય છે અને તે બ્રિટિશ સરકારના તાબામાં છે.

લોકો બલુચિ (આર્ય) છે, તે મુસલમાની ધર્મ પાળે છે અને બલુચિ ભાષા બોલે છે. તેની અને સિંધની વચ્ચે ખિરથાર પર્વત અને તેની અને પંજાબની વચ્ચે સુલેમાન પર્વત આવેલા છે. ક્વેટા પાસે થઈને અફઘાનિસ્તાનમાં જવાનો **બોલનઘાટ** આવેલો છે. આ પ્રાંત મોન્સૂનની બહારનો પ્રદેશ છે. અને તેથી ઘણોજ થોડો (નહી જેવો) વરસાદ પડે છે. અહીં શિયાળામાં ઘણી ઠંડી અને ઉનાળામાં ઘણી ગરમી પડે છે. કરાંચીથી નીકળેલી રેલ્વે રૂક, જેકોબાબાદ, ખૈબર ઘાટ અને ક્વેટા થઇ ચમન સુધી જાય છે અને ક્વેટાથી બીજો ફાંટો નુસ્કી થઈ છેક ઇરાનની સરહદે ડઝડપ સુધી જાય છે.

**મુખ્ય શહેર-ક્વેટા** (૪૯,૦૦૦) બોલન ઘાટના નાકા ઉપર બ્રિટિશ બલુચિસ્તાનનું મુખ્ય શહેર અને ચીફ કમિશનરને રહેવાનું તથા લશ્કરી છાવણીનું સ્થળ છે.

**ખિલાત**-ખાનની રાજધાનીનું શહેર છે.




## કૃતિ.

ક્વેટા, બોલનઘાટ, ખિલાત, ડઝડપ, અને ખિરથારનાં નામ નકશામાં લખો અને કરાંચીથી ક્વેટા અને ત્યાંથી ડઝડપ સુધી રેલ્વે દોરો.

# સ્વતંત્ર રાજ્યો.


**નેપાળ અને ભુતાન**—આ બંને સ્વતંત્ર રાજ્યો છે. પણ તેમણે અંગ્રેજ સરકાર જોડે સલાહ કરેલી છે. અને તેમાં અંગ્રેજ સરકાર તરફથી રેસિડન્ટ રહે છે. આ એક પહાડી પ્રહાડી પ્રદેશ છે અને તેમાં ઉચા પર્વતો અને ઉડી ખીણો આવેલી છે. નેપાળ હિમાલયની સરહદે ૫૦૦ માઈલ લાંબો આવેલો છે. વળી તેમાં હિમાલયનાં ઉંચા શિખરો એવરેસ્ટ, ગૌરીશંકર અને ધવલગિરી આવેલાં છે. આ દેશોનો ઉત્તર ભાગ તે હિમાલયની તળેટીમાં આવેલું તેરાઇનું જંગલ છે. આ દેશની વસ્તી ૪૦ લાખ માણસની છે. તેઓ ગુરખા કહેવાય છે. તેઓ મોંગોલ જાતના છે અને ઘણા બળવાન તથા શૂરવીર હોય છે. અને તેઓ બોધ ધર્મ પાળે છે. નેપાળનું મુખ્ય શહેર **ખટમંડુ** છે. તે ફળદ્રુપ ખીણમાં આવેલું છે તેમાં રેસીડન્ટ રહે છે. ભુતાનની રાજધાની **પુનાખા** છે. ભુતાનના રાજાને ૫૦ હજાર રૂપીઆનું સાલીઆણું બ્રિટિશ સરકાર તરફથી મળે છે.

**મુખ્ય પેદાશ**—દક્ષિણ ભાગમાં ખેતી સારી થાય છે. મુખ્ય પેદાશ-ડાંગર, બાજરી, તમાકુ, તેલી બીયાં, ઉન, મીણ અને કસ્તુરી છે. જંગલમાં સાગ અને સીસમનાં ઝાડ ઘણાં છે. ત્યાં કસ્તુરી મૃગ નામનું જનાવર થાય છે. તેમની ડુંટીમાંથી કસ્તુરી નીકળે છે. વળી વનગાય નામના જનાવરના વાળની ચમરીઓ થાય છે. તેમજ બકરાંના વાળનું ઉન અને મીણની પેદાશ સારી છે.

## બ્રહ્મદેશ.

હિંદુસ્તાનની પૂર્વે આ દેશ આવેલો છે. હિંદુસ્તાન અને બ્રહ્મદેશની વચ્ચે ઉંચા પર્વતો આવેલા છે તેથી તે કુદરતી રીતેજ જુદો પડે છે. તેથી તે હિંદુસ્તાનનો ભાગ નથી પણ હિંદુસ્તાનના સામ્રાજ્યનો ભાગ છે. ક્ષેત્રફળ બે લાખ ચોત્રીસ હજાર ચો. મૈલ

છે અને વસ્તી એક કરોડ બત્રીસ લાખ માણુસની છે. તેઓ મોંગોલિઅન જાતના છે જે ચીના લોકોને મળતા છે અને બ્રહ્મી કહેવાય છે. તેઓ બૌદ્ધ ધર્મ પાળે છે. અને બ્રહ્મી ભાષા બોલે છે. આ દેશમાં સ્ત્રીઓને ઘણી સ્વતંત્રતા છે, તેથી તે “ સ્ત્રિયા રાજ્ય ” કહેવાય છે. દુકાનોમાં ઘણે ભાગે સ્ત્રીયો જોવામાં આવે છે. આ દેશની હવા ભેજવાળી અને ગરમ છે. દક્ષિણમાં વરસાદ પુષ્કળ પડે છે. ઉત્તરનો પ્રદેશ સુકો છે અને મધ્યમ વરસાદ પડે છે.




**કિનારો**—આ દેશનો કિનારો ખાંચા વાળો છે. કિનારાપર મુખ્ય બંદર રંગુન, ભૂશિર નિગ્રેસ, મરગુઇ દ્વીપોનો સમુહ તથા

બંગાળાના ઉપસાગરમાં **આંદામાન** અને **નિકોબાર** દ્વીપો આવેલા છે. દેશનિકાલની સજા થએલા કેદીઓને આંદામાન મોકલવામાં આવે છે. તેનું મુખ્ય શહેર **પોર્ટબ્લેર** છે.

**પર્વતો**—આ દેશમાં પર્વતોની હારો ઉત્તર દક્ષિણ આવેલી છે. પશ્ચિમ તરફની હાર આરાકાનયોમા અને પૂર્વ તરફની હાર પેગુયોમા કહેવાય છે. "યોમા" એટલે પર્વત. પૂર્વ તરફ **શાન**ની ટેકરીઓ છે.

**નદીઓ**—મુખ્ય નદીઓ **ઈરાવદી, સાલ્વીન** અને **સિતાંગ** છે. આ નદીઓ ઘણી અગત્યની નથી. ઈરાવદી નદીમાં મુખથી ૧૦૦૦ માઈલ સુધી એટલે ભામો શહેર સુધી વહાણો ફરી શકે છે.


**પેદાશ**—મુખ્ય પાક **ચોખાનો** છે. તે પુષ્કળ થાય છે, અને તેનો મોટો ભાગ પરદેશ જાય છે. તે સિવાય **સાગ, રબર,** કપાસ, અનાજ, તમાકુ વગેરે છે. ઈરાવદીની પાસેના પ્રદેશમાંથી **અંબર,** માંડલેની ઉત્તરની ટેકરીઓમાંથી માણેક અને નદીની ખીણમાંથી **કેરોસીન** અને **કોલસા** નીકળે છે. માંડલેમાંથી સફેદ **આરસ** અને ટીનાસરીમમાંથી **કલઈ** નીકળે છે.

**નિકાસ**—ચોખા, કેરોસીન, કલઈ અને ઈમારતી લાકડું છે. આ દેશમાંથી દર વર્ષે લગભગ ૩૦ કરોડ ગેલન કેરોસીન નીકળે છે.

**હુન્નર ઉદ્યોગ**-તેઓ ઘંટ બનાવવામાં, ઢોળ ચડાવવામાં હોંશિયાર છે. અને રેશમી કાપડવણવાનો, અને બીડીઓ (સિગાર) બનાવવાનો ઉદ્યોગ સારો ચાલે છે.

**મુખ્ય શહેર**—**રંગુન** (૩,૪૨,૦૦૦) રાજધાનીનું શહેર અને હિંદુસ્તાનમાં ત્રીજા નંબરનું બંદર છે. તેમાં બૌદ્ધધર્મનું મોટામાં મોટું **પેગોડા** (મંદિર) છે. તે ૩૨૦ ફુટ ઉંચું છે. બ્રહ્મદેશનો બધો વેપાર આ બંદર મારફત ચાલે છે. આ બંદરેથી ચોખા અને સાગનો ઘણો મોટો જથ્થો પરદેશ જાય છે. આ ધમધોકાર વેપારને લીધે ત્યાં વસ્તી એકદમ ઘણી વધી ગઈ છે. અને શહેર ઘણું વિકાસ

પામ્યું છે. અહીં હિંદુસ્તાન તથા ચીનના ઘણા લોકો વેપાર માટે આવીને રહેલા છે.



રંગુનનું પેગોડા.

**માંડલે**—(૧,૪૯,૦૦૦) ઇરાવદ્દી નદીની ખીણમાં આવેલું છે તે જુના વખતનું ત્યાંની રાજધાનીનું શહેર છે. તેની ઉત્તરે માકણેની ખાણો તથા તેની આસ પાસના પ્રદેશમાં કેરોસીનના ઘણા કુવા અને કલઈની ખાણો છે. **આવા** માંડલેની પહેલાં રાજધાનીનું શહેર હતું, **બાસીન** ઇરાવદ્દી નદીના મુખ આગળ બંદર છે. આ બંદરેથી ચોખા પરદેશ ચડે છે. **ટેવૉય** ટિના સરીમમાં શહેર છે તેની આસ પાસથી પુષ્કળ કલઇ નીકળે છે.

**આકિયાબ**—સારૂ બંદર છે પણ તેની આસ પાસ સારી દ્રવ્ય ભૂમિ નથી તેથી મહત્વનું નથી. **માર્તાબાન** અને **મુલમેન** બીજાં બંદરો છે ત્યાંથી સાગ વગેરે લાકડાં ચડે છે.

## કૃતિ.

૧ બ્રહ્મદેશ હિંદુસ્તાનથી કુદરતી રીતે છુટો પડી જવાનું કારણ શું તે તથા બંન્ને દેશ વચ્ચે રેલ્વેનો સંબંધ કેમ નથી તે જણાવો.
૨ બ્રહ્મદેશમાં અનાજની તથા ખનિજની મુખ્ય પેદાશ કઇ છે તે જણાવી નકશામાં તે નામો લખો.
૩ બ્રહ્મદેશનાં બંદરોનાં નામ નકશામાં લખો અને રંગુન બંદરેથી કયો માલ પરદેશ જાય છે તે જણાવો.
૪ બ્રહ્મદેશના કિનારે આવેલી ભૂશિર, અને દ્વીપોનાં નામ લખો. અને આંદામાન વિશે શું જાણો છો તે જણાવો.
૫ બ્રહ્મદેશની આબો હવા અને વરસાદની હકીકત જણાવી કયા ભાગમાં કેટલો વરસાદ પડે છે તે તેમાં લખો.
૬ આ દેશના લોકો તેમની ભાષા, ધર્મ અને હુન્નર ઉદ્યોગ વિષે જે જાણતા હો તે લખો.

# સિલોન. (લંકા)

સિલોન બેટ હિંદુસ્તાનની દક્ષિણે હિંદી મહાસાગરમાં આવેલો એક મોટો ટાપુ છે. તે હિંદુસ્તાનને લગતો છે પણ તે હિંદુસ્તાનના વાઈસરોયના તાબામાં નથી. તે અંગ્રેજ સરકારની સીધી દેખરેખ નીચે છે અને તેમના તરફથી ત્યાં ગવર્નર નીમવામાં આવે છે. તેને મદદ કરવા કારોબારી મંડળ ( એકઝીક્યુટિવ કાઉન્સિલ ) નીમેલું હોય છે તેની મદદથી રાજવહીવટ ચલાવે છે. તે માનારના અખાત અને પાકની સામુદ્રધુનિથી હિંદુસ્તાનથી જુદો પડે છે. ( તેનું ક્ષેત્રફળ ૨૫૦૦૦ ચો. મૈલ અને વસ્તી ૪૫ લાખ માણસની છે.)

અહીંની વસ્તીનો ઘણો ભાગ સિંહાલી લોકોનો છે અને તેથી તેને **સિંહલદ્વીપ** પણ કહે છે. કેટલાક ભાગમાં તામીલ લોકો વસે છે. તેઓ સિંહાલી અને તામીલ ભાષા બોલે છે અને બૌદ્ધ ધર્મ પાળે છે.

આ ટાપુનો દક્ષિણનો મધ્ય ભાગ પહાડી છે. તેની આસ પાસનો અને ઉત્તરનો ભાગ મેદાનનો છે. તેમાં ઘણાં જંગલો આવેલાં છે. અહીંની હવા ગરમ અને ભેજવાળી છે. પણ સમુદ્ર પાસે હોવાથી અતી ગરમી લાગતી નથી. અને સમધાત રહે છે. અહીં નૈરૂત્યનો અને ઇશાનનો બંન્ને પવન વરસાદ લાવે છે અને લગભગ બારે માસ વરસાદ પડે છે. નૈરૂત્યનો અને ઈશાનનો બંન્ને પવન વરસાદ લાવે છે અને લગભગ બારે માસ વરસાદ પડે છે. નૈરૂત્યનો પવન અહીં પ્રથમ વરસાદ લાવે છે અને પછી તે હિંદુસ્તાન તરફ જાય છે. આ ટાપુપર ઘણા ભાગમાં ૫૦ થી ૨૦૦ ઇંચ વરસાદ પડે છે.

**મુખ્ય પદેશ**–ટેકરીઓ ઉપર ચા, બુંદ અને સિંકોના થાય છે દરિયા કિનારે **નાળીએરી**નાં પુષ્કળ ઝાડો થાય છે તેમને ત્યાંની ખારી રેતાળ જમીન માફક આવે છે તે સિવાય મેદાન અને જંગલમાં **ચોખા**, નાળિએરી, સોપારી, **રબર** અને **તજ** થાય છે. ખનિજમાં પ્લંબેગોની ખાણો છે. અને મનારના અખાતમાંથી **મોતી** નીકળે છે.

**નિકાસ**—નાળિએર, ચહા, રબર, કોપ્રી, તજ, સોપારી, અને પ્લંબેગો છે. **પ્રાણી**–જંગલોમાં ચિત્તા, હાથી, જંગલી ભેંસ અને ડુકર, રીંછ, હરણ, અને ઘણી જાતનાં વાંદરા છે.

**કોલંબો**–(૧૫૮૦૦૦) રાજધાનીનું શહેર અને બંદર છે. આ બંદરેથી ચા, રબર, કોપરેલ, અને તેજાનો પરદેશ જાય છે. ચાલુ જમાનાના વ્યાપારને માટે યુરોપ અને ચીન, જાપાન, તથા ઓસ્ટ્રેલિઆ વચ્ચે જતી આવતી સ્ટીમરોને કોલસા લેવાનું સ્થળ અને મહત્વનું બંદર છે. **જાફના** ઉત્તરમાં હિંદુસ્તાન સાથેના વેપારનું બંદર છે. **ત્રિંકોમાલી** અને **ગાલી** બીજાં બંદરો છે. **કાંડી** મધ્યભાગમાં જુનુ **માલદ્વીપ** રાજધાનીનું શહેર છે. (હજારટાપુ) પશ્ચિમે પરવાળાના ટાપુ છે. તેમાં મુસલમાન રાજા છે અને તે સલોનના ગવર્નરને તાબે છે. તેની વસ્તી મુસલમાન લોકોની છે.

અને તેની મુખ્ય પેદાશ અને નિકાસ નાળિએર છે. રામેશ્વર અને સિલોન વચ્ચે રામનોસેતુ છે. (વધુ હકીકત માટે જુઓ પાન ૯)

## કૃતિ.

૧ સિલોનના ભૂપૃષ્ટ તથા આબોહવા, વરસાદ અને લોકો સંબંધી જે જાણુતા હો તે લખો.

૨ કોલંબો ચાલુ જમાનામાં અગત્યનું શાથી છે તે જણાવો.

૩ સિલોન તથા માલદ્વીપની પેદાશ તથા નીકાસ શીછે તે જણાવો.

## સને ૧૯૨૯ ની વર્નાકયુલર ફાઇનલ પરિક્ષાના હિંદુસ્તાને લગતા પ્રશ્નો અને તેના જવાબ કયા પાનમાં છે તે પાન

પ્ર.૧ હિંદુસ્તાનનો રૂપરેષા નકશો દોરો અને તેમાં (अ) બ્રિટિશ પ્રાંતો અને દેશી રાજ્યો દોરી તેમનું દરેકનું મુખ્ય શહેર લખો. (જવાબ પાન ૬૯–૭૧)

(ब) નહેરોવાળા પ્રદેશો બતાવો ? (જવાબ પાન ૨૧.)

પ્ર.૨ આબોહવાનાં મુખ્ય કારણો આપી સમજાવો. (પાન ૨૫)

પ્ર.૩ (अ) હિંદુસ્તાનમાં કઈ કઈ મુખ્ય રેલ્વે લાઇનો છે અને તે કયાંથી કયાં સુધી આવેલી છે તથા તેથી દેશને શા ફાયદા થએલા છે તે જણાવો. (પા. ૫૭)

(ब) એક મુસાફર કોલંબોથી પેશાવર ટુંકામાં ટુંકે માર્ગે જવા ઇચ્છે છે તો તે માર્ગ કયાં કયાં મુખ્ય સ્થળોએ થઇને જશે તે સમજાવો ? (પા. ૫૭-૫૯)

## ખેતીવાડી વર્ગ માટેના.

પ્ર.૧ હિંદુસ્તાનમાં પડતા વરસાદનો નકશો દોરો. (પા. ૩૦)

પ્ર.૨ ઘઉં, ડાંગર તમાકુ, શેરડી અને બાજરી હિંદના કયા ભાગોમાં વધારે થાય છે તે કારણો સાથે લખો. (પા. ૩૬ થી ૩૯)

પ્ર.૩ હિંદના મુખ્ય ઉદ્યોગો કયા છે ? તે પૈકી નીચે જણાવેલાં સ્થળોએ કયા ઉદ્યોગ ચાલે છે, તે કારણ સાથે જણાવો. મુંબાઈ, કલકત્તા, જમસેદપુર, કાનપુર અને ધારીવાલ. (પા. ૫૨)

પ્ર.૪ હિંદના કયા ભાગમાં વધારે નહેરો છે ? જો એટલા પ્રમાણમાં ત્યાં નહેર ન હોત, તો ત્યાંની ખેતી પર શી અસર થાત તે લખો ? (પાન ૨૧)

---

## કન્યાઓની વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા ૧૯૨૯

પ્ર.૧ તમારી જગાએથી પેશાવર જવાના માર્ગનું વર્ણન કરો, અને રસ્તામાં જે જાણવા લાયક સ્થળ આવે તેની હકીકત લખો ? (પા. ૫૭)

પ્ર.૨ જમસેદપુર, કંદહાર, આગ્રા, રંગુન, સીમલા, કોલંબો, પેશાવર, કરાંચી એ સ્થળો કયાં આવેલાં છે અને તે સબંધી તમે શું જાણો છો ?

પ્ર.૩ આપણા દેશમાં થતી ખેતીની પેદાશ નકશામાં બતાવો. ( પા. ૩૭-૩૮ )

પ્ર.૪ વિલાયતથી આપણે ત્યાં મુખ્યત્વે શું શું આવે છે અને આપણા દેશમાંથી કયો માલ પરદેશ મોકલવામાં આવે છે તે જણાવો ? (પાન ૫૬)

પ્ર.૫ નીચેની બાબતનો કારણ સહિત ખુલાસો કરો:—

(अ) બંગાળામાં વસ્તી વધારે હોવાનું શું કારણ છે ? (પા. ૪૮)

(ब) સિંધમાં કેમ ઘણો ઓછો વરસાદ પડે છે ? (પા. ૩૧)

(क) આસામમાં ચ્હા કેમ વધારે થાય છે ? (પા. ૩૯)

(ड) ઉત્તર હિંદુસ્તાનમાં રેલ્વે કેમ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે ? (પા. ૪૮)

(इ) દિલ્હીમાં તાપ કેમ વધારે લાગે છે ? (પા. ૨૭)

## પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ.

## વર્ષ પહેલું અને બીજું ૧૯૨૯

પ્ર.૧ હિંદુસ્તાનનો નકશો દોરી તેની સપાટીનો ખ્યાલ નકશામાં આપી ઉપરથી હિંદના કુદરતી વિભાગો કયા કયા પડે છે તે જણાવો ? ( પા. ૫ )

પ્ર.૨ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વરસાદ કેટલો પડે છે તે લખો અને તેની ભિન્નતાનાં કારણો જણાવો ? (પા. ૩૦)

પ્ર.૩ મોન્સુન એટલે શું તે સમજાવો ? ( પા. ૨૯ )

# મિડલ હાઇ અને સ્પેશિયલ સ્કુલ માટે સ્કૉલરશિપ

## પરીક્ષા ૧૯૨૯

પ્ર.૧ મુંબાઈ ઇલાકામાં અંગ્રેજ સરકાર રાજ્ય વહીવટ કેવી રીતે ચલાવે છે તે ટુંકામાં લખો. (પા. ૬૯–૭૦)

પ્ર.૨ મુંબાઈ અથવા અમદાવાદની હાલની આબાદીનાં કારણો આપો. (પા. ૧૦, ૭૩, ૭૫)

પ્ર.૩ હિંદુસ્તાનમાં કઇ કઇ ભાષાઓ બોલાય છે ને તે ક્યાં ક્યાં બોલાય છે તે હિંદુસ્તાનનો નકશો દોરી બતાવો. (પા. ૪૯)

પ્ર.૪ આપણા દેશમાં ઘઉં, ડાંગર, કપાસ, તમાકુ અને શેરડીનો પાક વિશેષ કરીને કયા કયા ભાગમાં થાય છે? અને ત્યાં ત્યાં એ વિશેષ થાય છે તેનું કારણ શું? (પા. ૩૭-૩૮)

પ્ર.૫ હિંદુસ્તાનનો અંગ્રેજી રાજ્યવહીવટ ટુંકામાં સમજાવો. પા.૬૮-૭૦

## મુંબાઇ યુનિવર્સિટી મેટ્રીક પરિક્ષા ૧૯૨૯

પ્ર.૧ હિંદુસ્તાનનો નકશો દોરો અને મુંબાઇ, કરાંચી, કવેટા, પેશાવર, કલકત્તા અને મદ્રાસ, એ શહેરો દિલ્હી સાથે રેલ્વેમાર્ગ દ્વારા કેવી રીતે જોડાએલાં છે તે તેમાં બતાવો? (પા. ૫૭)

પ્ર.૨ હિંદુસ્તાનમાં તેના બીજા પ્રાંતો કરતાં સિંધ અને પંજાબમાં ખેતીકામને માટે વધારે નહેરો છે તે કારણો આપી સમજાવો? (પા. ૨૧ પા. ૧૦૩)

પ્ર.૩ હિંદુસ્તાનના બીજા ભાગો કરતાં ગંગા નદીના મેદાનમાં વધારે ઘીચ વસ્તી છે, તે કારણો આપી સમજાવો? (પા. ૪૮)

## જુથ ૨

પ્ર.૪ હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વરસાદ અને ખેતીની પેદાશ ઉપર નૈઋત્ય અને ઇશાની પવનો (મોન્સૂનના પવનો)ની શી અસર થાય છેતે જણાવો ? (પા. ૨૯)

પ્ર.૫ પેશાવરની ભૌગોલિક સ્થિતિને લીધે કેવી રીતે અગત્યતા વધી છે તે જણાવો ? (પા. ૧૦૫)

પ્ર.૬ લંન્ડન–કરાંચી વચ્ચેના **વિમાન માર્ગ** વિષે જે જાણતા હો તે જણાવો. (પા. ૬૦–૬૧ **નકશા સાથે**)

પ્ર.૭ મુંબાઈ, કલકત્તા અને રંગુન, એ શહેરોની મુખ્ય નિકાશની ચીજો જણાવો અને એ ચીજોના પ્રકારમાં જે ફેર માલમ પડે છે તેનાં કારણો આપો. ( પા. ૧૦–૧૧ **તેની દ્રવ્ય ભૂમિના નકશા સાથે** )

## ૧૯૨૮

પ્ર.૮ હિંદુસ્તાનનો નકશો દોરી તેમાં કોલસાની ખાણો અને લોખંડ, સુતર અને ઉનનાં કારખાંનાંના પ્રદેશ બતાવો. (પા. ૪૪, ૩૭)

પ્ર.૯ ચોખા, કપાસ, અને ચાને કેવાં હવા, પાણી અને જમીન જોઈએ તે જણાવો. (પા. ૩૮)

પ્ર.૧૦ શહેરની આબાદી થવાનાં મુખ્ય કારણો કયાં છે તે જણાવો અને મુંબાઇ એક માછી લોકોનુ નાનુ ગામડું હતું તે વેપાર ઉદ્યોગનુ મોટું મથક શી રીતે બન્યું તે લખો. (પા. ૧૦–૧)

પ્ર.૧૧ કરાંચી થોડો વરસાદ પડે છે અને કલકત્તામાં વધારે વરસાદ પડે છે તેનું કારણ સમજાવો. (પા. ૨૯–૩૧)

## વધારાના પ્રશ્નો.

હિંદુસ્તાનમાં જંગલો કયાં કયાં આવેલાં છે ? ( પા. ૫ ). ૨. હિંદુસ્તાનના સામ્રાજયમાં કયા કયા દેશોનો સમાવેશ થાય છે ? ( પા. ૫ ). ૩ દેશને લગતા દરિઆ કિનારાથી શો લાભ થાય છે અને હિંદુસ્તાનનો દરિઆ કિનારો કેવો છે ? (પા. ૬). ૪. રામનો-સેતુ કોને કહે છે ? ( પા. ૭ ). ૫. પરવાળાનાં ટાપુ કોને કહે છે અને તે કયા છે ? ( પા. ૮ ). ૬. ખાડું એટલે શું ? (પા. ૯). ૭. હિંદુસ્તાનનાં મુખ્ય બંદરોની દ્રવ્ય ભૂમિ નકશો દોરી બતાવો અને તેમાં કયા દેશો આવેલા છે તથા તેની શી પેદાશ અને નીકાશ છે તે જણાવો ? ( પા. ૧૦ નકશા સાથે ). ૮. હીમનદી એટલે શું ? (પા. ૧૩ ટીપ). ૯. જળક્ષેપક એટલે શું ? (પા. ૧૫). ૧૦. ડેલ્ટા એટલે શું ? ( પા. ૧૮ ટીપ ). ૧૧. સુંદરવન કોને કહે છે અને તે નામ શાથી પડયું ? ( પા. ૧૯ ). ૧૨. સક્કર યોજના એટલે શું ? ( પા. ૩૮ ). ૧૩. કાવેરીના ધોધવિશે શું જાણો છો ? ( પા. ૨૦ ). ૧૪. દક્ષિણ હિંદુસ્તાનનો ભાગ કોને કહે છે ? ( પા. ૨૦ ). ૧૫. દરિઆઇ નહેરો ( Back waters ). વિશે શું જાણો છો ? ( પા. ૨૨ ). ઘીચ વસ્તી હોવાનાં તથા આછી વસ્તી હોવાનાં કારણો આપો ? ( પા. ૪૮ ) પેરીઆર યોજના વિશે શું જાણો છો ( પા. ૭૯ ). હિંદુસ્તાનનું પારિસ કોને કહે છે ? ( પા. ૧૦૧ ) કાશ્મીરના મુખ્ય શહેર શ્રીનગરને હિંદુસ્તાનનું વેનીસ કહે છે તેનું કારણ શું ? ( પા, ૧૦૫ ).